# શ્રી શત્રુંજય તીર્થ,

## અભિષેક અને ઋષભદેવ



- આચાર્ય યશોદેવસૂરિ

શ્રી મુક્તિકમલ જૈન મોહનમાળા પુષ્પ-૯૪

# તીર્થ શત્રુંજય, અભિષેક અને શ્રી ઋષભદેવ

卐

એક સુંદર અને આકર્ષક પુસ્તિકા

૧. જેમાં નવી જ દૃષ્ટિથી લખાએલો શત્રુંજય તીર્થનો અભૂતપૂર્વ અભિનવ પરિચય,

૨. અભિષેકને લગતી વ્યાપક અને વિસ્તૃત આકર્ષક રસપ્રદ માહિતી,

૩. યુગાદિદેવ શ્રી ઋષભદેવ ભગવાનનો પરિચય અને એમના યુગની ઐતિહાસિક આકર્ષક વિગતો તથા

શત્રુંજયતીર્થ સાથે સંબંધ ધરાવતી નાની મોટી અનેક હકીકતોથી સભર.

*

પ્રત્યેક જૈન આ નાનકડી પુસ્તિકા એકવાર જરૂર વાંચે.

*

લેખક-આચાર્ય શ્રી યશોદેવસૂરિજી

વિ. સં. ૨૦૪૯ આવૃત્તિ બીજી સન્ ૧૯૯૩

કિંમત રૂા. ૧૨=૦૦

શત્રુંજયના મહાઅભિષેકનો દિન
પોષ સુદિ-૬, તા. ૨૩-૧૨-૯૦

## ઋષભદેવ-આદિનાથ ભગવાનની સ્તુતિઓ

૧. ભક્તામર-પ્રણત-મૌલિમણિપ્રભાણા-
મુદ્યોતકં દલિત-પાપ તમોવિતાનમ્;
સમ્યક્ પ્રણમ્ય જિનપાદ યુગં યુગાદા-
વાલંબનં ભવજલે પતતાં જનાનામ્.

૨. તુભ્યં નમઃ ત્રિભુવનાર્તિહરાય નાથ!
તુભ્યં નમઃ ક્ષિતિતલામલ ભૂષણાય;
તુભ્યં નમઃ ત્રિજગતઃ પરમેશ્વરાય,
તુભ્યં નમો જિન! ભવોદધિશોષણાય.

૩. આદિમં પૃથિવીનાથં, આદિમં નિષ્પરિગ્રહમ્;
આદિમં તીર્થનાથં ચ, ઋષભ સ્વામિનં સ્તુમઃ.

પ્રકાશક—

**શ્રી મુક્તિકમલ જૈન મોહનમાળા**

ઠે રાવપુરા, કોઠીપોળ, મંછાસદન,
વડોદરા (ગુજરાત)

— અન્ય પ્રાપ્તિસ્થાનો —


* જૈન સાહિત્યમંદિર, પાલીતાણા-૩૬૪૨૭૦
* સુઘોષા કાર્યાલય, પાલીતાણા

પ્રથમ આવૃત્તિ વિ. સં. ૨૦૪૭, ઇ. સન્ ૧૯૯૧
બીજી આવૃત્તિ વિ. સં. ૨૦૪૯, ઈ. સન્ ૧૯૯૩

નકલ-૨૦૦૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થીગૃહ, સોનગઢ-૩૬૪૨૫૦

## તીર્થાધિરાજ પ્રથમ તીર્થંકર ભગવાન શ્રી ઋષભદેવ
## સુપ્રસિદ્ધ નામ ભગવાન શ્રી આદિશ્વર




**મૂર્તિમંદિર પરિચય**–પરિકર વિનાની આ મૂર્તિની પ્રતિષ્ઠા વિ સં. ૧૫૮૭, વૈશાખ વદિ છઠ્ઠના રોજ થઈ છે. મૂર્તિ ભરાવનાર ચિતોડના કર્માશાહ અને પ્રતિષ્ઠા કરાવનાર શ્રી વિદ્યામંડનસૂરિજી છે. પ્રતિષ્ઠા પછી પરિકરની સ્થાપના ૮૩ વર્ષ પછી વિ. સં. ૧૬૭૦માં કરવામાં આવી છે, તેની પ્રતિષ્ઠા તપાગચ્છીય આ. શ્રી વિજય દેવસૂરિજીએ કરી છે. અત્યારનું પાષાણમંદિર એ કાષ્ઠમંદિર દૂર કરીને સં. ૧૨૧૩માં ગુજરાતના મંત્રી શ્રીબાહડે બંધાવ્યું છે.

—જૈન સાહિત્યમંદિર, પાલીતાણા

# બીજી આવૃત્તિ અંગે કંઈક

આ પુસ્તક સં. ૨૦૪૭ માં પ્રસિદ્ધ થયા બાદ ઝડપથી તેની નકલો ખપી ગઈ અને તેની માગણીઓ ચાલુ રહી. આ બીજી આવૃત્તિ જલદી છપાવવાની તીવ્ર ઈચ્છા હોવા છતાં પ્રેસમાં ઊભી થએલી મુશ્કેલીના લીધે ઘણાં સમય સુધી આ કામ મુલતવી રહ્યું તેથી વિલંબ થયો છે.

આ આવૃત્તિમાં શત્રુંજયતીર્થ અંગેની કેટલીક વિશિષ્ટ બાબતો અને અન્તમાં મારા કેટલાક સામાન્ય વિચારો દર્શાવ્યા છે.

આ પુસ્તિકા છપાવવામાં શાસ્ત્ર અને ઇતિહાસ વિરુદ્ધ તથા અન્ય કંઈપણ અનુચિત લખાયું હોય તો તે અંગે ક્ષમા માગી લઉં છું. જાણકાર વાચકો ક્ષતિઓ અંગે ધ્યાન ખેંચશે તો તેમનો આભારી બનીશ.

*　　　*　　　*

## કંઈક પ્રાસ્તાવિક–આવૃત્તિ પહેલી

આ પુસ્તિકાને વિશેષ પ્રસ્તાવનાની જરૂર નથી. કેમકે આખી પુસ્તિકા પ્રસ્તાવના જેવી જ છે, છતાં આ પુસ્તિકામાં શું શું આપ્યું છે તેની ટૂંકી નોંધ આપવી જરૂરી સમજી આપી છે.

લેખ નં. ૧ માં શ્રી શત્રુંજય ગિરિરાજનો, લેખ નં. ૨ માં આદ્ય વિશ્વશિલ્પી મૂલનાયક ભગવાન શ્રી ઋષભદેવ ભગવાનની મૂર્તિના પ્રભાવ–મહિમા વિષે અને તે પછી લેખ નં. ૩ માં ઉત્સવ પ્રસંગની અને અભિષેકની વાતો લખી છે. ત્રણેય લેખો પહેલીજવાર થોડાક નવા દૃષ્ટિકોણથી લખાએલા છે. ત્રણેય લેખોના નવી સમજ–ખ્યાલો, વિચારોથી વાચકો તૃપ્તિ અને પરમ આનંદ અનુભવ્યા સિવાય રહેશે નહિ. અભિષેકનો લેખ પણ વ્યાપક દૃષ્ટિથી વિસ્તારથી લખ્યો

છે. આ લેખોએ મુંબઈની જૈન જનતા ઉપર કોઈ ન કલ્પી શકાય એવી ભારે જાદુઈ અસર કરી હતી. અનેક શંકા-કુશંકાઓનાં વાદળોથી ઘેરાએલાં હૈયાં સ્વસ્થ બન્યાં અને તાજગી અનુભવી.

૩૨ પેજ સુધી અભિષેકના ત્રણ લેખો આપ્યા છે. તે પછી લેખની પૂરવણી અને અભિષેક માટે ભારતભરમાં પ્રાર્થના કરવા માટે અપાએલો આદેશ છાપવામાં આવ્યો છે. તે પછી લેખની ભારોભાર અનુમોદના કરતાં તથા આચાર્યશ્રીજીનું અભિવાદન કરતાં આવેલાં કેટલાંક પત્રો અને તેમાંની કણ્ડિકાઓ, ત્યારપછી શત્રુંજય તીર્થનો પરિચય, અતિ પ્રાચીનકાળમાં અવસર્પિણીકાળના આદિ અને અંતમાં આ ગિરિરાજનું પ્રમાણ કેટલું હતું તે, ઉદ્ધારની વિગતો, પાલીતાણાનાં મોટા તહેવારો, વર્ષીતપ તથા નવ્વાણું યાત્રાના ટૂંકા નિર્દેશો છાપવામાં આવ્યા છે. શ્રી ઋષભદેવ ભગવાનનો પરિચય, તે સમયની યુગલિક વ્યવહારની રસપ્રદ આશ્ચર્યજનક ઐતિહાસિક વિગતો, શત્રુંજય પર્વતની વિશેષતા, તે ઉપરાંત આ તીર્થ સાથે સંબંધ ધરાવતી જાણવા જેવી અનેક વિગતો આપવામાં આવી છે.

સહુ કોઈ વાચકો ભાવસભર આ પુસ્તિકા જરૂર વાંચે અને તીર્થ પ્રત્યેના ભક્તિભાવમાં વધારો કરે એ જ શુભકામના!

જૈન સાહિત્યમંદિર, પાલીતાણા —યશોદેવસૂરિ

*** આમ તો આ તીર્થનાં ૨૧,૧૦૮ નામો જાણીતા છે પરંતુ સૌથી પ્રચલિત અને પ્રસિદ્ધ નામો ૧. શત્રુંજય ૨. સિદ્ધાચલ ૩. વિમલાચલ આ ત્રણ છે.**

## મહાસુશ્રાવક દાદાજીને સમર્પિતભક્ત શ્રી રજનીભાઈના અંતરમાં મહાઅભિષેક કરવા પુણ્યભાવના જે જાગી તેમાં કયું નિમિત્ત કારણ બની ગયું ?

**નીચે છાપેલા 'સમકાલીન' દૈનિકપત્રના સમાચાર અંગેની ભૂમિકા** — દાદાના દરબારમાં થનારા અભિષેકની વિધિ પ્રસંગે હું, વિદ્વાન મુનિરાજ શ્રી જંબૂવિજયજી તથા પ્રવક્તા મુનિરાજ શ્રી પ્રદ્યુમ્નવિજયજી આદિ મુનિવરો ઉપસ્થિત રહ્યા હતા. અભિષેકની ક્રિયામાં વચ્ચે ત્રણ મુદ્રાઓ બતાવવા દ્વારા ભગવાનને આહ્‌વાહન કરવાનો વિધિ થાય છે. આહ્‌વાહન એટલે કલ્પનાથી ભગવાનનું મૂર્તિની અંદર સાક્ષાત્ અવતરણ કરાવવું તે. ઉપસ્થિત સાધુઓમાં હું મોટો હતો એટલે એ વિધિ મારે કરવો પડે તેમ હતો. તે વખતે નિર્ણય કર્યો કે આ વિધિ વિશિષ્ટ પ્રકારે અમુક રીતે થઈ શકે તે રીતે કરવો, કેમકે પાલીતાણા વગેરે સ્થળમાં સખત દુષ્કાળની પરિસ્થિતિ જામી ગઈ હતી. લોકો આકાશ સામું જોઈને નિરાશ થતા હતા. મારી પાસે કેટલાય માણસો આ બાબતની ચિંતા વ્યક્ત કરવા આવતા હતા. અભિષેકની ભક્તિની આ ક્રિયા ઇચ્છિત પરિણામ બતાવે તો કેવું સારૂં ? જો વરસાદ ન પડે તો મનુષ્યો, પશુઓ, યાત્રિકો માટે અત્યંત વિકટ પરિસ્થિતિ સર્જાઈ જાય તેમ હતું. આપણે તો માત્ર પ્રાર્થનાના જ અધિકારી હતા એટલે આહ્‌વાહનની ક્રિયા કરી ભગવાનની કાયા ઉપર નક્કી કરેલા અમુક મંત્રબીજોનું ખાસ સ્થાપન કર્યું. શ્રી રજનીભાઈ અને શ્રી શાંતિભાઈ પાસે પણ અમુક ક્રિયા કરાવરાવી. છેલ્લે મંત્રોચ્ચાર હૃદયના ઊંડા ભાવથી કર્યો. ક્રિયા કરી નીચે ઉતર્યા ત્યારે વરસાદ એકદમ તુટી પડયો. બીજાઓએ કહ્યું કે વિધિ ચાલતી હતી તે જ વખતે એકાએક જોરદાર વાદળાં ચડી આવ્યાં અને વરસાદની હેલી શરૂ થઈ ગઈ. સર્વત્ર વરસાદની જોરદાર શરૂઆત થઈ ગઈ, પછી લોકોએ કહ્યું કે મહત્ત્વની ક્રિયા શરૂ થતાંની સાથે જ વરસાદ શરૂ થઈ ગયો હતો, ક્રિયા પૂરી થતાં ધોધમાર વરસાદ તૂટી પડયો

એવું કેમ બને છે ? એ પ્રશ્ન સહેજે સહુને થાય. એનો જવાબ એટલો જ કે કુદરતનાં રહસ્યો કે દૈવિક ચમત્કારો અગમ્ય છે. ત્યાં માનવીનું ગણિત કે તર્ક કશું કામ લાગતું નથી. સાધનાના પ્રભાવે અણકલ્પેલી ઘણી ઘટનાઓ બનવા પામે છે.

અભિષેક પૂરો થયા પછી રજનીભાઈ તથા શાંતિભાઈ જૈન સાહિત્યમંદિરમાં જ્યારે મળ્યા ત્યારે આહ્‌વાહનની ક્રિયા જોઈને ખુશીપો–આનંદ થએલો તે વ્યક્ત કર્યો અને કહ્યું કે અભિષેકના ક્રિયાનો આટલો બધો પ્રભાવ જોવા મળશે એવી કલ્પના પણ ન હતી. તેમાંય ક્રિયા કરતાં કરતાં જ પરિણામ દેખાય એવું તો જવલ્લે જ બને પણ ખરેખર ! આ મહાન ભૂમિ ઉપરના પવિત્ર ધામમાં એક નાનકડો ચમત્કાર સર્જાઈ ગયો. આ પ્રસંગથી રજનીભાઈને અભિષેક ઉપર એકદમ શ્રદ્ધા બેસી ગઈ. બીજી વખત પણ સારી રીતે અભિષેક કરાવવાનું નક્કી કર્યું, એનું જ પરિણામ એટલે થએલો **મહાઅભિષેક.** પ્રથમ અભિષેકના મુખ્ય પ્રેરણાદાતા આપણા જૈન સમાજના શ્રદ્ધેય મુનિરાજ શ્રી જંબૂવિજયજી હતા. એમને જ આ અંગે ઘણું ઉમદા અને પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. સહુની નિશ્રામાં આ આયોજન થયું હતું.

ઉપરની વાતને ટેકો આપતી નોંધ મુંબઈથી નીકળતા સન્ ૧૯૯૦, ૨૬મી ડિસેમ્બર, બુધવારે ‘સમકાલીન’ પત્રમાં નીચે મુજબ પ્રગટ થઈ હતી.

“શત્રુંજયના ઐતિહાસિક અભિષેક પાછળ એક જ વ્યક્તિની ભવ્ય ભાવના કામ કરી ગઈ. એ શ્રાવક એટલે સ્વ. રજનીભાઈ દેવડી. ૧૯૮૬ની સાલમાં ગુજરાત જ્યારે વિષમ દુષ્કાળમાં સપડાયું હતું ત્યારે આ સંકટ ટળી જાય એવી શુભ ભાવનાથી **આચાર્ય શ્રી યશોદેવસૂરિજી મહારાજ આદિની નિશ્રામાં** આદીશ્વર દાદાના અભિષેકનું આયોજન કરાયું હતું. એ વખતે અભિષેકનો આનંદ એટલો પ્રચંડ થયો હતો કે રજનીભાઈએ ત્યારે જ સંકલ્પ કર્યો કે એક વખત આખા ગિરિરાજનો અઢાર અભિષેક કરવો.”

श्री बृहत्संग्रहणीसूत्रग्रन्थना अनुवादक
साहित्यकलारत्न



साहित्यकलारत्नपद सं. २०२६ * आचार्यपद सं. २०३५ पालीताना

पूज्य आचार्य श्री विजय यशोदेवसूरीश्वरजी महाराज

(भूतपूर्व मुनिश्री यशोविजयजी)

## * સહાયકોની નામાવલી *

* જૂનાગઢનિવાસી ધર્માત્મા સુશ્રાવિકા શ્રી ચંદનબેનના આત્મશ્રેયાર્થે તેમના નાની બહેન શ્રી અનિલાબેન ટી. દલાલ.

* મુંબઈ—શાન્તાક્રુઝ સંઘના અગ્રણી ભક્તિવંત ધર્માત્મા શ્રી જગજીવનદાસ ત્રિભોવનદાસના કલ્યાણાર્થે તેમના પરિવાર તરફથી તથા શ્રીકૌમુદિનીબેન રજનીકાંત શાહ.

* તપસ્વીની સાધ્વીજી શ્રી દમયંતી શ્રીજીના સુશિષ્યાઓ સા. શ્રી ચંદ્રપ્રભાશ્રીજી મ. તથા સા. શ્રી કનકપ્રભાશ્રીજી મ.ની પ્રેરણાથી સુરતવાળા શ્રી પ્રબોધચંદ્ર ખીમચંદ શાહ. હસ્તે સુલોચનાબેન.

* મુંબઈ – ઘાટકોપરમાં વસતા શ્રી જમનાદાસ એમ. દોશીના આત્મશ્રેયાર્થે હસ્તે શ્રી ચંપાબેન દોશી.

સૌરાષ્ટ્રના પાલીતાણા શહેરની ધરતી ઉપર આવેલા—

# મનુષ્યલોકની ધરતી ઉપર જેનો જોટો ન મળે એવું વિશ્વવંદ્ય શાશ્વત તીર્થ શ્રી શત્રુંજય ગિરિરાજનો જય હો!

*

અસંખ્ય સિદ્ધાત્માઓની આધ્યાત્મિક ચેતનાઓની ઉર્જાથી ભારોભાર ભરાઈ ગએલો શ્રી શત્રુંજય તીર્થનો શું પ્રભાવ છે? અને તે કયા કારણે છે?

*

* આ મહાતીર્થ કયા કારણે મહાન છે?
* ઊંચે ઊંચે પહાડની ટોચે શા માટે મંદિરો બાંધવામાં આવે છે?
* આકાશમાં ઘુમરાવા લેતી જાતજાતની આધ્યાત્મિક ચેતનાઓને ઝીલવા માટે આ તીર્થ રેડાર યંત્ર જેવું છે.
* આ તીર્થ ઉપર રહી મોક્ષે જનારા અસંખ્ય આત્માઓની પ્રબુદ્ધ ચેતનાઓથી આ પહાડ કેવો સભર બની ગયો છે?

—આ બધું હવે પછીના લેખમાં વાંચો

## મંદિર-મૂર્તિ કેટલા પ્રાચીન છે?

વર્તમાનનો ઋષભદેવ ભગવાનનો પથ્થરનો જંગી પ્રાસાદ (જીર્ણ થયેલા કાષ્ઠના મંદિરને દૂર કરીને) વિ. સં. ૧૨૧૩માં ગુજરાતના જૈન મંત્રી બાહડે બંધાવ્યો હતો. ત્યારપછી મુસ્લિમ સુલતાનના સૈનિકોએ પ્રાસાદના કેટલાક ભાગોને ખંડિત કરી નાંખ્યા. તે પછી સં. ૧૩૭૧માં સમરાશા ઓસવાલે તેની મરામત કરાવી. તે પછી ફરીથી મોગલો સૈનિકોએ મંદિરને નુકશાન પહોંચાડયું, તે જોઈ-જાણીને ચિતોડના કર્માશાએ બરાબર સમારકામ કરાવ્યું અને મોગલોએ શ્રી આદીશ્વર ભગવાનની મૂર્તિ તોડી નાંખી હતી તે કર્માશાએ ફરીથી તૈયાર કરાવરાવી અને સં. ૧૫૮૭માં વૈશાખ વદિ છઠ્ઠના દિવસે તેની પ્રતિષ્ઠા કરાવી એટલે આજની સં. ૨૦૪૭ની દૃષ્ટિએ ગણતરી કરીએ તો—

**'હાલનું મંદિર-૮૩૪ વર્ષ જૂનું છે અને આજની મૂર્તિ-૪૬૦ વર્ષ જૂની છે.'**

લેખ નં. ૧

## આપણા પ્રાણપ્યારા શ્રી શત્રુંજય તીર્થનો મહિમા અને પ્રભાવ કયા કયા કારણોથ છે ?

✲

જગતમાં કયા એવા ધર્મો છે કે જે ધર્મને પોતાનાં તીર્થો ન હોય. ભગવાનનાં તીર્થો છે, ગુરુઓનાં તીર્થો છે, દેવ-દેવીઓનાં તીર્થો છે. આમ પ્રજાને તીર્થ સિવાય ચાલતું નથી. તેમાં ઘણાં કારણો છે. એમાં એક-બે કારણ જણાવું. નવીનતા અને વિવિધતામાં રાચતો માનવી, પોતાનાં ગામમાં દર્શન કરીને, એકની એક જગ્યાએ રોજ જઈને ક્યારેક ક્યારેક તેને માનસિક અને શારીરિક થાક લાગે છે. સંસારની કંટાળાભરી દુ:ખદ ધૂંસરી ખેંચીને કંટાળી જાય છે ત્યારે તે નવો આનંદ, નવી તાજગી, નવી ખુશાલીથી મનને ભરી દેવા શાંત, સુંદર અને આનંદ આપે એવા સ્થાનની ઝંખના કરે છે. આ માનવ સ્વભાવને ધ્યાનમાં રાખીને બધા ધર્મના પ્રવર્તકોએ પોતપોતાના ધર્મના રિવાજ અને નિયમ મુજબ તીર્થો બનાવ્યાં છે, જ્યાં જઈને માણસ જીવનમાં કંઈક નવું ભાતું, નવી કમાણી કરે છે અને તે કર્યા પછી તે એક પ્રકારની તાજગી, ટાઢક, શાંતિ, સંતોષ, આનંદ અને આધ્યાત્મિક અનુભૂતિની ઝાંખી કરે છે.

### તીર્થ એટલે શું ?

'તારે તે તીર્થ—'

એટલે સહુને ભવસાગરથી પાર ઉતારે તે. તીર્થનો આ સીધો-સાદો અને સાચો અર્થ છે. આવાં તીર્થો લૌકિક અને લોકોત્તર બે પ્રકારે હોય છે. લૌકિકનું વિશ્લેષણ અત્યારે મુલતવી રાખી પ્રસ્તુત લોકોત્તર તીર્થની વાત કરીએ.

લોકોત્તર એટલે જે સંસારથી ઊંચે ઉઠવાની પ્રેરણા આપે તે. માનવીની દબાઈ ગએલી આધ્યાત્મિક ચેતનાને જે જાગૃત કરે, ઊર્ધ્વારોહણ કરવાના સ્પંદનો જગાડે, અંધકારમાંથી પ્રકાશ તરફ દોરી જાય, વહાણની ઝડપે નહીં પણ સ્ટીમરની ઝડપે ભવપાર ઉતારે, આવો પ્રભાવ લોકોત્તર-આધ્યાત્મિક તીર્થનો કહ્યો છે. આવાં લોકોત્તર તીર્થો ભૌતિક સુખથી વિપરીત આધ્યાત્મિક સુખ, શાંતિની કમાણી કરાવનારાં છે, અને જૈન તીર્થો તેમાં સંપૂર્ણ ફાળો આપનારાં છે. કેમકે જૈનધર્મનો પાયો જ ત્યાગનો છે, ત્યાગના પાયા ઉપર જ જૈનધર્મની ઈમારત રચાણી છે. ભારતભરમાં જૈનોનાં સેંકડો તીર્થો શોભી રહ્યાં છે. આ બધાં લોકોત્તર સ્થાનો છે, જો કે આ બધાં તીર્થો ધરતી ઉપરનાં છે, પરંતુ ખરેખર ! મોટાં મોટાં તીર્થો તો આ દેશના મહત્ત્વના પર્વતો-પહાડો જ ( કે તેની ઉપરનાં મંદિરો ) છે. જે શત્રુંજય, સમેતશિખર, ગિરનાર, આબુ, પાવાગઢ, શ્રવણબેલગોલા, તળાજા, તારંગા, વૈભાર-રાજગૃહી, ગજપદ, કનકાચલ, ચિત્રકૂટ વગેરે નામથી જાણીતાં છે.

એક આનંદની ગૌરવ લેવા જેવી ઘટના તો એ છે કે મહત્ત્વના પહાડો જૈનસંઘે હસ્તગત કરી તેના ઉપર મંદિરોની સંસ્કૃતિને ગાજતી કરી છે. પ્રાચીનકાળમાં સુપ્રસિદ્ધ એવા '**મહાજન**' શબ્દથી ઓળખાતા જૈન-વણિક સમાજનું વર્ચસ્વ, તેનું સ્થાન આ દેશમાં કેટલું બધું મહત્ત્વનું હશે તેની આ તીર્થો ગવાહી આપે છે-ખાત્રી કરાવે છે.

અહીં કોઈ કોઈને પ્રશ્ન ઉદ્‌ભવે કે ભગવાન પહાડ ઉપર આટલે ઊંચે જઈને કેમ બેઠા? અથવા શ્રીસંઘે ઉપર કેમ બિરાજમાન કર્યા?

ટૂંકમાં જવાબ એ આપું કે, પર્વતની ટોચ એટલે દૂષણ-

પ્રદૂષણ અને પર્યાવરણથી (લગભગ) મુક્તસ્થાન. બીજું હજારો માણસોના પવિત્ર વિચાર, વાણી અને વર્તનથી ત્યાંનું આખું વાતાવરણ કે વાયુમંડળ એકદમ પવિત્ર, સ્વચ્છ અને નિર્મળ બનેલું હોય છે. ઉપરની હવા પણ હલકી, શુદ્ધ અને સાનુકૂળ હોય છે. લોકો શુદ્ધ હવા ખાવા હીલ સ્ટેશને જ દોડી જાય છે. જ્યારે જ્યારે સાધુઓને મોક્ષ પ્રાપ્ત કરવા માટે અનશન (અન્ન જળના ત્યાગરૂપ) કરવું હોય ત્યારે પહાડ ઉપર જઈ ને જ કરવાના અનેક પ્રસંગો શાસ્ત્રોમાં નોંધાયા છે.

ધરતી કે ધરતીની સમીપનું વાતાવરણ હંમેશા મળ-મૂત્ર વગેરે દુર્ગંધી પદાર્થો કે વસ્તુઓથી, તથા દૂષિત અવાજો, ઘોંઘાટ અને અયોગ્ય, અપવિત્ર વિચારો અને વર્તનથી વિવિધ રીતે દૂષિત, ગંદું, અશાંતિભર્યું રહેતું હોય છે. આવું વાતાવરણ સાધના અને સિદ્ધિ માટે ત્યાજ્ય ગણાયું છે. પરંતુ તમો જેમ જેમ ઊંચે જાવ તેમ તેમ ધરતીના દૂષિત વાતાવરણથી તમો બહાર આવી જાવ છો અને ઉપરના-ઊંચેના શાંત, પ્રશાંત, પવિત્ર અને શુદ્ધ વાતાવરણનો સ્પર્શ થવા માંડે છે. ધીમે ધીમે હૈયું ભક્તિ ભાવનાના રંગે રંગાતું જાય છે અને તમારું વિક્ષિપ્ત ચિત્ત શાંત, સ્વસ્થ અંતર્મુખ બનીને પ્રભુ સન્મુખ થવા માંડે છે. આવું વાતાવરણ ચિત્તની એકાગ્રતા થવામાં સાધના-સિદ્ધિ માટે ઘણું મદદગાર બને છે. આ તો હજારો માણસોના સ્વાનુભવની વાત છે.

લાગે છે કે આવા જ કોઈ કારણોસર આ કાળના જ ૨૪ તીર્થંકરો પૈકી માત્ર બારમા તીર્થંકરે બિહારની ચંપાપુરીની ધરતી ઉપરથી અને ચોવીસમા તીર્થંકરે પાવાપુરીની ધરતી ઉપર રહીને મોક્ષ પ્રાપ્ત કર્યો છે. જ્યારે બાવીશ તીર્થંકરોએ જીવનના અંતિમકાળે સમેતશિખરના પહાડ ઉપર પહોંચી જઈ ને સર્વોચ્ચકોટિના શુક્લ

ધ્યાનની પરાકાષ્ઠાએ પહોંચીને, સકલ કર્મનો ક્ષય કરીને સદાને માટે અજન્મા બનવા મોક્ષ પ્રાપ્ત કર્યો છે. બાવીશમાં પણ ફક્ત બે જ તીર્થંકરો એટલે કે—પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાને ઉત્તર દિશામાં રહેલા અષ્ટાપદ પર્વત ઉપરથી અને બાવીશમાં તીર્થંકર શ્રી નેમિનાથજીએ ગિરનાર પર્વત ઉપરથી મોક્ષ પ્રાપ્ત કર્યો છે. તીર્થંકરો અવશેષ કર્મનો ઝડપથી ક્ષય કરવા માટે તપ, સંયમ અને ધ્યાન આ ત્રણનો ખાસ આશ્રય લે છે અને ઝડપથી મોક્ષના દરવાજે પહોંચી જાય છે. આથી પહાડની ધરતીનો પ્રભાવ-મહિમા કેવો ઉપકારક છે તે સમજી શકાય છે.

વાચકોને ખ્યાલ તો હશે કે રેડિયોના વાયરલેસ સ્ટેશનો માટે પહાડો અને મોટી મોટી ટેકરીઓ જ પસંદ કરવામાં આવે છે. ટી. વી. ટાવરના મિનારા પણ ખૂબ ઊંચા બાંધવામાં આવે છે. તેનું કારણ એક જ છે કે [1]ભાષાવર્ગણાના અને વિદ્યુત્ વર્ગના અદૃશ્ય જેવા પૌદ્ગલિક તરંગોને (વેવ્ઝ) ઉપરના ભાગમાં પ્રવાસ કરવામાં કોઈ અવરોધ નડતો નથી અને ત્યાં સામસામી સંદેશા ઝડપથી ઝીલાય છે. આ આકાશી માર્ગનો અનુકૂળ પ્રભાવ છે. જો ઊર્ધ્વ આકાશનું સ્થાન ભૌતિક તરંગોને પ્રવાસ માટે જો અનુકૂળ હોય તો પૌદ્ગલિક તરંગોથી અનેકગણી શક્તિશાળી આધ્યાત્મિક ચેતનાઓના અખૂટ પ્રવાહોને પ્રવાસ કરવા માટે પહાડનાં ઊર્ધ્વ સ્થાનો સ્વાભાવિક

---

૧. જૈન તત્ત્વજ્ઞાનના કર્મવિજ્ઞાન પ્રમાણે કોઈને પણ બોલવુ હોય તો સર્વત્ર વ્યાપીને રહેલ ભાષા બોલવામાં સહાયક પુદ્ગલોને આકાશમાંથી ગ્રહણ કરે, પછી તેને જે બોલવું છે તે શબ્દોરૂપે સંસ્કારી બનાવે, પછી જ વાણીથી બોલી શકાય છે. આ પુદ્ગલો ભાષાવર્ગણાના ગણાય છે. આ રીતે વિચાર કરવો હોય, શ્વાસોશ્વાસ લેવો હોય ત્યારે તેને યોગ્ય પુદ્ગલોનું ગ્રહણ કરે પછી જ વિચાર કે શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરી શકે છે.

રીતે જ ખૂબ અનુકૂળ હોય છે એટલે સાધના અને ધ્યાનનાં કેન્દ્રો જો પહાડ ઉપર હોય તો આકાશમાં વિદ્યમાન રહેતી પ્રચણ્ડ ચેતનાઓના વાતાવરણ વચ્ચે ધ્યાન અને સાધના નિરાબાધ થાય છે. તેથી આ શત્રુંજયની પર્વતમાળા સાધના-સિદ્ધિ માટેની અપ્રતિમ ભૂમિ છે.

અરે ! અબજો માઈલ દૂર ઊર્ધ્વ આકાશના અંતિમ છેડે રહેલી સિદ્ધશિલા નામની શાશ્વતી શિલાના ઉપરના ભાગે રહેલા અશરીરી એવા સિદ્ધાત્માઓની જ્યોતિમય ચેતનાનો પ્રવાહ ઉપરની દિશા છોડીને ( અલોકના અવરોધના કારણે ) ત્રણે દિશામાં આંખના એક પલકારામાં અબજો માઈલની ગતિએ ધરતી તરફ વહેતો હોય છે. એ પ્રવાહનો રોકટોક વિના-વિના અવરોધે સીધો સીધો (Direct) સ્પર્શ કરવો હોય, એને ઝીલવો હોય તો પહાડનાં ઉચ્ચ સ્થાનો જ ઉપયોગી થાય છે. એટલે તીર્થો રેડાર (Radar) યન્ત્રો જેવાં છે, એટલે ઉચ્ચ ભૂમિ ઉપર મુક્તાત્માઓની મહાતિમહાન ચેતનાઓ પ્રતિબિંબિત થાય છે. જો આપણો આત્મા પણ રેડાર જેવો એટલે પ્રતિબિંબ (Reflex) ઝીલી શકે તેવો અધિકૃત બની જાય તો એ ચેતનાઓનો લાભ આપણને પણ મળી શકે છે. ક્યારેક ક્યારેક મહાન મહર્ષિ આત્માઓ પહાડ ઉપર ધ્યાનપૂર્વક અનશન તપ કરીને ધ્યાનની પરાકાષ્ઠાએ પહોંચે ત્યારે પોતાની જ્વાજલ્યમાન જ્યોતિ સ્વરૂપ ચેતનાનું સિદ્ધાત્માઓની ચેતના સાથે તાદાત્મ્ય પણ સાધીને પરમજ્યોતિ સ્વરૂપ સિદ્ધાત્માઓની ચેતનાનો અનિર્વચનીય પરાકોટિનો આનંદ થોડી ક્ષણો માટે પણ અનુભવી શકે છે. અરે ! ધરતી ઉપર રહેલા અન્ય સિદ્ધાત્મા મહર્ષિઓ જોડે મનોમન અનુસંધાન પણ કરી શકે છે.

આવા કારણે પ્રસ્તુત પુણ્યભૂમિ ઉપર સાધના અને ધ્યાન સ્વસ્થતાપૂર્વક થતાં હોવાથી ચિત્તની એકાગ્રતા સુંદર રીતે સર્જાય

છે. અરે ! પહાડ ઉપર ઊભા રહીને આકાશમાં નજર રાખીને ધ્યાન કરો કે ન કરો પણ તમને ઇશ્વિરીય સત્તાનું અસ્તિત્વ દેખાશે, પરમાત્માનું સાંનિધ્ય અનુભવાશે. બીજું આત્માનો મૂલસ્વભાવ નીચે નહિ પણ ઊંચે જ જવાનો છે, મોક્ષ ઊર્ધ્વાકાશમાં વિશ્વના છેડે છે તેથી ઉર્ધ્વારોહણની થતી પ્રેક્ટીસ (Practice) એક યા બીજી રીતે આજે કે આવતી કાલે સૂક્ષ્મપણે પણ સહાયક બની રહેશે. આવા પહાડો કે પહાડો ઉપરના ગગનચુંબી વિશાળકાય મંદિરો વિશ્વને અહિંસા, સત્ય, પ્રેમ, મૈત્રીભાવ અને સંસારમુક્તિનો સતત પયગામ ( સંદેશો ) આપ્યા કરે છે.

## શત્રુંજય મહાતીર્થ અને તેનો પ્રભાવ

આટલી ભૂમિકા દર્શાવીને મહાન અભિષેકના કારણે વર્તમાનમાં સર્વત્ર ગાજી રહેલા શત્રુંજય તીર્થની વાત ઉપર આવી જઈએ. આ તીર્થ શું છે? તીર્થનો શું પ્રભાવ છે? તેનાં કારણો શું છે? તે જોઈએ.

સર્વ તીર્થોમાં મહાન તીર્થ કયું ? તો તેના જવાબમાં જૈન શાસ્ત્રોમાં સંખ્યાબંધ સ્થળે **तीर्थेषु शत्रुंजयः** લખીને સર્વોપરિ-શિરોમણિ તીર્થ તરીકે શત્રુંજયનું નામ જણાવ્યું છે. તે શા માટે ?

શું આ તીર્થ ઉપર મંદિરોની હારમાળા છે, વળી આદીશ્વર ભગવાનની ભવ્યમૂર્તિ છે એટલા માટે ? તો કહે છે—ના, જો કે આ કારણે આ તીર્થ પૂજનીય જરૂર છે પરંતુ આ તીર્થની મહાનતા આ જ કારણથી નથી. મંદિરો કે આદીશ્વર ભગવાનની મૂર્તિ વગેરે કારણો તો બીજા નંબરે છે. પહાડ ઉપર મંદિરો કે મૂર્તિઓ કશું જ ન હોય તો ફક્ત એકલો પહાડ પણ ત્રણેયકાળમાં વંદનીય, પૂજનીય અને નમસ્કરણીય મનાયો છે.

આ ‘ અવસર્પિણી ’ નામના ઉતરતા મહાકાળની ઉપલબ્ધ જાણકારીના આધારે કહીએ તો આ તીર્થ ઉપર આ કાળના કોઈપણ તીર્થંકરના ‘ કલ્યાણક ’ શબ્દથી ઓળખાતા જન્મ, દીક્ષા, બોધિ (કેવળજ્ઞાન) કે મોક્ષ વગેરેના કોઈ પ્રસંગો બન્યા નથી. છતાં પણ આ તીર્થને અનેકતીર્થોમાં ‘ સર્વોપરિ–શિરોમણિ ’ કક્ષાનું કહેવાય છે.

તો પછી તેનું યથાર્થ કારણ શું ?

તેનો જવાબ છે કે, અનાદિકાળથી દૃશ્ય–અદૃશ્ય એવી વિરાટ ધરતી ઉપરના તમામ ભાગોમાંથી જીવો મોક્ષ પ્રાપ્ત કરતા હોય છે. તેની સંખ્યા પણ અનંતાની હોય છે, એમ છતાં આ શાશ્વતા પર્વતની ધરતી ઉપરથી તપ–ત્યાગની સાધના દ્વારા વીતરાગ અવસ્થા સહ સર્વજ્ઞપણું પ્રાપ્ત કરી, તે પછી સકલ કર્મનો ક્ષય કરીને જેટલા જીવો મોક્ષે ગયા તેટલા જીવો બીજી કોઈ ધરતી ઉપરથી મોક્ષે ગયા નથી અને જશે પણ નહિ એમ શાસ્ત્ર કહે છે

તો પ્રશ્ન થશે કે એનું શું કારણ ?

તેના કારણમાં પ્રધાનકારણ એક જ આપી શકાય કે પ્રસ્તુત **ધરતીનો સર્વોપરિ આધ્યાત્મિક ચમત્કારિક પ્રભાવ.** આ ધરતી ઉપર રહીને સર્વથા અંતર્મુખ બનેલા એવા સાધકોને આધ્યાત્મિક સ્પંદનો અને સ્વસંવેદનાઓ જેવી અને જેટલી અહીં જાગે છે તેવી અને તેટલી બીજી ધરતી ઉપર જાગે કે ન પણ જાગે. ચેતનાની ઉર્જાઓથી ભરેલા આ મહાન ધરતીના કણેકણનો આવો અનુપમ પ્રભાવ છે. ધરતીના પ્રભાવને તો આપણે સહુ માનીએ છીએ. વાચકોને શ્રવણનો દાખલો યાદ હશે કે પિતૃભક્ત અને માતૃભક્ત શ્રવણ પોતાના માતા-પિતાને યાત્રા કરાવવા જઈ રહ્યો હતો, પણ પાણિપતના મેદાનમાં દાખલ થતાંની સાથે જ તેને વિચાર આવ્યો કે અરે ! હું માણસ છું, માતા–પિતા પણ માણસ છે તો માતા-પિતાનો ભાર મારે શા માટે ઉપાડવો જોઈએ ? એમ વિચારી ધડ દઈને કાવડ ધરતી

ઉપર મૂકી દીધી. કારણ એક જ કે પાણિપતની ધરતી ઉપર ખેલાએલાં અનેક ભયંકર યુદ્ધોથી ક્રોધ કષાયના દાવાનળના પરમાણુઓથી તે ધરતી ભારોભાર ભરેલી હતી તેથી તેને ખોટો પાપનો અયોગ્ય વિચાર આવી ગયો. આ રીતે ધરતીના પણ પ્રભાવો હોય છે.

બીજી વિશેષતા એ નોંધાઈ છે કે તીર્થંકરો તીર્થંકરના ભવમાં નિશ્ચિત મોક્ષે જવાના છે. મોક્ષે જવા માટેનો જ એટલે કે અંતિમ ભવ છે એમ છતાં અનંતા જીવોના મોક્ષે જવાથી પાવન થએલી એવી આ બડભાગી ભૂમિની સ્પર્શના કરવા લોકોત્તર ગણાતા, વિશ્વના સર્વોચ્ચકોટિના પુરુષ ગણાતાં બે-પાંચ નહિ પણ ત્રેવીશ-ત્રેવીશ તીર્થંકરો આ અદ્ભુત, અવર્ણનીય અને અનુપમ ભૂમિમાં પધારે તે માત્ર જૈનધર્મની જ નહિ પણ વિશ્વની, વિશ્વના ઇતિહાસની એક વિલક્ષણ નોંધપાત્ર ઘટના છે. આ ઘટનાએ તો આ તીર્થની મહત્તાને ચાર ચાંદ લગાડી દીધા છે.

## આ તીર્થની મહત્તા અંગે થોડું વધુ વિચારી લઈએ

વિશ્વની ધરતી ઉપર અને અનંત આકાશમાં આપણી આંખથી અદૃશ્ય એવી જબરજસ્ત આકર્ષણ તથા પૌદ્ગલિક શક્તિઓનો પ્રવાહ અવિરતપણે એકબીજા પદાર્થોને ખેંચતો હોય છે. વિજ્ઞાનના ક્ષેત્રમાં ગુરુત્વાકર્ષણ અને પૃથ્વીની મેગ્નેટ-ચુંબકીય શક્તિની વાત ખૂબ જ જાણીતી છે. એ રીતે પહાડો-પર્વતો અને અન્ય કેટલાક પદાર્થોમાં ઓછીવત્તી આકર્ષકશક્તિના પ્રવાહો વહેતા જ હોય છે.

આકર્ષકશક્તિને આપણે બે ભાગમાં વહેંચી શકીએ. એક ભૌતિક આકર્ષકશક્તિ અને બીજી આધ્યાત્મિક આકર્ષકશક્તિ. આ મેગ્નેટ (આકર્ષક) શક્તિ—આધ્યાત્મિક ચેતનાઓ જુદાં જુદાં તીર્થસ્થાનોથી ઓળખાતા પહાડોમાં કામ કરતી જ હોય છે, પણ આ બધાં પહાડી સ્થાનોમાં મોક્ષે જનારા આત્માઓની સંખ્યા

મર્યાદિત હોય છે. તેથી ત્યાં તે શક્તિઓનો સ્ફોટ મર્યાદિત થતો હોય છે. જ્યારે પાલીતાણાનું શત્રુંજય તીર્થ તો અનાદિકાળથી આધ્યાત્મિક ચેતનાઓ માટે સદાકાળથી સુપર મેગ્નેટ ( Super Magnet ) ધરાવતું મોટામાં મોટું મથક-ધામ છે અને તે અનંતાકાળ સુધી આવું જ રહેશે.

આ ધામ આવું કયા કારણે બન્યું છે? તે જોઈએ.

## પ્રબુદ્ધચેતનાઓથી સભર તીર્થ

આ ભૂમિ ઉપર બેસીને અનેકે * શુકલધ્યાનની સમાધિ લગાવી સિદ્ધાત્માઓ જોડે તાદાત્મ્ય સાધ્યું છે. જ્યાં ત્યાગી, તપસ્વી, ઋષિ, મહર્ષિ આદિ અને મોક્ષે જનારા અસંખ્ય આત્માઓએ મહાન સાધનાઓ કરીને પોતાની ચેતનાને એકદમ પ્રબુદ્ધ કરી એટલે આ પહાડ આધ્યાત્મિક ચેતનાઓથી ભરેલું વિરાટ મથક છે. વળી અતિ પ્રબુદ્ધ ચેતનાવાળા આત્માઓ તો જો કે ઊંચે ઊંચે દૂર દૂર મોક્ષે પહોંચી ગયા છે પણ તે પહેલાં અસંખ્ય આત્માઓની પ્રબુદ્ધ અસંખ્ય ચેતનાઓ આ પહાડ ઉપર અદૃશ્યપણે જ્યોતિરૂપે સઘન રીતે જે જામેલી હતી તે ચેતનાઓ અહીં પહાડ ઉપર જ રહી જાય છે અથવા એમ કહો કે પોતાની મહાન ચેતનાની ઉર્જાને લોકકલ્યાણ માટે સ્વાભાવિક રીતે જ તેઓ અહીં છોડી જાય છે. તે ચેતનાઓ અને તેના અગણિત અંશો આ પહાડની ભૂમિ ઉપર સર્વત્ર પથરાઈ જાય છે અને સાથે સાથે ઊંડે ઊંડે પહાડમાં પણ પ્રવેશ કરી જાય છે તેમજ ક્ષીર-નીરની જેમ પહાડની સાથે એકાકાર બની જાય છે.

અતિપવિત્ર શક્તિશાળી જ્વાજલ્યમાન ઉર્જાઓનાં અણુ-પરમાણુઓથી પહાડ ભરાઈ જાય છે. તેમાંથી મેગ્નેટ જેવી શક્તિ

---

* ધ્યાનની અંતિમ અવસ્થા.

ધરાવતાં અનેક વાયુમંડળો સર્જાય છે. ભક્તિથી તો દેવો આવે જ છે પણ આ આકર્ષક શક્તિથી પણ જે દેવોને આવવાનું મન ઓછું હોય તેવા દેવો પણ પોતાના કલ્યાણ માટે આ પહાડ ઉપર ખેંચાઈને સતત આવતા હોય છે, તો પછી મનુષ્યની તો વાત જ શું કરવાની! મનુષ્યોનો તો અવિરત પ્રવાહ યાત્રાર્થે વહેતો જ હોય છે.

આ વાયુમંડળની મેગ્નેટ હવા નજીકના વિસ્તાર ( Area )માં એવી ઘુમતી રહે છે કે એની અસર દૂર દૂર ફેલાય છે અને દૂરથી દાખલ થાવ ત્યારે પણ આ પહાડ નજરમાં આવતાં જ તમારું મસ્તક સહસા ઝુકી જશે. આધ્યાત્મિકતાના સુપર મેગ્નેટથી ભરેલા પહાડમાંથી ફેલાતી અદૃશ્ય એવી ઘુમરીઓ લઈ રહેલી મહાચેતનાઓનો સ્પર્શ એવો થતો રહેશે કે તમારી સુષુપ્ત બનેલી ચેતના ઉદ્ભૂત–સજીવન થવા માંડશે. ભાવવિભોર બનેલો માનવી સંસાર અને સંસારનાં સુખોને ઘડીભર ભૂલવા માંડશે. અશુભ વિચારો, વાણી અને વાસનાઓને મોર્ફિઆ ( Morphia )–ઘેનનું જોરદાર ઈન્જેકશન લાગશે તેથી તે મૂર્ચ્છિત થઈ જશે. તે પછી તીર્થની તળેટી નજીક આવી તીર્થને ભેટતા એવો ટર્નીંગપોઈન્ટ ( Turning Point ) ઊભો થઈ જશે કે પોતાના આત્માની સમગ્ર ચેતના સફાળી બેઠી થઈ જશે. અનંતા સિદ્ધાત્માઓની યાદ ઉભરાઈ જશે. પોતાની પામરતા જોઈને તેની પાંપણો કે ચક્ષુઓ અશ્રુભીના થવા માંડશે અને ભગવાનના ચરણે પોતાનું સર્વસ્વ અર્પણ કરી દેવા આત્મા તીવ્ર વીર્યોલ્લાસવાળો બની હે ભગવાન! હવે મને તારો, પાર ઉતારો એવું મનોમન બોલશે–પોકારશે, ત્યારે તીર્થના શરણમાં—ચરણમાં આવ્યાનો અનેરો આનંદ એના મુખ ઉપર તરવરતો હશે.

જે સ્થાન ઉપર જાતજાતની આધ્યાત્મિક ઉર્જાઓ–ચેતનાઓ

સુપર મેગ્નેટની ગતિથી પ્રવાસ કરી રહી છે તેવી મહાન, શાશ્વતી અને અપ્રતિમ તીર્થભૂમિનો ટૂંકો મહિમા વિશિષ્ટ ઢબે અહીં આલેખ્યો છે. શ્રદ્ધા છે કે વૈજ્ઞાનિક રીતે લખાએલો આ લેખ વાચકોના હૈયાને જરૂર ભાવવિભોર બનાવશે.

## —શેષ-વિશેષ—

—અત્યારે જે મૂલનાયકની મૂર્તિ બિરાજમાન છે તેની પ્રતિષ્ઠા વિ. સં. ૧૫૮૭ના વૈશાખ વદિ છઠ્ઠના દિવસે ઉપાધ્યાય શ્રી વિનયમંડનગણિ વગેરે વિશાળ મુનિમંડળની હાજરીમાં શ્રીમાન્ આચાર્ય શ્રી વિદ્યામંડનસૂરિજીના વરદ હસ્તે થઈ છે. તે વખતે ફરતું આરસનું પરિકર-શિલ્પ ન હતું, તે પાછળથી બનાવરાવીને ૮૩ વરસ પછી જોડવામાં આવ્યું અને તેની પ્રતિષ્ઠા સં. ૧૬૭૦માં કરવામાં આવી.

—પ્રતિષ્ઠા નિર્વિઘ્નપણે પૂર્ણ થાય તે માટે અનેક આત્માઓએ તપશ્ચર્યાઓ આદરી હતી, એમાં બે મુનિરાજો માટે એવો ઉલ્લેખ મળે છે કે તેઓએ તો છ છ મહિનાના ઉપવાસો કર્યા હતા.

## લેખ નં. ૨

તીર્થના મુખ્ય મૂલનાયક ભગવાન શ્રી ઋષભદેવ–સુપ્રસિદ્ધ નામ શ્રી આદીશ્વર દાદાની મૂર્તિ, તેનો પ્રભાવ–મહિમા તથા ગર્ભગૃહ અદૃશ્ય એવી ચેતનાઓથી કેવું સભર બન્યું છે તેનો પરિચય

*

### આ લેખમાં શું શું છે?

૧. મંત્રીશ્વર બાહડે બંધાવેલા, આજના વિશાળ, જંગી, ગગનચુંબી, અતિભવ્ય દાદાજીના જિન-મંદિરનો જીર્ણોદ્ધાર–પુનઃનિર્માણ મેવાડમાં આવેલા ચિત્તોડ શહેરના ધર્મવીર, કર્મવીર મહાન સુશ્રાવક શ્રી કર્માશાહે કરાવ્યો હતો.

૨. એ જિનમંદિરની અંદર બિરાજમાન આજે વિદ્યમાન શ્રી ઋષભદેવ ભગવાનની અલૌકિક, શબ્દોથી જેની ભવ્યતા વર્ણવી ન શકાય એવી ભવ્ય દાદાજીની મૂર્તિ પણ કર્માશાએ મંત્રી વસ્તુપાલની સંગ્રહિત શિલામાંથી નવી જ ભરાવીને સ્થાપન કરી છે.

૩. વિ. સં. ૨૦૪૭ની સાલની દૃષ્ટિએ એટલે આજથી ૮૩૪ વર્ષથી અહિંસા, મૈત્રીભાવ અને ત્યાગનો ભવ્ય સંદેશ આપતું આ દહેરાસર અડીખમ ઊભું

છે. પ્રતિષ્ઠા પછીના ૪૬૦ વરસ દરમિયાન શાસનદેવની કૃપાથી આ મંદિરમાં ધ્વંસ થવાનો પ્રસંગ બન્યો નથી કે આવ્યો નથી, તે ઘણી સુખદ બાબત છે.

૪. ભરતક્ષેત્રમાં અબજો વરસોથી બંધ થઈ ગએલા મોક્ષના દરવાજા ઉઘાડવાનું ભવ્ય કાર્ય અનાદિ-કાળના નિયમ મુજબ સૌથી પ્રથમ પહેલાં તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાને કર્યું.

૫. પ્રતિષ્ઠા વખતે અધિષ્ઠાયક દેવોએ મૂર્તિબિંબ પાસે સાત વખત શ્વાસોશ્વાસ લેવરાવ્યા અને દર્શકો ભાવવિભોર બની ગયા.

૬. શ્રી ઋષભદેવ આ અવસર્પિણીકાળના આદ્ય શિલ્પી, આદિકાળની અજ્ઞાન પ્રજાને વિદ્યા-કળાઓ વગેરેનું આદ્ય જ્ઞાન આપનાર ભગવાન સમાજશાસ્ત્રી હતા.

૭. દાદાની મૂર્તિનો જીવંત મહાન પ્રભાવ અને મહિમા.

૮. આધ્યાત્મિક ચેતનાઓથી હંમેશાં માટે સભર રહેતું ગર્ભગૃહ.

હવે શત્રુંજય ઉપરના મહામેઘનાદથી ઓળખાતા **શ્રી ઋષભદેવ-આદીશ્વર ભગવાનના ઉત્તુંગ જિનપ્રાસાદમાં અતિ ભવ્ય, આકર્ષક અને વિશિષ્ટ રીતે તૈયાર થએલા દિવ્ય ચેતનાઓથી ઉભરાતા ગર્ભગૃહમાં બિરાજતી અનેરી દીપ્તિમાન મેગ્નેટ-લોહચુંબક જેવી આકર્ષક પ્રતિમા-[૧]મૂર્તિની વાત જોઈએ.**

૧. જીવતા જેવું મુખ હોય તેવી મૂર્તિઓ પ્રાયઃ થતી ન હતી, કાલ્પનિક થતી. હા, ભગવાન મહાવીર જીવતા જેવા હતા તેવી જ મૂર્તિ ભગવાનના વડીલબંધુ નંદિવર્ધને ભરાવી હતી. જે આજે જીવંતસ્વામીથી સંઘમાં ઓળખાય છે. મહુવાની પ્રતિમા જીવિતસ્વામી તરીકે ઓળખાય છે પણ આ એક પ્રઘોષ છે.

આ પર્વત અનાદિકાળથી અનંતકાળ સુધી શાશ્વતો રહેવાનો છે. આ કાળ દરમિયાન અસંખ્ય આત્માઓ આ જ ધરતી ઉપર રહીને પહેલાં કહ્યું તેમ મોક્ષે જતા રહેશે. આ પ્રવાહ ક્યારેક મંદગતિએ તો ક્યારેક તીવ્રગતિએ તો વળી ક્યારેક તીવ્રાતિતીવ્ર ગતિએ વહેતો રહેશે. આ મહાતીર્થની ધરતીનો પ્રભાવ એનું કાર્ય કરતો જ રહેશે.

આ શત્રુંજય પર્વત ઉપર અબજોનાં અબજો વર્ષ પહેલાં પણ પ્રાસાદો નિર્માણ થતાં હતાં. જીર્ણોદ્ધારો પણ થતા રહેતા. આ કાળમાં સહુથી પ્રથમ ભરત ચક્રવર્તીએ અદ્વિતીય અને બહુમૂલ્ય પ્રાસાદો બંધાવ્યાં હતાં. કાળાંતરે તે જીર્ણ થતાં ખખડી જાય અથવા કોઈ આસમાની સુલતાની થતાં મંદિરોનો ધ્વંસ થાય ત્યારે રાજા, મહારાજા, જૈનસંઘ કે કોઈ શક્તિશાળી વ્યક્તિઓ જીર્ણ થએલાં દહેરાસરોનો નવેસરથી જીર્ણોદ્ધાર કરી, ભવ્ય મંદિર તૈયાર કરાવે છે અથવા ફરીથી નવું બંધાવે છે. અથવા વીજળી પડવાથી કે માનવીય ઉપસર્ગથી મૂર્તિ જો ખંડિત થઈ હોય તો નવી ભરાવીને તેમાં બિરાજમાન કરવામાં આવતી. પહાડ ઉપરનાં નાનાં-મોટાં તમામ મંદિરોનાં પુનઃનિર્માણનાં કાર્યને આ શત્રુંજય પર્વતના ઇતિહાસમાં 'ઉદ્ધાર' શબ્દથી ઓળખવાની પરંપરા છે. તે તે કાળે આવા [1]ઉદ્ધારો થતા રહ્યા, તેમાં સાંપ્રત વર્તમાનની દૃષ્ટિએ મંદિરના જીર્ણોદ્ધાર સાથેનો છેલ્લો ઉદ્ધાર એટલે સોળમો મેવાડના ચિતોડગઢ શહેરના કર્માશા નામના જૈન વણિક ધર્માત્માએ વિ. સં. ૧૫૮૭માં કરાવ્યો હતો એટલે કે અત્યારે જે મૂર્તિ વિદ્યમાન છે તે મૂર્તિ કર્માશાએ ભરાવરાવી અને દબદબાભર્યા મોટા સમારોહ-મહોત્સવ સાથે પ્રતિષ્ઠા[2] દ્વારા સ્થાપિત કરવામાં આવી. નિયમ મુજબ આ મૂર્તિ ભગવાન શ્રી ઋષભદેવની જ હતી. ત્યારપછી આજસુધી ૪૬૦

---

૧. ઉદ્ધારોની યાદી પાછળ આપી છે.

૨. કર્માશા અને પ્રતિષ્ઠાનો ઇતિહાસ બીજા ગ્રન્થોમાંથી વાંચી લેવો.

વર્ષમાં [1]મૂર્તિ કે મંદિરનો ધ્વંસ થયો નથી તેથી તે પછીના [2]ઉદ્ધારની કોઈ ઘટના નોંધાણી નથી.

જૈનધર્મના ઇતિહાસ પ્રમાણે શ્રી ઋષભદેવ-આદીશ્વર ભગવાન આ મહાકાળમાં ભારત દેશના ઉત્તર પ્રાંતમાં આવેલી કોશલદેશની અયોધ્યા ( [3]વિનીતાનગરી )માં જન્મ્યા હતા. તીર્થંકર ભગવાન બનનારા આત્માઓ તે તે કાળે જન્મે છે, યોગ્ય સમયે દીક્ષા લઈ સાધના કરી પ્રથમ વીતરાગ બની પછી તરત જ કેવળજ્ઞાન પામી તીર્થંકર-પરમાત્મા બને છે ત્યારે તે ત્રણેયકાળવર્તી જગતના ચૈતન્ય અને જડ વસ્તુઓના સર્વભાવોને આત્મપ્રત્યક્ષ જુએ છે અને જાણે છે. તે પછી સમય આવે પોતાના મોક્ષપ્રદાયક આત્મકલ્યાણકારી અમોઘ ( સફળ ) ઉપદેશ દ્વારા લોકોને પ્રતિબોધ કરવાનું કાર્ય શરૂ કરે છે. એ

---

૧. ફક્ત ગમે તે કારણે માત્ર નાસિકાને નુકશાન થએલું.

૨. હવે પછી ક્યારે ક્યારે ઉદ્ધારોની ઘટના બનશે તેની નોંધ મળતી નથી પણ આ મહાકાળના પાંચમા આરાને અંતે એટલે કે આજની ૨૦૪૭ની સાલની દૃષ્ટિએ લગભગ ૧૮૪૮૩ વર્ષ પછી છેલ્લો ઉદ્ધાર કરવાની વાત શાસ્ત્રોમાં છે.

૩. અબજો વરસથી પૃથ્વી ઉપર કોઈ શાસક કે શાસનની વ્યવસ્થા જેવું હતું જ નહિ. તે વખતે તેની બીલકુલ જરૂરિયાત પણ ન હતી. કેમકે પ્રજા યુગલિક હતી એટલે શામ, દામ, દંડની નીતિનો પ્રશ્ન જ નહોતો. ઋષભદેવ ભગવાનનો જન્મ થયા બાદ કાળના પ્રભાવે પ્રજામાં કષાયભાવ વધતા સાધારણ સંઘર્ષ શરૂ થયો અને કલ્પવૃક્ષો જે માંગે તે આપતાં હતાં તેમાં ફરક પડવો શરૂ થયો એટલે હવે રાજાની, ઘરો વગેરેની અને એને લગતી બધી વ્યવસ્થાની જરૂરિયાતો ઊભી થઈ એટલે તે કાળે ઈન્દ્ર મહારાજાએ સ્વર્ગમાંથી આવીને પોતાનું કર્તવ્ય અદા કરવા દૈવિક પ્રભાવથી જંગી નગરી ઊભી કરી. આ ધરતી ઉપર પહેલવહેલું નગર નિર્માણ થયું અને તે નગરનું નામ ઈન્દ્ર મહારાજે **વિનીતા** રાખ્યું હતું.

શરૂ કરે ત્યારથી અનેક આત્માઓની ધર્મયાત્રા, સંયમયાત્રા અને મોક્ષયાત્રાઓ શરૂ થઈ જાય છે.

માત્ર જગતનું જ કલ્યાણ કરવા માટે પરોપકારવ્યસની ગણાતા મહાચેતનાઓથી સંપૂર્ણ એવા પોતાના જ્વાજલ્યમાન ચૈતન્ય પ્રવાહોને લોકકલ્યાણ માટે દશેદિશામાં વિકીર્ણ કરનારા તીર્થંકરો જો કે દરેક મહાકાળમાં માત્ર ચોવીશ જ થાય છે, પણ એ તીર્થંકરોના શાસનમાં તીર્થંકરો જેટલું જ જ્ઞાન અને પ્રબુદ્ધ ચેતના ધરાવનારા અન્ય કેવલજ્ઞાની આત્માઓ અસંખ્ય થાય છે. છતાં તેઓ તીર્થંકર એટલે કે [1]ઇશ્વરીય વ્યક્તિ તરીકે ઓળખાતા નથી. કેમકે શારીરિક, આધ્યાત્મિક અને દૈવિકવૈભવ અર્થાત્ અતિશયો વગેરે જે પ્રાપ્ત થયા હોય છે તે કેવલજ્ઞાનીઓને હોતા નથી. એમ છતાં તેઓને પરમ આત્મા એટલે કે પરમાત્મા જરૂર કહી શકાય છે. ફક્ત તીર્થંકરનું વિશેષણ લાગુ પાડી શકાતું નથી. સર્વજ્ઞપરમાત્મા થવું તે એક વાત છે અને ( સર્વજ્ઞ સાથે ) **તીર્થંકર** થવું એ બીજી વાત છે, એટલે જ જ્ઞાનમાં સમાનતા હોવા છતાં કરોડો-અબજો વરસોથી ભરતક્ષેત્રની ધરતી ઉપર કાળે કાળે બંધ થઈ જતા મોક્ષમાર્ગના દરવાજા ઉઘાડવાનું કામ તો સામાન્ય કેવલજ્ઞાનીઓ કરી શકતા નથી. એ કામ તો તીર્થંકરોથી ઓળખાતા પરમાત્માઓ જ કરે છે. લાખો-કરોડો જીવોને મોક્ષમાં પ્રવેશ કરાવવાનું, દ્વાર નિર્માણ કરવાનું કાર્ય તીર્થંકરો જ કરે છે અને આ તેમની અસાધારણ દેણ છે. આ અધિકાર વિશ્વ ઉપર એમને જ વરેલો છે. વીતરાગ-સર્વજ્ઞ બનેલા ભગવાન શ્રી ઋષભદેવ આવા જ એક મહાન તીર્થંકર પુરુષ

---

૧. જેમ અબજોપતિ રાજા હોય અને નગરશેઠ પણ હોય પરંતુ નગરશેઠ રાજા ગણાતો નથી. કેમકે જે ઐશ્વર્ય અને વૈભવ રાજાને હોય છે તે શેઠને હોતા નથી. સંપત્તિમાં સમાન છતાં રાજા એ રાજા અને પ્રજા એ પ્રજા કહેવાય છે તેમ.

હતા. જેમણે અસંખ્ય વરસોથી ( ૧૮ કોડાકોડી સાગરોપમકાળ સુધી ) બંધ થઈ ગએલા મોક્ષના દરવાજા પુનઃ ખોલી જન્મ, જરા, મરણ, આધિ, વ્યાધિ, ઉપાધિ, રોગ, શોક, દુઃખથી પીડાતા, મોહ-માયામાં ગ્રસ્ત બનેલા, ઘોરઅંધકારમાં અથડાતા લાખો-કરોડો જીવોને પ્રકાશનો માર્ગ બતાવી મુક્તિમાર્ગના પ્રવાસી બનાવી દીધા.

આવા શ્રી ઋષભદેવ ભગવાનની વીતરાગભાવથી નીતરતી, વીતરાગતાના આદર્શના અસાધારણ દર્શન કરાવતી સોળમી શતાબ્દીમાં પ્રતિષ્ઠિત થએલી, અલૌકિક, ભવ્યમૂર્તિ આ પહાડ ઉપર બિરાજે છે. સેંકડો વરસોથી લાખો માણસોથી પૂજાતી આ મૂર્તિ દેખીતી રીતે આરસની હોવા છતાં ખરેખર જોઈએ તો તે, વિશ્વમાં વર્તતા ઊંચામાં ઊંચી કોટિના શાંત-પ્રશાંત પરમાણુઓથી છવાએલી-ભરેલી છે, દશેદિશાઓમાં દિવ્ય ચેતનાઓને *પ્રસારિત કરતી અને દશે દિશાઓને તે પ્રભાવિત કરતી રહે છે.

આવી યોગ્યતા તીર્થંકરોના આત્માને ત્યારે જ પ્રાપ્ત થાય છે કે અનેક જન્મમાં વિશ્વના માત્ર માનવ જ નહિ પણ માનવેતર પ્રાણીઓના કલ્યાણ માટે સેવેલા માત્ર વિશ્વ મૈત્રીભાવ નહિ પણ બ્રહ્માંડ = ચૌદરાજલોકના જીવો માટે સેવેલા મૈત્રીભાવ તથા ત્યાગ, તપ અને સંયમની સાધના દ્વારા આત્મા સર્વથા રાગ-દ્વેષ છોડી, અક્રોધી, અમાની, અમાયી, અલોભી બની જાય છે. અને ત્યારે જ તે વીતરાગ શબ્દથી સંબોધાય છે અને તેથી જ તેની મૂર્તિની બાજુમાં રાગદશા કે દ્વેષદશાને સૂચવતા સ્ત્રી, શસ્ત્રો જેવાં કોઈ પ્રતીક હોતાં કે રખાતાં નથી. હોય છે દર્શકો વીતરાગ અવસ્થાને પ્રાપ્ત કરે તે માટેનો માત્ર એક વીતરાગતાનો જ આદર્શ.

---

* એની રેંજમાં આવનારને અને એ ચેતનાની સ્પર્શના જ્યાં જ્યાં સુધી થતી હોય છે, ત્યાં ત્યાં પરમશાંતિ પ્રાપ્ત થતી હોય છે.

આજે આ સમગ્ર ગર્ભગૃહ, અત્યંત પ્રભાવિત દિવ્ય ચેતનાઓનું ધામ બની ગયું છે અને ચેતનાના વાતાવરણમાં રહો ત્યારે ક્ષણભર પરમાત્મા સાથે અભેદભાવ દર્શન થઈ જાય છે, વિકલ્પો શમી જાય છે. વળી ઘર, સંસાર બધું ભૂલીને આત્મા સાથે આત્માના મિલનનો અનુભવ થયા વિના રહેતો નથી. આ અનુભવની વાત છે.

## એક અદ્ભુત કહી શકાય તેવી અભૂતપૂર્વ ઘટના

સોળમાં સૈકામાં (૧૫૮૭માં) જ્યારે પ્રતિષ્ઠા થઈ ત્યારે પ્રતિષ્ઠાનું વર્ણન કરતા એક પ્રબન્ધ ગ્રન્થમાં એક ઐતિહાસિક નોંધમાં લખ્યું છે કે શ્રીઆદીશ્વર ભગવાનની પ્રતિષ્ઠા થઈ ગયા પછી પ્રતિષ્ઠાના મંગલ પ્રસંગે અદૃશ્ય રીતે ઉપસ્થિત રહેલાં દેવોમાંથી એક દેવે પ્રભુની મૂર્તિમાં પ્રવેશ કરીને પ્રતિમા જ જાણે સાત વખત શ્વાસોશ્વાસ લઈ રહી હોય તેવું દૃશ્ય લોકોમાં વધુ શ્રદ્ધા જગાડવા ખડું કર્યું હતું. દેવોએ પણ મૂર્તિને પ્રભાવિત કરવા દૈવિક પ્રભાવનું આરોપણ કર્યું હતું. તે જોઈને દર્શકોનાં હૈયાં ભાવવિભોર બની સ્તબ્ધ બની ગયાં હતાં. આજે આ પરમાત્મા જાણે જીવંત બેઠા હોય, હાજરાહજૂર હોય તેવા લાગે છે. દર્શન કરતાં સહુ ભાવવિભોર બની જાય છે, અને અનેરા સાન્નિધ્યનો અનુભવ કરે છે. મૂર્તિ અને મૂર્તિનું ગર્ભગૃહ દિવ્ય ચેતનાઓથી ઠસોઠસ ભરેલું છે એટલે સેંકડો વર્ષથી આ મૂર્તિ સહુનું મહાન આકર્ષક અને અનન્ય શ્રદ્ધાનું સ્થાન બની ગઈ છે. એવા સંસ્થાને-આકારે અડીખમ બેઠી છે કે જોતાં જ ભલભલાનાં હૈયાં ત્રિકરણ ભાવે ઝુકી પડે છે. યાત્રાએ આવનારા યાત્રિકોના શરીરની ગમે તેવી પ્રતિકૂળતા હોય પણ તીર્થ અને દાદાનો પ્રભાવ એવો છે કે હિંમત અને શ્રદ્ધાથી યાત્રાએ જાય છે તેની યાત્રા સારી રીતે સફળ થાય છે. માણસ હસતો જાય છે અને હરખાતો પાછો આવે છે. દાદાનો પ્રભાવ જ કોઈ અનેરો પથરાએલો છે. હજારો આત્માઓ એનો અનુભવ કરતા રહ્યા છે.

**નોંધ :—ત્રીજા નંબરનો અભિષેક અંગેનો લેખ શરૂ કરતાં પહેલાં અભિષેક એ વસ્તુ શું છે ? તેનો ખ્યાલ આપતું નીચેનું લખાણ વાંચી લો.**

*

# અભિષેક શું છે?

* અભિષેક એ એક શાશ્વતકાળથી ચાલી આવતી સર્વ ધર્મોમાં અને સારાય વિશ્વમાં સર્વમાન્ય થએલી એક અતિ શ્રેષ્ઠ મંગલકારી પ્રથા છે.

* અભિષેક એ તન, મન અને આત્માને પવિત્ર અને શુદ્ધ કરનાર તેમજ શીતલતા આપનારી સુંદર, આકર્ષક ક્રિયા છે.

* અભિષેક એ હૃદયના આધ્યાત્મિક ભાવોને વિકસ્વર કરનારી, પરમ શાંતિ આપનારી પ્રભાવશાળી પાવન ભક્તિ છે.

* અભિષેક એ શાશ્વતકાળથી ઉજવાતા તીર્થંકરદેવોના પાંચે કલ્યાણકોમાં સૌથી વધારે શ્રેષ્ઠકક્ષાની ઉજવણી છે. દેવોને સૌથી વધુ આનંદ પ્રસ્તુત જન્મકલ્યાણકનો એટલે અભિષેકની ભક્તિક્રિયાનો જ હોય છે.

લેખ નં. ૩

મહામંગલકારી ક્રિયા

# અભિષેક

*

## પ્રસ્તુત લેખના વિષયોની તારવણી—

* અભિષેક પાછળનો ઉદ્દેશ માત્ર પહાડની શુદ્ધિનો નહિ સાથે ભક્તિનો પણ છે.
* અભિષેક જો કે ચૈતન્ય અને જડ બંનેના થાય છે છતાં જડ વસ્તુના વધારે થતા હોય છે.
* અત્યારે થનારા અભિષેક શું છે?
* અભિષેકની જરૂરી પ્રશ્નોત્તરી
* જળ-પાણી તત્ત્વનો મહિમા શું છે?

## અભિષેક અંગેની ભૂમિકા—

પાલીતાણાના અભિષેકના કારણે અનેક લોકોના મનમાં સવાલો ઊઠ્યા. પહાડના અભિષેક કરવાના હોય નહિ. શું આજ સુધીમાં કોઈએ પહાડના અભિષેક કર્યા છે ખરા? શાસ્ત્રમાં કહ્યું છે ખરૂં? આ નવી વાત ક્યાંથી લાવ્યા? શાસ્ત્ર વિરુદ્ધ વાત છે. પોતાનાં અહંને પોષવા પોતાની વાહવાહ અને પ્રસિદ્ધિ માટે અભિષેક થવાના છે. આખો પહાડ દૂધથી ધોવડાવશે તો કેટલા ટન દૂધ વપરાશે?

ધનનો કેટલો બધો દુર્વ્યય થશે? પહાડ તો સ્વયં શુદ્ધ હોય છે, તેને શુદ્ધ કરવાની જરૂર હોય ખરી? આ સિવાય પણ નાના-મોટા જાતજાતના સવાલો જનતામાં ઊભા થયા હતા. છાપાવાળાઓએ પણ આ પ્રશ્નને યોગ્ય સ્થાનેથી પૂરતી તેમજ પાકી માહિતી મેળવ્યા સિવાય લોકોમાં ચાલતી પ્રચલિત વાતો ઉપરથી ખોટી રીતે ખૂબ ખૂબ ચગાવ્યો હતો.

**પ્રશ્ન**—એ ચગાવવા માટે શું નિમિત્ત બન્યું?

**ઉત્તર**—તેનું કારણ અભિષેક કરાવનાર જ્ઞાતિ તરફથી થોડી ગેરસમજભરી, અધૂરી વિગતવાળી અને દેશકાલને ખ્યાલમાં રાખ્યા સિવાય ભાવાવેશમાં લખાએલી જે પુસ્તિકા બહાર પડી તે પુસ્તિકા બની. વળી તે ઉપર શત્રુંજયના પહાડના અભિષેકનું હેડીંગ કરવામાં આવ્યું અને સમગ્ર ડુંગર ઉપર અભિષેક થઈ રહ્યો છે તેવું ચિત્ર પણ છાપ્યું અને અંદર પણ એવું જ લખાણ એટલે ચારે બાજુએ જોરશોરથી વાત ફેલાઈ ગઈ કે આખા ડુંગરનો અભિષેક થવાનો છે. સામાન્ય પબ્લિકનું એવું છે કે પોતાની ખાસિયત મુજબ કોઈવાર આંખથી જુએ પછી કાનથી સાંભળે પણ બુદ્ધિનો ઉપયોગ જે પહેલો કરવો જોઈએ ત્યારે તે છેવટે જ કરે છે. લખાણ વાંચીને પહેલા સાચી પરિસ્થિતિની જાણ માટે બુદ્ધિનો ઉપયોગ કર્યો હોત અને યોગ્ય સ્થળેથી પૂરી માહિતી મેળવી હોત તો ખોટી ગેરસમજો ઊભી થવા ન પામત!

આ બધા પ્રશ્નોનું સમાધાન સમજપૂર્વક સાચી રીતે જ વાચકોને થાય એ માટે પહાડની બાબતના અભિષેક અંગે પ્રશ્નોત્તરરૂપે મારી અલ્પ-સ્વલ્પ સમજ મુજબ થોડું જણાવું છું.

## જડ વસ્તુનો અભિષેક હોઈ શકે?

**પ્રશ્ન**—પહાડ જડ છે તે જડનો અભિષેક-પૂજા વગેરે હોઈ શકે?

**ઉત્તર**—તીર્થંકરોના શરીરમાંથી તેમનો આત્મા ચાલી જાય પછી શરીરને મડદું કહેવાય છે. એ જડ છે છતાં તીર્થંકરોના જડ શરીરનું કેવી ધામધૂમથી અભિષેક અને વાસક્ષેપ આદિથી પૂજન થાય છે! ત્યારપછી માથે મુગટ અલંકારો આદિ શ્રેષ્ઠ રીતે શણગાર કરવામાં આવે છે. એમની અંતિમયાત્રા (પાલખીયાત્રા) નીકળે છે, તેમાં ઇન્દ્રો અને દેવો પણ અવશ્ય હાજરી આપે છે. આપણે ત્યાં ભક્તિના ઉદ્દેશથી થતી આરાધનાથી જીવનમાં કંઇક પ્રેરણા મળે, વળી બાહ્ય અને આભ્યન્તર દૃષ્ટિએ લાભ તથા આત્માની શુદ્ધિ થાય તે માટે જડ શરીરની પણ પૂજા કરવાની પ્રથા છે. ભગવાન મહાવીરના મૃત શરીરને મુગટ આદિ પહેરાવી તેની પાલખી-યાત્રા કાઢયાનો ઉલ્લેખ શાસ્ત્રમાં મળે છે.

વળી તીર્થંકરના શરીરથી પર રહેનારું 'ધર્મચક્ર' તેની તો ભરતચક્રવર્તીએ કેવા ભારે ઉત્સાહથી પૂજા કરી હતી! તીર્થંકર-દેવોની કોઈ પણ ચીજ સિંહાસન, અશોકવૃક્ષ કે સમવસરણ જે કંઈ હોય તે બધું જડ હોવા છતાં લોકો માટે વંદનીય, પૂજનીય હોય છે, એ જ રીતે ધર્મગુરુઓના મૃતશરીરની પણ બહુમાનપૂર્વક પૂજા થાય છે, બોલીઓ બોલાય છે અને ધામધૂમથી વિદાય અપાય છે. આમ દેવગુરુને લગતા અનેક પ્રસંગો રજૂ કરી શકાય. વળી ધાર્મિક ક્ષેત્રમાં આવતાં અનેક સાધનો જડ હોય છે. જેમકે મૂર્તિઓ, દેવ-દેવીઓ, કળશ, આરતી વગેરે છતાં તેનાં પણ પૂજા-બહુમાન થાય છે.

દુનિયામાં અનેક ક્ષેત્રમાં જડ-પૌદ્ગલિક વસ્તુઓનાં પૂજનો સર્વત્ર કરવાની પ્રથા પ્રચલિત છે. એને જળ, અક્ષત, ફળ, નૈવેદ્ય, શ્રીફળ, હારતોરા વગેરેથી આદર-બહુમાન કરવા દ્વારા તેના પ્રત્યે હૃદયની શુભ ભાવનાઓ કૃતજ્ઞતાઓ, વગેરે વ્યક્ત કરવામાં આવે છે.

પ્રથમ રાજાઓ તરફ નજર કરીએ તો દશેરાના દિવસે શસ્ત્રોની

અને શાલ્મલી વૃક્ષની પૂજા, લશ્કરના સેનાપતિઓ પણ જૂનાં–નવાં શસ્ત્રોની, વેપારીઓ દિવાળીના દિવસોમાં ચોપડા અને ધનની, કારખાનાવાળા વાસ્તુ વખતે કારખાનાનાં, દરવાજાઓનાં, તથા યન્ત્રોનાં, વળી મોટરો, એન્જિનો, રસ્તાઓ, મંદિરો તથા ઘરના દરવાજા વગેરેનાં પૂજનો સર્વત્ર થતાં જોવામાં આવે છે.

તાત્પર્ય એ કે હજારો વરસથી સંસારમાં–વિશ્વભરમાં જડવસ્તુઓનાં પણ પૂજન આદિ કરવાની પ્રથા જોરદાર રીતે ચાલી આવે છે. એની પાછળ પૂજક માનવીની ભાવના–દૃષ્ટિ, જેનું પૂજન કરે છે તે વસ્તુ તેને આશીર્વાદરૂપ નીવડે, દીર્ઘકાળ તે ટકી રહે અને તે દ્વારા પોતાને ઇષ્ટ લાભ થાય એ હોય છે. સાથે સાથે ગૌણપણે બીજાઓનાં ભલાની ભાવના પણ સંકળાએલી હોય છે.

* * *

**પહેલાં અભિષેકનો વિધિ શા માટે છે એ વાત સમજી લઈએ.**

અભિષેક માત્ર શુદ્ધિ માટે જ થતા હોય છે એવું નથી. એની સાથે ભક્તિ પણ એટલી જ સંકળાએલી હોય છે. ક્યાંક એક કારણથી તો ક્યાંક બંને કારણથી અભિષેકની પ્રવૃત્તિ થઈ શકે છે. અભિષેકસમિતિ (મુંબઈ) તરફથી પ્રગટ થએલ પ્રચાર પુસ્તિકામાં શુદ્ધિ સાથે ભક્તિનો હેતુ જો જોડયો હોત તો ઠીક થાત! કારણકે પહાડના અભિષેક પાછળનો ઉદ્દેશ ગૌણપણે આંશિકશુદ્ધિ ભલે થાય પણ પ્રધાનપણે તો પહાડ પ્રત્યેની ભક્તિનો છે. એ દ્વારા પહાડનું નહિ પણ મોક્ષે ગએલા અસંખ્ય આત્માઓનું બહુમાન કરવાપૂર્વક ભક્તિ વ્યક્ત કરવાની છે. અલબત્ત 'આખા પહાડનો અભિષેક'ની થએલી જાહેરાતનો અર્થ એ જ થાય કે આખા પહાડની શુદ્ધિ. પણ ભલા, આ શુદ્ધિ

મેઘરાજા સિવાય વિશ્વમાં કોણ કરવા સમર્થ છે? રેત–ધૂળથી છલોછલ ભરેલાં જંગી પહાડોની શુદ્ધિ થઈ શકવાની શકયતા જ કયાં છે? પાણી પડવાથી તો ઉલટી અશુદ્ધિ, ગંદકી ઓર વધી જાય, માટે પહાડની શુદ્ધિની વાત લખવી કે બોલવી એ અણસમજ-ભરી તદ્દન અવાસ્તવિક બાબત છે.

વળી અહિંસા અને કરુણામાં માનનારા ભક્તો, અસંખ્ય સૂક્ષ્મ જીવોથી ભરેલા પહાડ ઉપર પાણીનો ધોધ વહાવી અસંખ્ય જીવોનો ખતમો બોલાવે ખરા? હરગિજ નહીં. પહાડો તો સ્વયં શુદ્ધ છે માટે તો તેની સ્પર્શના કરવા, તેને ભેટવા યાત્રિકો દોડયા આવે છે. શુદ્ધ એવા પહાડને અશુદ્ધ કહેવાની જરૂર જ કયાં છે? હા, પહાડના કોઈ કોઈ ભાગમાં કે રસ્તા ઉપર અશુચિ–વસ્તુઓ નાંખવામાં આવી હોય, સ્રીઓને મેન્સીસ વગેરેનાં કારણે રસ્તા અપવિત્ર થયા હોય તો એટલા જ ભાગોની શુદ્ધિ માટે ધોવાનો હોય તે અલગ વાત છે પણ સમગ્ર પહાડના અભિષેકની વાત કરવી તે બરાબર નથી.

અત્યારે જે અભિષેકનો નિર્ણય થયો છે તે પહાડના નક્કી કરેલા મુખ્યમાર્ગ છ ગાઉ, ઘેટીપાગ વગેરે દશ–વીશ સ્થાનો ઉપર જ થવાનો છે. વળી ચાલુ મુખ્ય રસ્તાના પગથિયાં ઉપર અભિષેક કરવાનું રાખ્યું જ નથી. રસ્તાની બંને બાજુએ ધરતી ઉપર અભિષેક કરતા કરતા ઉપર જવાનું છે. જેથી અન્ય યાત્રિકોનાં પગ નીચે પાણી આવે નહિ અને આશાતના થાય નહિ. વળી દૂધનો ઉપયોગ પણ ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં થવાનો છે.

* * *

# વાચકોને સરળતાથી જલદી સમજાય એ માટે અભિષેકની થોડી વધુ પ્રશ્નોત્તરી જોઈએ

શત્રુંજય તીર્થ અને તેના પ્રભાવની વાત સંક્ષેપમાં પૂરી કરી. હવે સંક્ષેપમાં જ પહાડના અને મૂર્તિઓના અભિષેક બાબત શું છે તે જોઈએ.

અભિષેક એટલે જળસિંચન કે જળસ્નાન. તે શા માટે? તો અન્ય વસ્તુની સ્વચ્છતા અને શુદ્ધિ માટે. જે વાત આ લેખમાં અગાઉ કહેવાઈ ગઈ છે.

**પ્રશ્ન**—ભગવાનના, પહાડના કે કોઈ ધાર્મિક વસ્તુના અભિષેક પણ શું માત્ર શુદ્ધિ માટેના જ હોય છે?

**ઉત્તર**—ના, અમુક અભિષેક પાછળ પ્રધાનકારણ તો ભક્તિ હોય છે પણ સાથે સાથે શુદ્ધિકરણ જરૂર સંકળાએલું હોય છે. એટલે તીર્થંકરોની મૂર્તિઓના અભિષેક ભક્તિ, શુદ્ધિ બંને હેતુથી કરવામાં આવે છે, પણ પહાડના અભિષેક પાછળ માત્ર ભક્તિને પ્રાધાન્ય આપવું વધુ યોગ્ય છે.

**પ્રશ્ન**—ભગવાનના અભિષેકની વાત તો સહુને સમજાય તેવી છે પણ પહાડના અભિષેક શા માટે? કોઈએ પહાડનો અભિષેક કર્યો છે ખરો?

**ઉત્તર**—ના, પહાડનો અભિષેક કોઈ કરતું નથી, કોઈ કરી શકે તેમ પણ નથી. પહાડનો સર્વત્ર અભિષેક તો ફક્ત મેઘરાજા સિવાય કોઈ કરી શકે તેમ નથી એટલે પહાડના અભિષેકની વાત કહેવી, લખવી કે છાપાં કે પુસ્તકો દ્વારા પ્રચારવી તે શાણા બુદ્ધિવંતો માટે ઉચિત બાબત નથી.

**પ્રશ્ન**—જો પહાડનો અભિષેક અવાસ્તવિક છે તો શત્રુંજયના પહાડનો અભિષેક શા માટે યોજાયો છે?

**ઉત્તર**—જૈન અનુશ્રુતિઓ (શાસ્ત્રો)નાં કથન મુજબ અખિલ બ્રહ્માંડમાં અસંખ્ય જીવો જે ધરતી ઉપર બેસીને, સમાધિસ્થ બનીને, મોક્ષ પ્રાપ્ત કરી, સિદ્ધાત્મા બની ગયા તે કારણે. તેમજ એ જીવોએ કરેલી તપ-ત્યાગની સાધના દ્વારા તેઓના આત્મામાંથી પ્રગટેલી આભા-જ્યોતિ દ્વારા જે પહાડ પવિત્ર અને પ્રબુદ્ધ બન્યો છે, તે પહાડ આ શત્રુંજય એક જ છે. અરે ! જૈન અનુશ્રુતિઓ તો ત્યાં સુધી કહે છે કે પાલીતાણાના કણે-કણે, કાંકરે-કાંકરે અનંતા જીવો સિદ્ધ થયા છે અને તેથી આ સમગ્ર પહાડ મૂર્તિસ્વરૂપ બની ગયો છે. જેમ તીર્થંકરની મૂર્તિ વંદનીય, પૂજનીય અને આરાધ્ય હોય છે અને મંદિરમાં રહેલી તીર્થંકરની મૂર્તિઓને ભક્તિભાવથી અભિષેક કરવામાં આવે છે તે રીતે જ વંદનીય, પૂજનીય પવિત્ર એવા પહાડના (જરૂરી ભાગમાં) અભિષેક શા માટે ન થઈ શકે ? જરૂર થઈ શકે છે. શું વિશિષ્ટ-પવિત્ર વ્યક્તિઓએ વાપરેલાં કપડાં, તેની વપરાએલી વસ્તુઓ જે કંઈ હોય તે સંસારમાં દર્શનીય, વંદનીય, પૂજનીય નથી ગણાતી ? ગણાય જ છે.

'પહાડ' આવા ગુજરાતી શબ્દનો ઉચ્ચાર સમુચ્ચયે બોલવા ચાલવાના વાણી વ્યવહારમાં ભલે કરીએ પણ પ્રસ્તુત અભિષેકવિધિના આ પ્રસંગમાં તો પહાડ શબ્દથી સમગ્ર પહાડની ભૂમિનું ગ્રહણ કરવાનું નથી પણ તેમાં જુદા જુદા વિભાગો-સ્થાનો જ સમજવાનાં છે. અને ત્યાં અભિષેક થાય તો પણ સમગ્ર પહાડને અભિષેક કર્યો એમ શ્રદ્ધાથી માનવામાં આવે છે. કોઈ મોટા જંગી રાજમહેલના ઉદ્ઘાટન માટે શું સમગ્ર રાજમહેલના દરવાજાઓ ઉઘાડવાના હોય છે ખરા ? નહીં જ. ફક્ત મુખ્ય દરવાજાનું ઉદ્ઘાટન કરવામાં આવે તે કાફી છે અને એક જ દરવાજાનું ઉદ્ઘાટન એ સમગ્ર રાજમહેલનું જ થયું ગણાય છે. એ રીતે અહીં સમજી લેવું જરૂરી છે.

અંગૂઠો એ શરીર સાથેનો જ એક અતિ નાનકડો ભાગ છે. સંઘપૂજનમાં, ગુરુપૂજનમાં, ભક્તિથી માત્ર અંગૂઠો પાણીથી ધોયો એટલે તેના સમગ્ર શરીરનું બહુમાન કર્યું એમ આપણે માનીએ જ છીએ. પાલીતાણાની નવ્વાણુ યાત્રા પ્રસંગે ડુંગરપૂજાનો વિધિ કરવામાં આવે છે. તે માત્ર ચાલુ પગથિયાં ઉપર કળશથી પાણીની ધાર નાખતાં નાખતાં ઉપર જવાનું હોય છે. છતાં પણ એટલા ભાગની પૂજા કરીને આખા ડુંગરની પૂજા કર્યાનો સંતોષ લેવામાં આવે છે અને આ વિધિ આજે 'ડુંગર-પૂજા' એ નામથી જ ઓળખાય છે.

દહેરાસરોમાં અવરનવર થતાં અઢાર અભિષેક એને જો લઘુ આવૃત્તિ ગણીએ તો મૂલનાયક ભગવાનના અભિષેક સહિત થતા આજના અભિષેક તેની બૃહદ્ આવૃત્તિ છે એમ સમજવું જોઈએ. આ કંઈ નવો વિધિ નથી.

**પ્રશ્ન**—ઘણાં પૂછે છે કે આ અભિષેકની ફલશ્રુતિ શું ?

**ઉત્તર**—ટૂંકમાં કહીએ તો શુભ પુણ્યનો બંધ. સાથે સાથે અશુભ કર્મનો સંવર અને શુભાશુભ કર્મની નિર્જરા તેમજ કર્મના ભારમાંથી યથાયોગ્ય મુક્તિ. ચાલુ શબ્દોમાં શુભનું આગમન અને અશુભનું વિસર્જન. આ લાભ ક્યાં ઓછો છે ? બાહ્ય દૃષ્ટિએ જોઈએ તો મનનો શ્રેષ્ઠકોટિનો આનંદ છે. વળી પાણીમાં શીતલતાનો ગુણ છે એટલે પાણીથી ભક્તિ કરવાથી ભક્તિ કરનારના શરીરમાં ઉષ્ણતા ઘટે છે, શીતલતા પ્રાપ્ત થાય છે. [૧]શરીરનું તંત્ર વિકસ્વર થઈ જાય છે. માનસિક પીડા શાંત થાય છે. બીજું પાણીથી અભિષેક થતો હોવાથી પાણી એ પ્રાણશક્તિ

૧. પાણીની ઉપયોગિતા શરીર માટે કેવી જોરદાર છે તે ડૉક્ટર દ્વારા જાણી લેજો.

છે અને એ પ્રાણશક્તિનો સંચાર અભિષેક કરનારના આત્મા, મન અને શરીરમાં થાય છે.

*પાણીને ભારતીય મહર્ષિઓએ, શાસ્ત્રોએ 'પ્રાણ' કહ્યું છે. શરીરના, જીવમાત્રના આધારરૂપ છે. પાણી એ વિશ્વના જીવોનું જીવન છે. પાણીમાં સંખ્યાબંધ શક્તિઓ રહેલી છે તેથી અનેક માનસિક અને શારીરિક દર્દોનું યથાયોગ્ય શમન કરવામાં પાણી એ કેવો કેવો અગત્યનો ભાગ ભજવે છે એનું વિવેચન કરવાનું આ સ્થાન નથી. જલપૂજા–અભિષેકથી કેટલીક દૈવિક શક્તિઓ પણ પ્રસન્ન થાય છે. ઘરમાં પાણીનો પ્રથમ આદર થાય છે. કોઈ મહેમાન આવે તો પાણીથી પ્રથમ સ્વાગત કરીએ છીએ. તેવી રીતે ભગવાનની પૂજા પ્રથમ જળથી જ થાય છે. એ સૂચવે છે કે પાણી અદૃશ્ય રીતે ઘણો ઘણો કલ્પનાતીત ભાગ ભજવનાર અને પ્રાણીમાત્રને અનેક રીતે પરમઉપકારક વસ્તુ છે.

અભિષેક એ વીતરાગ પરમાત્માની એક ભક્તિ છે. એ

---

* પ્રાણતત્ત્વ ગણાતા પાણીનાં પરમાણુઓમાં કેવી ગૂઢ શક્તિઓ છે તે માટે તેની એક શક્તિનો પ્રસંગ બહુ જ સંક્ષેપમાં જણાવું.

મને પોતાને મુંબઈમાં એક્ષીડન્ટ થયો. મણકાને નુકશાન પહોંચ્યું. કરોડરજ્જુમાં થતા લોહીના સરક્યુલેશનને ક્ષતિ પહોંચી, ડોકટરોએ મારી પાસે તીવ્ર ચિંતા વ્યક્ત કરી કે જો ત્રણેક દિવસમાં સરક્યુલેશન બરાબર શરૂ નહિ થાય તો આપ કાયમ માટે બેસી નહીં શકો. ત્યારે મેં ડોકટરને કહ્યું કે તમે ચિંતા કરશો નહિ. તમે તમારો ઉપાય કરો, હું મારો ઉપાય કરૂં. પછી મેં મંત્રેલો ગ્લાસ પલંગની નીચે કમ્મરની નીચે આવે એ રીતે મુકવાનો પ્રયોગ, પાંચ દિવસ રોજેરોજ પાણી બદલાવીને કરાવ્યો હતો. જેના પરિણામે સરક્યુલેશન ચાલુ થઈ ગયું અને ડોકટર તથા પાર્લા હોસ્પીટલના સ્થાપક ભક્તિવંતશ્રી રતિલાલ નાણાવટી સહુ ખૂબ જ આનંદિત થયા હતા.

ભક્તિ ઉત્તરોત્તર આગામી જન્મમાં મોક્ષાનુલક્ષી સંયોગો પ્રાપ્ત કરાવનાર છે. પરમાત્માની ભક્તિ કરીને કેટલાય જીવો પરમાત્મા-ભગવાન બન્યા અને બનવાના છે તે માટે શ્રેણિક, સુલસા, રેવતી વગેરેનાં દૃષ્ટાંતો સુપ્રસિદ્ધ છે.

બંને સુશ્રાવક મહાનુભાવોએ કરેલા આ મંગલકારી-કલ્યાણકારી આયોજનથી તીર્થભક્તિ અને ( મને મળેલી માહિતીના આધારે કહું તો ) જિનભક્તિનું એક મહત્ત્વનું કાર્ય થઈ જશે. ઉપરનાં નાનાં-મોટાં તમામ મંદિરો, દેરીઓ અને મૂર્તિઓનું સાફકરણ, શુદ્ધિકરણ અને સ્વચ્છીકરણ થશે. આ સેવાથી ભાવભક્તિનો એક ઇતિહાસ સર્જાશે. હજારો યુવાનોના હજારો હાથો અને યુવાશક્તિ એવા કામે લાગી જશે કે તમામ મંદિરો, જિનબિંબો સુંદર અને સ્વચ્છ બની જશે. વળી જ્યાં ભગવાનને ચક્ષુ વગેરેની ખામી હશે તે બધી ખામી દૂર કરવામાં આવશે. નવાં હજારો ચક્ષુ-તિલકોથી પ્રતિમાજી અનેરી રીતે શોભી ઉઠશે. ખરેખર ! આ એક અભૂતપૂર્વ ભક્તિનું અત્યન્ત અનુમોદનીય અને વિશાળ આયોજન છે.

બાકી તો આ નિમિત્તે સેંકડો સાધુ-સાધ્વીજીઓના મિલનનો, દર્શનનો અને પરસ્પર મૈત્રીભાવ કેળવવાનો જે લાભ થશે તે વધારામાં.

આ બધા યશના ભાગીદારો બંને શ્રાવકરત્નો અને તેમના પ્રેરક તપસ્વી શાસન પ્રભાવક પુણ્યાત્મા ગુરુદેવો છે.

એક બીજી વાત-કોઈપણ નાનું-મોટું કામ બધાને સંતોષ આપી શકે એવું જવલ્લે જ બને, તો પછી મોટું કામ શી રીતે બધાને સંતોષ આપી શકે ? કેમકે બધાની શ્રદ્ધા અને વિચારો જુદા જુદા હોય છે. આવા પ્રસંગે કોઈ કોઈ બાબતો સંભવ છે કે કોઈને અનુચિત પણ લાગે, પરંતુ તે વખતે એ

બાબતને માત્ર પોતાની બુદ્ધિના ગજથી ન માપતા કરાવનારની બુદ્ધિના ગજથી પણ માપવી જરૂરી છે. એ રીતે માપીએ તો વધુ પડતા વિરોધનું કારણ ન બને. બાકી એ યાદ રાખવું કે માણસ એ કંઈ ઈશ્વર નથી–સંપૂર્ણ નથી જે સહુને સંતોષ આપી શકે! આ વખતે સાપેક્ષ દૃષ્ટિ અને લાભાલાભ નજર સામે રાખવા.

અભિષેક કરાવનારા બંને પુણ્યવાનો સરલ અને સાદા છે. જેઓને કોઈ સન્માન મેળવવાની પડી નથી, સન્માનથી સદા દૂર રહેનારા છે. જેને અભિમાન કહીએ તે અર્થમાં અભિમાન જેમને સ્પર્શ્યું નથી. તેમાં રજનીભાઈ તો આજથી પાંચ વર્ષ પહેલાં સંસારનો ત્યાગ કરી સંયમ લેવા એટલે કે સાધુ થવાના નિર્ણય ઉપર મક્કમ થઈ ગયા હતા. એ બાબતમાં તેઓએ મારી પણ સલાહ લીધી હતી. અને મેં તેમને સમગ્ર પરિસ્થિતિનો તોલ કરીને હાલમાં દીક્ષાની ઉતાવળ ન કરવા સમજાવ્યા હતા.

આ રજનીભાઈ કે જેમણે શ્રીઋષભદેવ ભગવાનની ભવ્ય મૂર્તિનું ઘેલું લાગ્યું છે. તે કહે છે કે હું જે કંઈ છું તે આ દાદાના પ્રતાપે જ છું અને આથી આ દાદાની પાછળ મારું સર્વસ્વ ન્યોચ્છાવર કરી દઉં તો પણ ઓછું છે!

અંતમાં આ અભિષેક સમારોહ, સારી રીતે સફળ બની રહે અને આ અભિષેકથી ઊભું થનારૂં વાયુમંડળ યુદ્ધનાં ઘેરા બનેલાં વાદળોને શીઘ્ર વિખેરવામાં સહાયક બને અને માનવ–માનવ વચ્ચે પ્રેમ અને મૈત્રીભાવનું વાતાવરણ સર્જાય તેમજ લાખો–કરોડો જીવો આત્મકલ્યાણ સાધે એ મંગલકામના!

—સુપ્રસિદ્ધ મુંબઈ સમાચાર પત્રમાંથી ઉદ્ધૃત

—અહીં લેખમાળા પૂરી થઈ—

## અભિષેકના ત્રણ નંબરના લેખની થોડી પૂરવણી

પ્રથમ 'અભિષેક' શબ્દનો અર્થ જોઈએ. अभि એટલે સંપૂર્ણ રીતે, षेक એટલે સિંચન, એટલે કે સ્નાન કરવું તે. અહીંયા સિંચનનો સંબંધ જળની સાથે છે. આ માટે બીજો શબ્દ 'સ્નાત્ર' વપરાય છે. વ્યવહારમાં જ્યારે રાજા ગાદીએ બેસે ત્યારે રાજ્યાભિષેક કરવાનો હોય છે. એમાં રાજાના શરીરને શુદ્ધ કરવા માટે સ્નાન કરાવવામાં આવે છે પછી જ ગાદી સોંપાય છે. આ અભિષેકની ક્રિયા જૈન-અજૈન મંદિરો, દેવાલયો, ઘરો વગેરે સ્થળોમાં હંમેશા થતી જ હોય છે.

જૈનધર્મમાં અભિષેકની સૌથી વિશેષ પ્રસિદ્ધિ તીર્થંકરોના જન્માભિષેકની છે. આ જન્માભિષેકનો ઉત્સવ આજે આપણી વર્તમાન દુનિયાથી અતિ દૂર દૂરની ધરતી ઉપર રહેલા, સૌથી ઊંચામાં ઊંચા જંગી [1]મેરુપર્વત ઉપર થાય છે. જે રાત્રે જે ટાઇમે ભગવાનનો જન્મ થાય કે તરત જ દેવલોકના ઇન્દ્રો દિવ્યજ્ઞાનથી અભિષેકની વાત જાણીને તીર્થંકર પ્રત્યેની શાશ્વત ફરજ બજાવવા આકાશ અને પાતાલમાંથી ૬૪ ઇન્દ્રો અને અસંખ્ય દેવ-દેવીઓ મેરુપર્વત ઉપર પહોંચી જાય છે. તે ૬૪ ઇન્દ્રોમાંથી એક સૌધર્મઇન્દ્ર ભરતક્ષેત્રમાં ભગવાન જ્યાં જન્મ્યા છે ત્યાં પહોંચી જઈને દૈવિક પ્રક્રિયા કરીને જન્મગૃહમાંથી ભગવાનને બે હાથમાં લઈને મેરુપર્વત ઉપર લઈ જાય છે અને એ જ ઇન્દ્ર ભગવાનને પોતાના ખોળામાં લઈને બેસે છે. તે પછી ક્ષીરસમુદ્રમાંથી લાવવામાં આવેલા દૂધ જેવા પાણીથી હજારો

---

૧. આ પર્વત જૈન ભૂગોળની ગણતરી મુજબ આપણે ત્યાંથી ઉત્તરદિશામાં લગભગ (એક અપેક્ષાએ) બે લાખ ગાઉ દૂર છે.

ઇન્દ્રાદિક દેવ-દેવીઓ તરત જન્મેલા બાલભગવાનનો અભિષેક કરે છે. આ અભિષેકમાં દૂધ કરતાં પાણીની જ મહત્તા અને પ્રધાનતા છે. પાણી એ જળતત્ત્વ છે. અબજો જીવોના જીવનનો આધાર પાણી છે. [૧]પાણી તમામ વસ્તુની શુદ્ધિ કરે છે અને શરીરના દશે પ્રાણોનું પોષણ અને પુષ્ટિ કરનાર હોવાથી વૈદિક, હિન્દુ અને અન્ય ધર્મોમાં તેનો ઘણો મહિમા ખૂબ ખૂબ ગવાયો છે.

જૈન મંદિરોમાં સ્થળે સ્થળે સ્નાત્રપૂજા ભણાવવાનો રિવાજ છે. સ્નાત્ર એટલે પરમાત્માની મૂર્તિની અભિષેકની-સ્નાનની ક્રિયા. તે તીર્થંકરના જન્માભિષેકનું જ અનુકરણ છે. સ્નાત્રમાં તેનો જ પાઠ બોલાય છે. અભિષેકમાં બહુધા જળની પ્રધાનતા છે. જૈન મંદિરોમાં પંચકલ્યાણક વગેરે પૂજાઓ ભણાવવાનો ખૂબ રિવાજ છે. દરેક પૂજાને અન્તે મંત્રમાં જલં, ચંદનં૦ શબ્દ બોલાય છે. એમાં પ્રથમ જલ શબ્દ જ બોલાય છે. જેમ દૂધની વાત લખી નથી તેમ કેશરની વાત પણ લખી નથી. કેશરની જગ્યાએ ચંદનની જ વાત લખી છે, એનો અર્થ એકાંતે એવો પણ ન કરવો કે દૂધ કે કેસરની મનાઈ છે.

**એક સમજવા જેવી તાર્કિક વાત—**

પાણીના અભિષેક નિમિત્તે એક જૈનાચાર્યે રચેલા એક શ્લોકમાં લખ્યું છે કે "વિશ્વવર્તી ધરતી ઉપર સર્વત્ર એક જ શાશ્વત નિયમ પ્રવર્તે છે કે કારણ વિના કાર્યની નિષ્પત્તિ થતી નથી. વળી જ્યાં કારણ હોય ત્યાં જ કાર્ય હોય છે. જેમ

---

૧. પાણીની મહત્તા અને ચમત્કારો વગેરેના પુરાવા અહીં આપતો નથી. —એ પણ યાદ આપું કે પાણી એ જીવોએ ધારણ કરેલું શરીર જ છે. આ જીવોને માત્ર શરીર ઇન્દ્રિય જ હોય છે. તેમનાં શરીર આપણી ચક્ષુથી અદર્શનીય છે. તેમનામાં જીવન છે. પાણીમાં પણ પ્રાણશક્તિ—ઉર્જા હોવાથી મનુષ્યની પ્રાણશક્તિને અત્યન્ત બળ આપનાર છે.

બીજ કારણરૂપ હોય તે બીજમાંથી જ કાર્યરૂપ વૃક્ષનો જન્મ થાય છે, એટલે કારણ અને કાર્ય એક જ સ્થાને હોય છે અને તેમાંથી ઇષ્ટ કાર્યનું નિર્માણ થાય છે.

પણ ભગવાન! તારી અભિષેકની ક્રિયાએ તો દુનિયાના કે તર્કશાસ્ત્રનાં પ્રસ્તુત શાશ્વત નિયમનું પણ ખંડન કરી નાંખ્યું.

કઈ રીતે? તો ભક્ત અભિષેક પ્રતિમા ઉપર કરે છે ત્યારે શુદ્ધિ માત્ર પ્રતિમાની જ થાય પણ અહીં તો શુદ્ધિ–નિર્મળતા અભિષેક કરનારાઓના આત્માની થાય, છે એટલે કારણ રહે છે પ્રતિમામાં અને કાર્ય થાય છે બીજે જ. આવી વિશેષતા અભિષેક વિધિમાં છે.

આ અભિષેકની ક્રિયા જિનેશ્વરદેવની ભક્તિની જ એક ક્રિયા છે, ભક્તિનો જ એક પ્રકાર છે. એમ છતાં સાથે સાથે પાણીથી પ્રતિમાની શુદ્ધિ જરૂર થાય છે. પણ એ શુદ્ધિની વાત બીજા નંબરમાં છે. પ્રથમ **ભક્તિ** અને પછી **શુદ્ધિ** આ બંને માટે અભિષેક કરવાના છે.

**પ્રશ્ન**—અભિષેક કરવાનું માનવીને મન કેમ થાય છે?

**ઉત્તર**—મનુષ્યના હૈયામાં દયા–કરૂણાની લાગણી અને ઉપકારક બુદ્ધિ હોવાથી હું બીજાને ઉપયોગી કેમ થાઉં? મારી પાસે જે છે તેમાંથી કંઈક બીજાને અર્પણ શા માટે ન કરૂં? આવી ભાવના સ્પષ્ટ–અસ્પષ્ટ રીતે માનવહૈયામાં પ્રાયઃ બેઠી હોય છે. વળી તેને એમ થાય કે મારે જે ચીજની ઝંખના કે ભોગવટો કરવો છે તે પહેલો મારાથી ન થાય પણ એ ચીજ બીજાને સમર્પણ કરી–આપીને પછી થાય, એટલે તેને ખાવા–પીવાના પદાર્થો, વસ્ત્રાલંકારો વગેરે બીજાને અર્પણ કરીને ભોગવું આવી ભાવના હોય છે. જ્યારે બીજાને અર્પણ કરવાની ભાવના થઈ ત્યારે તેને વિચાર કર્યો કે પ્રથમ કોણે અર્પણ કરૂં? ત્યારે તેને વિશ્વમાં

સર્વોચ્ચ વ્યક્તિ કોણ છે કે જેની ભક્તિ-સેવા કરીને હું ધન્ય બની જઉં એ વિચાર આવ્યો, તે વખતે તેને ભગવાન-પરમાત્મા પસંદ કર્યા. સુજ્ઞ માનવીના હૈયામાં સ્પષ્ટ-અસ્પષ્ટ રીતે નાનકડો આછો ખ્યાલ બેઠો હોય છે કે ભગવાનની ભક્તિ કરવાથી કરનારનું જરૂર ભલું થાય છે, એટલે તેને કોઈ ને કોઈ રીતે ભક્તિ કરવાનું મન થાય છે. આ ભાવનાને કારણે ભક્તજન અભિષેક આદિની પ્રવૃત્તિ કરે છે.

બીજું ખાસ ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે માનવી આખા દિવસ-૨૪ કલાક દરમિયાન અન્ન અને જળમાં સૌથી વધુ જળ પીવાની પ્રવૃત્તિ કરતો હોય છે, એટલે પહેલી ભક્તિ આપણે ત્યાં અને અન્ય ધર્મોમાં પણ પ્રાયઃ જળથી જ શરૂ થાય છે. અરે ! ભગવાન જન્મ્યા તે જ રાત્રે દેવોએ ભગવાનની પહેલી ભક્તિ જળના અભિષેક દ્વારા જ કરી છે, એટલે આપણે ત્યાં અભિષેકનું ઘણું મોટું મહત્ત્વ છે. આનાથી જૈનધર્મની પરિભાષામાં પુણ્યબંધ સાથે સાથે કર્મનો સંવર અને નિર્જરા પણ થાય છે, એટલે આત્મા નવાં કર્મો બાંધતાં અટકે છે અને સત્તામાં પડેલાં પુરાણાં કર્મોનો ક્ષય કરે છે. જેથી આત્મા વિશુદ્ધ થતો મુક્તિની દિશામાં આગેકૂચ કરતો રહે છે.

અભિષેક પ્રથમ ભક્તિ અને બીજું શુદ્ધિ, એ બંને માટે હોવાથી આપણે ત્યાં અંજનશલાકા વખતે ૧૦૮ અભિષેક ખાસ કરવામાં આવે છે, અને અઢાર અભિષેકનો વિધિ તો સંખ્યાબંધ વખત અનેક સ્થળોએ થાય છે. સાથે સાથે આ વિધિથી પરમાત્માની, પ્રતિમાઓની, ગર્ભગૃહની સ્વચ્છતા અને શુદ્ધિ પણ થાય છે. તેમજ જે ભક્તિ થાય છે તે ભક્તિ કરનાર, કરાવનાર અને અનુમોદના કરનારના હૈયામાં શાન્તિ અને શીતલતા પ્રાપ્ત થવા સાથે જ પુણ્યાશ્રવ અને કર્મની નિર્જરા પણ થાય છે. કેમકે ભક્તિ સર્વગુણસંપન્ન તીર્થંકરદેવની થાય છે માટે.

ટૂંકમાં જૈનધર્મમાં અભિષેકનું ખૂબ જ મહત્ત્વનું સ્થાન છે.

અભિષેક હૃદયના આધ્યાત્મિકભાવોને વિકસિત કરનારી, પ્રભાવશાળી, પરમશાન્તિદાતા ક્રિયા છે.

*　　　　*　　　　*

## અભિષેકના પ્રભાવનાં થોડાં દષ્ટાંતો જોઈએ

ગુજરાતમાં આવેલા શંખેશ્વર તીર્થમાં જુગ જુગ જૂની શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમાના સ્નાત્રજળના અભિષેકથી કૃષ્ણ-વાસુદેવે જરાસંધ દ્વારા લશ્કરની તાકાતને ખતમ કરવા અજમાવેલી જરા વિદ્યા નષ્ટ થઈ હતી.

– શ્રીપાલ રાજાના કોઢવાળી કાયા અભિષેકના જળથી નીરોગી થઈ ગઈ હતી. મૂર્તિ ઉપરના અભિષેક—ન્હવણ જળથી હજારો ચમત્કારો અને પ્રભાવના દાખલાઓ જાણીતા છે.

– ખંભાતના શ્રી સ્થંભન પાર્શ્વનાથની પ્રતિમાના સ્નાત્રજળના પ્રભાવથી પૂ. આ. શ્રી અભયદેવસૂરિજી કોઢ રોગથી મુક્ત થયા હતા.

–સ્નાત્રજળથી માનવીના અનેક રોગો અને મલિન પ્રભાવો પણ દૂર થાય છે. અભિષેકનો અને જળપૂજાનો મહિમા ભારતના કયા ધર્મમાં નથી ? પ્રાયઃ બધે જ છે.

*　　　　*　　　　*

## જનતાને વધુ જાણપણું થાય એટલે નીચેની વાત જણાવી છે

આપણાં શાસ્ત્રોમાં એક જ પ્રકારની પૂજા વિધિ–પદ્ધતિ કહી નથી પરંતુ વિવિધ પ્રકારે બતાવી છે. અત્યારે પ્રસિદ્ધિમાં અષ્ટપ્રકારી પૂજા છે પણ આપણે ત્યાં પંચોપચારી–પાંચ પ્રકારે, અષ્ટપ્રકારી–આઠ પ્રકારે, સત્તર ભેદી–સત્તર પ્રકારે અને એકવીશ પ્રકારી–એકવીશ પ્રકારે પૂજા કરવામાં આવે છે. અભિષેકમાં પ્રધાનતા જળની જ છે પણ દૂધની નથી. જે વાત ઉપરના લેખમાં કહેવાઈ ગઈ છે.

卐

# શત્રુંજયના મહાઅભિષેક પ્રસંગે ભારતના દરેક જૈનસંઘોને પોતાને ત્યાં મંદિરમાં સમૂહ પ્રાર્થના યોજવા પૂજ્ય ગુરુદેવો તરફથી દૈનિકપત્રોદ્વારા અપાએલો આદેશ

પ્રેરક—આ. શ્રી યશોદેવસૂરિજી, જૈન સાહિત્યમંદિર, પાલીતાણા

## —પ્રાર્થના શું કરવી તે—

પોષ સુદિ–૬, તા. ૨૩મીના રોજ બાર વાગે અભિષેક સમિતિએ ભારતભરના જૈનસંઘોને ઘંટાનાદ કરવાની અપીલ કરી છે. તે ઉપરાંત અમે નીચે મુજબ વધારાની પ્રાર્થનાનો કાર્યક્રમ જણાવીએ છીએ. તેનો જૈનસંઘને ખાસ અમલ કરવા નમ્ર-ભાવે વિનંતિ છે.

તા. ૨૩ મીએ સવારે સહુના અનુકૂળ સમયે દહેરાસર કે ઉપાશ્રયમાં જો મુનિરાજોની હાજરી હોય તો તેમના નેતૃત્વ નીચે સામૂહિક પ્રાર્થના યોજવી અને નીચેના કાર્યક્રમનો અમલ કરવો.

*** શરૂઆતમાં નીચે લખેલો સંકલ્પ સહુ સાંભળે એ રીતે એક જણ બોલે**

"હે પરમાત્મા! અમો સહુ સમગ્ર વિશ્વની, માનવજાત વચ્ચે, પ્રાણીઓ વચ્ચે તથા અમારા ભાઈ ભાંડુઓ વચ્ચે, પ્રાંતો–પ્રાંતો વચ્ચે, રાષ્ટ્રો–રાષ્ટ્રો વચ્ચે તેમજ વિશ્વમાં વર્તતા જૈનો વચ્ચે સુખ–શાન્તિ ફેલાય, વૈર–વિરોધ અને વૈમનસ્યની ઊભી થયેલી દિવાલો દૂર થાય, પ્રેમ અને મૈત્રીનું વાતાવરણ સર્જાય એ માટે

તેમજ સમગ્ર વિશ્વ આજે માનવજાતના ઇતિહાસમાં કદી ન બન્યું હોય એવા ભયંકર અખાતી યુદ્ધના ભયના ઓથાર નીચે અજંપાભરી સ્થિતિમાં પસાર થઈ રહ્યું છે ત્યારે લાખો માણસોની શાન્તિ અને પ્રેમની પ્રાર્થના સાથેના પાલીતાણા શત્રુંજય મહાતીર્થના અભિષેક વગેરેનું અનુષ્ઠાન અને સાથે અમારી પ્રાર્થના યુદ્ધના ઘેરા બનેલાં વાદળોને શીઘ્ર વિખેરી નાંખવામાં સહાયક બને અને જગત શાન્તિના શ્વાસોશ્વાસ લે તે માટે અમો ઊંડા અંતઃકરણથી પ્રાર્થના કરીએ છીએ."

**તે પછી નીચેનો કાર્યક્રમ શરૂ કરવો—**

પ્રથમ સહુએ બને તો ઊભા ઊભા કાઉસ્સગ્ગ મુદ્રામાં અને ઊભા ન થઈ શકે તો બેઠા બેઠા સાત નવકાર ભાવપૂર્વક ગણવા.

તે પછી સહુએ ઊભા થઈને પાલીતાણા શત્રુંજય મહાતીર્થને નજર સામે લાવીને 'શ્રી શત્રુંજય ગિરિરાજને નમસ્કાર' એવું બોલી ત્રણવાર નમસ્કાર કરવા, પછી હે ભગવંત! અમને ધર્મનો અને આધ્યાત્મિક ભાવનાનો પ્રકાશ આપો એટલું બોલવું.

તે પછી તીર્થાધિરાજ મૂલનાયક ભગવાન શ્રી આદીશ્વરજીને ત્રણવાર નમસ્કાર કરવા. તે પછી એક ભાઈ નવકારમંત્રના એક એક પદો બોલે અને સમૂહમાં એ પદો સહુ ઝીલીને પડઘો પાડે તે રીતે ત્રણવાર નવકારમંત્ર ઝીલાવવો.

તે પછી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનને ત્રણવાર નમસ્કાર કરીને કોઈ ભાઈ શુદ્ધ ઉચ્ચારપૂર્વક ત્રણવાર ઉવસગ્ગહરં સ્તોત્ર સુંદર અને મધુર સ્વરે લયપૂર્વક ભાવથી બોલે અને સહુ બે હાથ જોડી મસ્તક નમાવી સાંભળે.

તે પછી 'ૐ શ્રી શ્રમણ સંઘસ્ય શાંતિર્ભવતુ' આ શાન્તિપાઠ મધુર સ્વરે સમૂહમાં બોલવો.

તે પછી 'शिवमस्तु सर्वजगतः' નો પાઠ બોલવા દ્વારા પ્રાર્થના કરવી.

સહુના ઇષ્ટ દેવ–દેવીઓ હોય તેમને યાદ કરીને વિશ્વની શાન્તિ માટે સહાયક બનો એવી વિનંતિ કરવી.

તે પછી—

ૐ નમો અરિહંતાણં, ૐ નમો સિદ્ધાણં
ૐ નમો અરિહંતાણં, ૐ નમો સિદ્ધાણં

આ રીતે બંને પદોની ધૂન લગાવવી. તે પછી જય બોલાવી ઘંટાનાદ કરી સમાપ્તિ કરવી.

* જેનાથી થઈ શકે તેઓએ આયંબિલ તપ કરવો.

**તા. ક.**—આ પ્રાર્થના મુંબઈ વગેરે દેશના અનેક મંદિરો–ઉપાશ્રયોમાં કરવામાં આવી હતી.

## વાચકોને વિનંતિ

**મુંબઈ સમાચાર પત્રમાં પૂ. આચાર્યશ્રીજીનો મનનીય અને પ્રેરક લેખ પ્રગટ થયા પછી મુંબઈના જૈન–જૈનેતર સમાજમાં અને અન્યત્ર એકાએક કેવી વેધક અને જાદુઈ અસર થઈ, શું પ્રતિભાવો જન્મ્યા અને કેવી સુંદર સાનુકૂળ પરિસ્થિતિ સર્જાણી તેનું ચિત્ર વાચકોને ૪૨ થી ૪૮ પાનામાં જોવા મળશે.** —પ્રકાશકો

# હવે છેલ્લે

પૂજ્ય આચાર્યશ્રીજીએ જાહેર પ્રજાની ગેરસમજ દૂર કરવા માટે કરેલા બહુમૂલ્ય પ્રયત્નોને બિરદાવવા સાથે લેખની વિગતોનું અનુમોદન કરતા અને આચાર્ય-શ્રીજીનું અભિવાદન કરતાં આવેલાં કેટલાક પત્રો અને પત્રોમાંની કણ્ડિકાઓ

## સમાચાર પત્રમાં આવેલા લેખને વાચકો તરફથી કેવો કેવો હાર્દિક ભાવભીનો આવકાર મલ્યો તેની નોંધ

સહુના અને જૈનસમાજના તો ખાસ માનીતા–લાડીલા સુપ્રસિદ્ધ મુંબઈ-સમાચારના પત્રે તા. ૨૧ તથા ૨૨–૧૨–૯૦ના રોજ પૂજ્ય આચાર્ય શ્રી યશોદેવસૂરિજીના મનનીય અને કોઈ વિશિષ્ટ દૃષ્ટિકોણથી લખાએલા, અનેક લોકોની શંકાઓને સ્વતઃ જાણી લઈને, તે બધાયનું સમાધાન આપતા, એ હપ્તે પ્રગટ થએલા અભિષેક વગેરેને લગતાં લેખો વાંચીને મુંબઈ શહેરની જૈન–અજૈન પ્રજાના હૈયામાં કેવી * વેધક અસરો થઈ, સમયસર પ્રગટ થએલા અભિષેકના લેખના વાત્રાઝોડાએ જૈન–અજૈન લોકોના હૈયામાં ઉત્પન્ન થએલા વાદળાંઓને વીજળી વેગે કેવાં વિખેરી નાંખ્યાં તે અંગે મુંબઈ સમાચારમાં પ્રગટ થએલો એક પત્ર, તે ઉપરાંત પૂજ્ય આચાર્યશ્રીજી ઉપર કેટલીય વ્યક્તિઓએ પત્ર દ્વારા તથા રૂબરૂ મળીને આચાર્યશ્રીજીને કેવા ધન્યવાદ અને અભિનંદનો આપ્યા અને કેવા કેવા ઉદ્‌ગારો કાઢ્યા તેની ટૂંકી નોંધો અત્રે રજૂ કરી છે.

*

### મુંબઈસમાચાર તા. ૯–૧–૯૧ના બુધવારના અંકમાં જયજિનેન્દ્ર વિભાગમાં 'અભિષેક અને પ્રશ્ન' આ હેડીંગ નીચે એક ભાવિક ભાઈનો પત્ર પ્રગટ થયો હતો તે અહીં સાભાર ઉદ્ધૃત કર્યો છે.

જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજ જેની આતુરતાપૂર્વક રાહ જોતો હતો તે શત્રુંજયગિરિનો મહાઅભિષેક તાજેતરમાં પૂરો થયો.

---

* લેખમાં એવી કોઈ દિવ્યતા ન હતી, છતાં ગમે તેમ હો ! વાચકો વાંચીને વારી ગયા તે જોઈ મને આશ્ચર્ય થયું. છતાં મને આનંદ એ કે સહુને તે ગમ્યો, ગમ્યો એટલું જ નહિ પણ પ્રજા ઉપર તેની જોરદાર અસર પણ થઈ.

આ અંગે શ્રદ્ધા હતી, પરંતુ પૂરેપૂરી અથવા યથાયોગ્ય જાણકારી ન હતી. એ જિજ્ઞાસા સંતોષવાનું કાર્ય મુંબઇસમાચારમાં તા. ૨૧-૧૨-૯૦ તથા તા. ૨૨-૧૨-૯૦ના પ્રગટ થયેલ પૂ. આ. શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજ સાહેબના લેખોએ કર્યું. તેમાં સંપૂર્ણ વિશ્લેષણ તથા સિદ્ધગિરિનો મહિમા શા માટે? એ બાબતો સમાવવામાં આવી હતી.

જ્ઞાન અને વિજ્ઞાનનો સમન્વય સાધતું, સિદ્ધગિરિ વિષેનું આવું અજોડ, અભ્યાસપૂર્ણ, એકવીસમી સદીમાં મહાલતા યુવાનોને પણ અસરકારક રીતે સમજાય તેવું, અર્થગંભીર આધ્યાત્મિક લખાણ છેલ્લાં કેટલાંય વર્ષોમાં બહાર પડયું નહિ હોય એમ માનું છું. આવી સમજને લીધે શ્રદ્ધા ભક્તિ અને ભાવમાં પરિણમે અને સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય તેમાં કોઇ શંકા નથી.

આ ઉત્તમ ઉપયોગી લખાણ અનુષ્ઠાનની ફલશ્રુતિના વધારા સાથે પુસ્તિકારૂપે બહાર પડે તેવી માગણી જૈનસમાજમાં થવા માંડી છે.

આ સમગ્ર કાર્યક્રમને પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડી પૂ. આચાર્યશ્રીજીએ જૈનસમાજ ઉપર મોટો ઉપકાર કર્યો છે, તેમજ આવો લેખ પ્રગટ કરવા માટે મુંબઇ સમાચારના સુજ્ઞ અને ઉદાર તંત્રીશ્રી ધન્યવાદને પાત્ર છે.

લેખક—**કાંતિલાલ સુખલાલ શાહ**

ઘાટકોપર

*

## ભાઈશ્રી કાંતિલાલ સુખલાલે પૂ. ગુરુદેવ ઉપરના પોસ્ટના પત્રમાં લખેલા ભાવોદ્ગાર

ક્રેસન્ટ ઓપ્ટીકલ્સ,
૩૬૦, કાલબાદેવી રોડ,
**મુંબઈ-૨**
તા. ૨૧-૧૨-૯૦

**આજના (શુક્રવાર) મુંબઈસમાચારમાં આપના સિદ્ધિગિરિ ઉપરના લેખથી અત્યન્ત ખુશી ઉપજેલ છે. ખૂબ ખૂબ અભ્યાસપૂર્ણ, નાસ્તિકને આસ્તિક બનાવે તેવો, જાત્રા કરતાં ભાવમાં ખૂબ વૃદ્ધિ થાય તેવો, ૨૧મી સદીની વાતો કરનારને પણ આસાનીથી સમજાઈ જાય તેવો, શાસ્ત્રોક્ત વાતો, વૈજ્ઞાનિક અને આધ્યાત્મિકતાના સમન્વય**

સાથે સુંદર રીતે રજૂ કરીને ચિત્તને પ્રસન્નતા આપે અને ધર્મ પ્રત્યે હરકોઈને અહોભાવ જાગે તેવો સિદ્ધગિરિ માટેનો અભૂતપૂર્વ લેખ છે.

પુસ્તિકારૂપે અવશ્ય બહાર પાડશો. ૫૦૦ કોપી અમારાવતી વધુ છપાવવા અત્યારથી વિનંતિ કરું છું.

❀

## —ટપાલમાં આવેલો બીજો પત્ર—

**પત્રની ભૂમિકા**—ધર્માત્મા, પરમશ્રદ્ધાળુ, ભક્તિવંત સુશ્રાદ્ધવર્ય શ્રી શાંતિલાલ કેશવલાલ દલપતભાઈ ઝવેરી ખંભાતનિવાસી જેઓ હાલ મુંબઈ-વાલકેશ્વરમાં વરસોથી રહે છે. વાલકેશ્વર જૈનસમાજના સલાહકાર છે. તેમને વાલકેશ્વરના જૈનસંઘની તથા મુંબઈના જૈનસમાજની ઘણી સેવાઓ પ્રાપ્ત થઈ છે. દ્રવ્યાનુયોગના શ્રેષ્ઠ જ્ઞાતા સ્વ. પૂ. યુગદિવાકર આચાર્ય શ્રી વિજય ધર્મસૂરીશ્વરજીના તત્ત્વજ્ઞાનના વ્યાખ્યાન સાંભળીને જેમને પુણ્યનું ઘણું સુંદર ભાતું બાંધ્યું છે. પૂ. યુગદિવાકરશ્રીના પરમ ભક્ત હોવા સાથે તેઓશ્રીના પ્રધાન શિષ્ય પૂ. આ. શ્રી યશોદેવસૂરિજી મહારાજ પ્રત્યે પણ તેઓ ખૂબ જ ગુરુભાવ અને અંતરની ધર્મલાગણી ધરાવનાર છે.

સુપ્રસિદ્ધ લોકપ્રિય પત્ર મુંબઈસમાચારમાં અભિષેક અંગેનો લેખ વાંચી તેઓને ભાવોલ્લાસની જે ભરતી આવી તેનું પ્રતિબિંબ તેમને પૂજ્ય આચાર્યશ્રીજીના પત્રમાં રજૂ કર્યું છે. પ્રસ્તુત પત્રનો જરૂરી ભાગ અહીં ઉદ્ધૃત કર્યો છે.

આ પત્રમાં મુનિજીના જીવન અને કાર્ય પ્રત્યે એમને જે ચિત્ર રજૂ કર્યું છે તે ખરેખર ! યથાર્થ છે. આ એક મનનીય ઘટના છે. આવું જ ચિત્ર પૂજ્ય આચાર્યશ્રીજીના અન્ય સેંકડો-હજારો ભક્તોના હૃદયમાં તે ઝળકી રહ્યું છે. લેખ વાંચીને સહુના મન ઉપર જે વેધક અસર થઈ તે અત્રે શબ્દોમાં રજૂ કરી છે. આ તદ્દન નિર્વિવાદ, નિઃશંક અને સત્ય બાબત છે. તટસ્થ રીતે અભિષેકનો લેખ વાંચ્યા પછી મુંબઈના અનેક ભક્તોએ પત્ર દ્વારા અને રૂબરૂ પ્રશંસાના ઉદ્ગારો સાથે મુનિશ્રીને ખૂબ ખૂબ ધન્યવાદ આપ્યા હતા. એમાંથી થોડાક નમૂના અહીં નીચે રજૂ કરીએ છીએ. *

હવે પત્ર વાંચો—

**શ્રી શાન્તિલાલ કેશવલાલ દલપત ઝવેરી ( ખંભાતી )**

૪૬, રીજરોડ, વાલકેશ્વર, રેખા નં. ૧, મુંબઈ-૬

તા. ૨૪-૧૨-૯૦, સોમવાર

આપ પોષ સુદિ-૨ના દિવસે ૭૫ વર્ષ પૂરાં કરી ૭૬માં વર્ષમાં પદાર્પણ કરી રહ્યા છો, તે સંબંધી અનેક પૂજનો સહિત દશાહ્નિકા મહોત્સવ ઊજવી રહ્યા છો તે ખૂબ ખૂબ આનંદની બાબત છે. તે સંબંધી પત્રિકા પણ મળી. આપના ૭૬માં વર્ષના જન્મ-દિવસે મારા તેમજ મારા સહકુટુંબ તરફથી હું આદીશ્વરદાદાને પ્રાર્થના કરું છું કે આપને શાસનની વધુ સેવા કાજે તંદુરસ્તી-સભર ૧૦૦ વર્ષનું આયુષ્ય બક્ષે. કદાચ તમને પ્રશ્ન ઊઠશે કે આટલા વર્ષે આવા આશીર્વચન કેમ ? તો તેનો જવાબ આ પ્રમાણે છે...

છેલ્લા ત્રણ દાયકાથી હું આપને જાણું છું. હું બરાબર જોઈ રહ્યો છું અને અનુભવું છું કે ૩૦ વર્ષથી પણ અધિક સમયથી આપ ઘણાં બધાં ક્ષેત્રોમાં ( ૧ ) તીર્થક્ષેત્રે ( ૨ ) સાહિત્યક્ષેત્રે ( ૩ ) ચિત્રકલાક્ષેત્રે ( ૪ ) પુસ્તકાલયક્ષેત્રે ( ૫ ) જૈનસમાજક્ષેત્રે ( ૬ ) સાધર્મિકોની સેવાના ક્ષેત્રે ( ૭ ) સમ્યક્જ્ઞાનના ક્ષેત્રે ઉપરાંત જૈનધર્મના અભ્યુદય અર્થે જે અદ્ભુત પ્રશંસનીય સેવા કરી રહ્યા છો અને તે પણ અંગત મહત્ત્વાકાંક્ષા વગર તે ખરેખર ! સરાહનીય છે, અનુમોદનીય છે, વંદનીય છે એટલું જ નહિ અનુકરણીય પણ છે.

આવતી ભવિષ્યની પેઢી સો વર્ષ સુધી તમારો આવો શાસન પ્રત્યેનો નિઃસ્વાર્થ, અદ્ભુત પ્રેમ અને તે અંગેનાં ઉમદા કાર્યોને ખૂબ જ ઉષ્માભર્યા માનથી અને લાગણીથી વધાવશે એમાં શંકા નથી.

ઉપરાંત છેલ્લા એક અઠવાડિયાથી શત્રુંજય ગિરિરાજ ઉપર થનાર મહાઅભિષેક અંગે તમારા તરફથી લોકલાડીલું અખબાર મુંબઈ સમાચારમાં તેમજ અન્ય અખબારોમાં ભાવસભર અને

વિચારણીય લેખો તથા ચર્ચાપત્રો દ્વારા, આમજનતાને આવા ઐતિહાસિક, અનેરા અને જવલ્લે જ થતા મહાઅભિષેક દ્વારા તીર્થંકર પરમાત્માની અનુપમ અવર્ણનીય ભક્તિ સંબંધી સ્પષ્ટચિત્ર, શાસ્ત્રીય અભિગમ સહિત (જેમને આવી શાસ્ત્રોક્ત વિધિ કે જે વિધિવિધાન આત્માને ભાવવિભોર બનાવી દે તેની સાચી સમજણ નથી તેવા) આત્માઓને સરળ અને મૃદુ ભાષામાં પ્રેરણા કરી સમજાવવાનો જે ભવ્ય પુરુષાર્થ કર્યો છે તે દ્વારા તમોએ શાસનની અદ્ભુત, અપ્રતિમ અને પ્રશંસનીય સેવા બજાવી છે તે માટે આખોય જૈનસમાજ હંમેશા માટે તમારો ઋણી રહેશે એમ હું માનું છું. આપનો લેખ વાંચીને મુંબઈની જૈન-અજૈન પ્રજા ભાવવિભોર બની ગઈ હતી. અનેક લોકોના મનમાં અભિષેક બાબતમાં સાચી-ખોટી ઘણી શંકા–કુશંકાઓ ઊભી થઈ હતી. આપના એક જ લેખે તેનું ઉન્મૂલન કરી નાંખ્યું.

લિ. આપનો દર્શનાભિલાષી
**શાંતિભાઈ ઝવેરીની વંદના**

બીજા પત્રોમાંથી--

*

* આપનો લેખ પ્રગટ થતાંની સાથે સેંકડો-હજારો જૈન-અજૈનોએ વાંચ્યો. અનેક લોકોના મનમાં શંકા–કુશંકાનાં જાતજાતનાં વાદળો ઘેરાયાં હતાં. આપના જોરદાર લેખની જોરદાર હવાએ એ બધાં વાદળો વીખેરી નાંખ્યાં અને લોકોએ અભિષેક વિરુદ્ધ અભિપ્રાયો બાંધી લીધા એ માટે ખૂબ પસ્તાયા, બધાનો વિરોધ શમી ગયો. અણીને સમયે જૈનસંઘને આશાતનાના પાપથી બચાવી લીધો તે માટે આપને કયા શબ્દોમાં ધન્યવાદ આપું ?

* ઘણા પત્રકારો અભિષેકની વિરુદ્ધ અખબારોમાં ચર્ચા ઊભી કરીને વિરોધનો વંટોળ જગાડવા માટે કમ્મર કસી રહ્યા હતા. એક–બે પત્રકાર મારા મિત્રો છે તેમને ફોનમાં કહ્યું કે તર્કશુદ્ધ અને ભાવવાહી દલીલપૂર્વકનો સચોટ લેખ વાંચીને અમે અમારી કલમ ખિસ્સામાં પાછી મૂકી દીધી છે.

* એક લેખકે ફોનમાં કહ્યું કે 'તમારે ત્યાં અવસરપારખું અને અણીને વખતે સાંકળ ખેંચનારા એવા સંતપુરુષો છે ખરા!' લેખ અનુમોદનીય અને અફલાતુન!

* એક જણે લખ્યું કે અભિષેક માટે આપે વૈજ્ઞાનિક ઢબે તર્કબદ્ધ અને સહુને શ્રદ્ધા બેસે, સંતોષ થાય એવો લેખ લખ્યો તો આવી જાતના ચેતનસભર લેખ જૈનધર્મના કેટલાંક ક્રિયાકાંડો, અનુષ્ઠાનો વગેરે ઉપર આપ આ રીતે લખી ન શકો? લોકોની શ્રદ્ધાને મજબૂત કરવા આવા લેખો ખરેખર! બહુ જ જરૂરી છે.

* અજૈનભાઈઓમાં છેલ્લા પંદરેક દિવસથી અભિષેક બાબતમાં ભારે વંટોળ ઊભો થયો હતો. આપના બંને લેખો વાંચતા એ વંટોળની હવા તાબડતોબ વિખરાઈ ગઈ.

પત્રોમાંથી ઉતારેલી ટૂંકી ટૂંકી નોંધો :—

**✻ આપના આ મહાન લેખોએ સર્વત્ર જયજયકાર ગજાવ્યો છે. અનેક ઘરોમાં ફોનની ઘંટડીઓ રણકી ઊઠી હતી. ✻ લેખ અતિ સુંદર * સર્વાંગ સુંદર લેખ * અફલાતુન લેખ * તીર્થનું આવું રહસ્યોદ્ઘાટન પહેલીજવાર વાંચવા મળ્યું * ઊંડા ચિંતનથી સભર લેખ * ગમે તેવા વિરોધી અને નાસ્તિકો ઉપર અપીલ કરે એવો લોજીક લેખ ✻ આપે આટલાં બધાં આપના અન્ય કાર્યો વચ્ચે લેખ લખવા સમય મેળવ્યો અને સમયસર લેખ લખ્યો તે સમાજ પ્રત્યેની આપની ઊંડી ચિંતા સૂચવે છે. ✻ આ લેખ પાંચેક દિવસ પહેલાં જ જો પ્રગટ થયો હોત તો વધુ સારું રહેત * આપે કમાલ કરી. આ લેખ નાનકડી પુસ્તિકારૂપે પ્રગટ થાય તેવી વિનંતિ. અમો પુસ્તિકા ખરીદ કરી પ્રભાવના કરશું. ખરેખર! સાચા જ્ઞાની સાહિત્યકાર તરીકે અમો સહુએ આપને વધુ વિશ્વાસથી નિહાળ્યા. ધન્યકલમ! ધન્યભાષા! ધન્ય સંકલન! ધન્ય રજૂઆત!**

✻

મુંબઈ સમાચારમાં અભિષેક વખતે આપના તરફથી બે દિવસ સુધી શત્રુંજયગિરિરાજનું મહત્ત્વ શું છે તે વાંચી મુંબઈમાં દરેક ધર્મપ્રેમીને ઘણો જ આનંદ થયો હશે. આવું લખાણ આપની શક્તિનો ખ્યાલ આપે છે. **દિનેશ સી. શાહ**

મુંબઈ

*

આપના લખેલ બંને લેખ રસપૂર્વક, જિજ્ઞાસાપૂર્વક વાંચ્યા. જેમાં આપે ખૂબ જ વર્ણનપૂર્વક અને અમારા જેવા અજ્ઞાની સંસારીને ઘણી જ સમજ પડે તે પ્રમાણે તથા ઈતરજન વાંચે તો તેને પણ ઘણી સમજ પડે અને શ્રદ્ધાપૂર્વક ગિરિરાજને એક વખત મનોમન જરૂર વંદે અને જૈન મનોમન ભાવનાપૂર્વક અભિષેક કરે.

**નલીન જે. તેલી**

મુંબઈ-અંધેરી

*

## —અભિષેક સામે જાગેલો વિરોધ શમી ગયો— ભાષા, ભાવ, નમ્રતા અને પ્રેમથી ઓપતી ભાષા

આપશ્રીનો ગુરુવારનો 'પ્રજામત'માં છાપેલો સંદેશો અને શુક્ર અને શનિવારનો આપના બન્ને લેખો વાંચ્યા, ખૂબ જ ગમ્યા. કારણકે **અહીંયા જે વિરોધ જાગ્યો હતો, તે આપના લેખથી બધાના મનનો ભ્રમ ભાંગી ગયો. ખૂબ મુદ્દાસર, હળવી અને મીઠાશ તેમજ પ્રેમ ભરેલી વાણીમાં કોઈ અજબ આપનું માનસિક સૌંદર્ય ચમકતું હતું.**

આપના લેખ માટે ફરી ફરી ધન્યવાદ સાથે અનુમોદના કરું છું. સાહિત્ય-ભાષા, સાથે ભાવ, સાથે નમ્રતા અને પ્રેમથી ઓપતી ભાષા હતી તેથી લેખનો ઉઠાવ કોઈ ગજબનો હતો. ખૂબ આનંદ થયો છે.

—**ભાનુબેન દલાલ,** મુંબઈ

—શત્રુંજય તીર્થને લગતી વિસ્તૃત માહિતીઓ લોકોને ખૂબ જ રૂચક અને પ્રેરક બની છે. —**ગુજરાત સમાચાર, તંત્રીશ્રી**

—*—

# શત્રુંજય તીર્થનો અને તેને સ્પર્શતી-સંબંધ ધરાવતી નાની-મોટી અનેક બાબતોનો પરિચય

## શત્રુંજયતીર્થનો ઉલ્લેખ કયા જૈન ગ્રંથોમાં થયો છે?

**પ્રશ્ન**—શત્રુંજય તીર્થનો ઉલ્લેખ જૈનાગમોમાં આવે છે ખરો?

**ઉત્તર**—જ્ઞાતાધર્મકથા નામના આગમમાં એનો ઉલ્લેખ આવે છે, બીજો ઉલ્લેખ-કપ્પપાહુડ (કલ્પપ્રાભૃત) નામના ગ્રન્થમાંથી શ્રી ભદ્રબાહુ-સ્વામીજીએ શત્રુંજયકલ્પ નામની રચનાનો ઉદ્ધાર કર્યાનો અને ત્રીજો ઉલ્લેખ વિદ્યાપ્રાભૃત ગ્રન્થમાંથી શ્રી શત્રુંજય તીર્થનાં ૨૧ નામો મળે છે. આવી વાત શ્રી જિનભદ્રગણિજીએ કુમારપાળ પ્રબંધ (પત્ર-૯૮)માં જણાવી છે. બીજા પણ છુટક છુટક ઉલ્લેખો હશે.

## શત્રુંજય પર્વતનો પરિચય

### ઊંચાઈ અને ઘેરાવો

**૧. ગિરિરાજની ધરતીથી ઊંચાઈ ૨૦૦૦ ફૂટની ગણાય છે.**

**૨. ચઢવાનાં પગથિયાં ૩૩૬૪ છે.**

**૩. પગથિયાં દ્વારા ચઢવાનો માર્ગ ૨ માઈલ ૨ ફર્લાંગનો છે.**

**૪. ગિરિરાજનો ઘેરાવો વર્તમાનમાં ૭।। માઈલનો કહે છે.**

## ગિરિરાજ ઉપરની બે ટેકરીઓનો પરિચય અને મંદિરો કેટલાં ? મૂર્તિઓ કેટલી ?

૧. આ ગિરિરાજ ઉપરના અન્તિમ ભાગ ઉપર બે ટેકરીઓ છે. બને ટેકરીઓ જૈન મંદિરોથી પૂરેપૂરી વિભૂષિત થયેલી છે. એક ટેકરીનું નામ **મોટી ટૂંક** અને બીજી ટેકરીનું નામ **નવ ટૂંક** છે.

૨. બન્ને ટૂંકોમાં થઇને ૩૫૦૭ નાનાં-મોટાં જિનાલયો છે.

૩. પહાડ ઉપર ૨૭૦૦૦૭ જિનેશ્વર ભગવાનની મૂર્તિઓ છે.

૪ ૧૫૦૦ ચરણપાદુકા છે ( મૂલનાયક શ્રી આદીશ્વર ભગવાનના મંદિર પાસે રહેલા ગણધર મંદિરમાં રહેલી એકસાથે ૧૪૫૨ ગણધરનાં પગલાંની ગણતરી આમાં ભેગી સમજી લેવી. )

## આ પહાડ-ગિરિરાજ શાશ્વતો છે પણ કઇ રીતે ?

શત્રુંજય પર્વતને જૈનધર્મમાં શાશ્વત કહ્યો પણ તેની આગળ પ્રાય: શબ્દ લગાડી પ્રાયઃ શાશ્વતો કહ્યો છે. શાશ્વત એટલે અનાદિકાળથી જે વસ્તુ જે રૂપે હોય તે વસ્તુ અનંતકાળ સુધી તે રૂપે જ રહે તે શાશ્વત કહેવાય. શાશ્વતની આગળ પ્રાય: શબ્દ એટલા માટે મૂકવો પડયો છે કે આ પહાડ ધરતી ઉપર જેવો છે તેવો સદાય જોવા મળે તેવું નથી. જૈનધર્મમાં ઉત્સર્પિણી નામનો વૃદ્ધિકાળ-ચઢતોકાળ અને **અવસર્પિણી** નામનો હાનિકાળ-ઉતરતોકાળ એમ બે પ્રકારના મહાકાળ બતાવ્યા છે અને તે બન્ને કાળના પાછાં ૭-૭ વિભાગો પાડયા છે. વૃદ્ધિકાળમાં આ પહાડ હાનિકાળના પ્રસંગે જમીનમાં જતો રહ્યો હોય તે ભાગ ધીમે ધીમે બહાર આવતો જાય અને છેવટે સમય જતાં અસલ માપવાળો થઇ જાય. હાનિકાળમાં આ પહાડ ધીમે ધીમે ધરતીમાં ઉતરતો જાય અને છેવટે તેની ઊંચાઇ નગણ્ય જેવી રહે, એવી પરિસ્થિતિ આ પહાડની છે. એટલા માટે શાશ્વત શબ્દની આગળ પ્રાયઃ શબ્દ મૂકવામાં આવ્યો છે. એનો અર્થ એ થાય છે કે હાનિ-વૃદ્ધિ ભલે થાય પણ સર્વથા જેનો નાશ ન થાય તે.

## કરોડો અબજો વરસ પહેલાંથી લઈ આજ સુધી પર્વતના પ્રમાણમાં કેવો હ્રાસ થતો રહ્યો તેની તાલિકા

અત્યારે અવસર્પિણીનો હાનિકાળ ચાલે છે. હાનિકાળની દૃષ્ટિએ આ કાળના પહેલા આરામાં (એટલે અબજોના અબજો વરસ પહેલાં) શત્રુંજય ગિરિરાજનું પ્રમાણ ૮૦ યોજન[1] હતું. તે પછી કેટલું પ્રમાણ રહ્યું ? તેની તાલિકા શાસ્ત્રની નોંધના આધારે નીચે આપી છે.

| | યોજન | ગાઉ |
|---|---|---|
| **પહેલા આરામાં** | ૮૦ | ૩૨૦ |
| **બીજા આરામાં** | ૭૦ | ૨૮૦ |
| **ત્રીજા આરામાં** | ૬૦ | ૨૪૦ |
| **ચોથા આરામાં** | ૫૦ | ૨૦૦ |
| **પાંચમાં આરામાં** | ૧૨ | ૪૮ |
| **છઠ્ઠા આરામાં** | **૭ હાથ એટલે જાણે સાવ નાનકડી ટેકરી જેટલો થઈ જશે.** | |

તે પછી હજારો વરસો બાદ ઉત્સર્પિણીથી ઓળખાતો વૃદ્ધિ–ચઢતો કાળ શરૂ થશે ત્યારે આ ગિરિરાજ વધતો વધતો પ્રથમની જેમ પાછો ૮૦ યોજને પહોંચી જશે. અનંતકાળ સુધી આ પ્રક્રિયા બનતી રહેશે.

## ‘ઉદ્ધાર’ એટલે શું ?

જૈનશાસ્ત્રોમાં શત્રુંજય ઉપર ઉદ્ધારો થયાની વાત આવે છે. આ વાત જૈનસંઘમાં સુપ્રસિદ્ધ છે પણ ઉદ્ધાર એટલે શું સમજવું ?

તો ઉદ્ધારનો અર્થ પહાડનો ઉદ્ધાર નહિ સમજવાનો પણ એ પહાડ ઉપર જીર્ણ થયેલાં મુખ્ય મંદિરો અથવા કોઈ કારણસર મૂર્તિ ખંડિત થઈ

---

૧. આ યોજન ચાર ગાઉનો સમજવાનો છે.

ગઇ હોય, મંદિરના બાંધકામમાં મુશ્કેલી ઊભી થઇ હોય તો ફરી બાંધવાં અથવા નવાં મંદિરો બાંધવાં અથવા અન્ય કારણસર મૂલનાયક ભગવાનની નવી મૂર્તિ કરાવવી પડે કે પુનઃ પ્રતિષ્ઠા કરવી પડે. આ બધી ઘટનાને ઉદ્ધાર શબ્દથી ઓળખવામાં આવે છે.

શાસ્ત્રોમાં ફક્ત મોટા ઉદ્ધારોની નોંધ આપી છે તે જ અહીં આપી છે.

## આ અવસર્પિણીના ચોથા આરામાં થએલા ઉદ્ધારો

**૧. ઋષભદેવસ્વામીના સમયમાં ભરત ચક્રવર્તીનો.**

**૨. ભરત ચક્રવર્તીના વંશમાં દંડવીર્ય રાજાનો.**

**૩. ઊર્ધ્વ આકાશમાં રહેલા બીજા દેવલોકના ઇન્દ્ર-ઈશાનેન્દ્રનો.**

**૪. આકાશમાં રહેલા ચોથા દેવલોકના ઇન્દ્ર માહેન્દ્રનો.**

**૫. આકાશમાં રહેલા પાંચમા દેવલોકના ઇન્દ્ર બ્રહ્મેન્દ્રનો.**

**૬. આપણી ધરતીની નીચે રહેલા ભવનપતિના ઇન્દ્ર ચમરેન્દ્રનો.**

**૭. બીજા અજીતનાથ પ્રભુના સમયમાં સગરચક્રવર્તીનો.**

**૮. આપણી ધરતીની નીચે રહેલા વ્યન્તરેન્દ્રનો.**

**૯. આઠમા શ્રી ચંદ્રપ્રભસ્વામીના સમયમાં ચંદ્રયશા રાજાનો.**

**૧૦. શ્રી શાંતિનાથ ભગવાનના સમયમાં ચક્રાયુધ રાજાનો.**

**૧૧. શ્રી મુનિસુવ્રતસ્વામીના સમયમાં શ્રી રામચંદ્રજીનો.**

**૧૨. બાવીશમાં શ્રી નેમિનાથ ભગવાનના શાસનમાં પાંડવોનો.**

## પાંચમા આરામાં થયેલા ઉદ્ધારો

**૧૩. વિક્રમ સં. ૧૦૮માં શ્રી વજ્રસ્વામીજીની નિશ્રામાં મહુવાના જાવડશાનો.**

**૧૪. શ્રીબાહડશા મંત્રીનો ( સં. ૧૨૧૩ ) કુમારપાલના સમયમાં.**

**૧૫. સમરાશા ઓસવાલનો ( વિ. સં. ૧૩૭૧ ).**

**૧૬. તોલાશાહ પુત્ર કર્માશાનો. ( ચિત્તોડગઢવાસી સં. ૧૫૮૭ )**

**૧૭. શ્રી દુપ્પસહસૂરીશ્વરજીના ઉપદેશથી છેલ્લો ઉદ્ધાર વિમલવાહન રાજા કરાવશે.**

ચોથા આરાના હજારો વર્ષ ઉપરના ઉદ્ધારોની સંવત અને તારીખ છે નહિ. કેમકે તે વખતે શરૂ થયા ન હતા. તે પછીના છેલ્લાં બે હજાર વર્ષમાં થએલા ઉદ્ધારોના વીરસંવત અને વિક્રમસંવત મળે છે.

એનો અર્થ એ થયો કે શ્રી નેમિનાથ ભગવાનનું શાસન સમાપ્ત થયા પછી વિ. સં. ૨૨૭૭ વર્ષ જેટલાં લાંબા કાળમાં એક પણ ઉદ્ધાર નોંધાયો નથી. વિક્રમ સંવત શરૂ થયા બાદ તેનાં ૧૦૦ (મતાંતરે ૧૦૮) વર્ષ પસાર થયા પછી મહુવા નિવાસી જાવડશાહે તેરમો ઉદ્ધાર કરાવ્યો. ત્યારપછી ૧૧૧૩ (અથવા ૧૧૦૫) વર્ષ પછી વિ. સં. ૧૨૧૩માં પાટણના જૈનમંત્રી બાહડશાહે ચૌદમો ઉદ્ધાર કરાવ્યો. ત્યારપછી બહુ જ ટૂંકા સમયમાં મંદિરની મૂર્તિઓને નુકશાન પહોંચવાથી ૧૫૮ વર્ષ પછી વિ. સં. ૧૩૭૧માં સમરાશા ઓસવાલે પંદરમો ઉદ્ધાર કરાવ્યો. ત્યારપછી ૨૧૬ વર્ષ પછી વિ. સં. ૧૫૮૭માં ચિત્તોડગઢના કર્માશાએ સોળમો ઉદ્ધાર કરાવ્યો. ૧ થી ૧૨ ઉદ્ધારો ચોથા આરામાં થયા અને ૧૩ થી ૧૭ ઉદ્ધાર પાંચમા આરાના સમજવા.

પાંચમા આરાને અંતે જૈનધર્મનો વિચ્છેદ થશે ત્યારે એટલે કે આજથી લગભગ ૧૮૪૮૩ વર્ષ પછી આ અવસર્પિણી કાળનો સત્તરમો ઉદ્ધાર વિમલ-વાહન રાજા કરાવશે. એનો અર્થ એ થયો કે વિ. સં. ૧૫૮૭માં કર્માશાએ જે ઉદ્ધાર કરાવ્યો, તે પછીના ૧૮૪૮૩ વર્ષ જેટલા અતિ લાંબા ગાળા સુધી ઉદ્ધાર થવાનો જ નથી. આ એક વિચારણીય બાબત છે.

અહીં વિચારમાં મૂકે તેવી બાબત એ છે કે વિક્રમ સંવત ૧૦૦ થી લઈને ૧૬મી શતાબ્દી એટલે લગભગ ૧૫૦૦ વર્ષમાં નજીક નજીકમાં ચાર ઉદ્ધાર થવા પામ્યા. જ્યારે છેલ્લા ઉદ્ધાર માટે ૧૮૪૮૩ વર્ષ સુધીનું દીર્ઘ અંતર છે. તો શું આટલાં હજારો વર્ષ સુધીમાં મંદિર વગેરે આવું ને આવું રહેશે ખરું ? વિક્રમના એક હજાર વર્ષમાં અનેક આસમાની સુલતાનો આવી ગઈ તો લગભગ ૧૮૪૮૩ વર્ષ સુધી શું આ મંદિર સલામત રહેશે ? ભાવિની બધી બાબતો ગ્રન્થસ્થ થઈ ન હોય એટલે તે વાત જ્ઞાનીગમ્ય રહેવાની.

*

## પાલીતાણા તીર્થનાં મોટાં પર્વો–તહેવારો

આ યુગમાં વર્ષમાં આ તીર્થનાં ઉજવાતાં મોટાં પર્વો–તહેવારો નીચે મુજબ છે. ૧. કાર્તિકી પૂનમ, ૨. ફાગણ સુદિ તેરસ, ૩. ચૈત્રી પૂનમ અને ૪. અખાત્રીજ (અક્ષયતૃતીયા). આ ચાર આ તીર્થના ખાસ તહેવારો છે.

## કાર્તિક પૂનમ

દ્રાવિડ અને વારિખિલ્લજી દશ ક્રોડ મુનિઓ સાથે કાર્તિક પૂનમે મોક્ષે સિધાવ્યા, તેના કારણે આ દિવસ પ્રસિદ્ધિને પામ્યો છે.

## ફાગણ સુદિ તેરસ

શાંબ અને પ્રદ્યુમ્ન સાડા આઠ ક્રોડ મુનિ સાથે ફાગણ સુદિ તેરસના દિવસે ભાડવા ડુંગર ઉપરથી મોક્ષે સિધાવ્યા તેથી આ દિવસ પ્રસિદ્ધિને પામ્યો છે.

## ચૈત્રી પૂનમ

પહેલાં તીર્થંકર શ્રી આદીશ્વર ભગવાનના મુખ્ય ગણધર શ્રી પુંડરીક-સ્વામી પાંચ ક્રોડ મુનિ સાથે ચૈત્રી પૂનમને દિવસે મોક્ષે સિધાવ્યા તેના કારણે આ દિવસ પ્રસિદ્ધિને પામ્યો છે.

## વરસીતપ પર્વનો ઉજવાતો દબદબાભર્યો તહેવાર

શ્રી આદીશ્વર ભગવાને વરસીતપનું પારણું કર્યું. ભારતના ઉત્તર પ્રદેશના હસ્તિનાપુરનગરમાં, પરંતુ અખાત્રીજના દિવસે હજારથી દોઢ હજાર વર્ષીતપના તપસ્વીઓ પારણા માટે પાલીતાણા પધારે છે. તપસ્વીઓના સંબંધીઓની હાજરી ૩૦—૩૫ હજાર સુધી પહોંચી જાય છે.

જુદા જુદા કારણોને લીધે હાલમાં કાર્તિક પૂર્ણિમા અને ચૈત્રીપૂનમ આ બંને પૂનમ ઉપર ભૂતકાળમાં યાત્રિકોની જે સંખ્યા આવતી હતી તેમાં સારો એવો ઘટાડો થયો છે. યાત્રા બંધ થવાનો છેલ્લો દિવસ અષાઢ સુદિ ચૌદસનો છે, તેમાં પણ સારી એવી ઓટ આવી છે. ફક્ત આજે સહુથી વધુ તહેવાર ગાજતો રહ્યો છે ફાગણ સુદિ તેરસનો. તે દિવસે લગભગ ૫૦—૬૦ હજાર જેટલા યાત્રિકોનું આવવું થાય છે. આ તહેવાર ભાડવાના ડુંગર ઉપર શાંબ અને પ્રદ્યુમ્ન મોક્ષે ગયા હોવાથી છ ગાઉની પ્રદક્ષિણા આપવાનો થઇ ગયો છે, અને આજે આ તહેવાર ખાસ કરીને નવજવાનીયાઓનો છે એમ કહીએ તો ખોટું નથી. કેમકે વર્ષમાં આ એક જ દિવસે જુવાનવર્ગનાં

ધાડાંના ધાડાં જોવા મળે છે. ૭ ગાઉની પ્રદક્ષિણા પછી નીચે ઉતર્યા બાદ સંખ્યાબંધ તંબુઓમાં જાતજાતનાં ભોજન ઉપલબ્ધ હોય છે. આ એક પવિત્ર અને આનંદનો તહેવાર છે. જૈનો જ નહિ અજૈન યુવાનો પણ હજારોની સંખ્યામાં આવે છે એટલે તે સહુનો તહેવાર થઇ ગયો છે.

## પહાડ ઉપરથી અબજો વરસ સુધી મોક્ષગમનની અપાર પરંપરા આ તીર્થ માટે જ જોવા મળે છે

આ એક જ તીર્થ એવું છે કે તીર્થ ઉપર લાખો-કરોડો મુનિઓ અંતિમ સાધના કરી મોક્ષે પધાર્યા છે. તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનના સમયથી લઇને બાવીશમાં શ્રી નેમિનાથ ભગવાનના શાસન સુધીમાં લાખો-કરોડો મુનિઓ મોક્ષે ગયા છે. તે પછી શ્રી પાર્શ્વનાથ ભગવાન તથા શ્રી મહાવીરસ્વામી ભગવાનના શાસનમાં આ તીર્થમાં કોઇ મોક્ષે ગયા હોય તેની નોંધ જાણવા મળી નથી એટલે આ અવસર્પિણીના લગભગ છેલ્લાં ૨૧૦૦૦ વર્ષ સુધીમાં કોઇ જીવ આ તીર્થ ઉપરથી મોક્ષે જવાનો નથી. તેમજ લગભગ ૧૮૪૮૩ વર્ષ સુધીમાં આ તીર્થનાં મંદિરોનો ઉદ્ધાર પણ થવાનો નથી એમ સમજવું રહ્યું.

## દશરથપુત્ર શ્રી રામચંદ્રજી તથા કૌરવ-પાંડવો વગેરે આ પહાડ ઉપર મૃત્યુ પામી મોક્ષે ગયા છે

આ અવસર્પિણીકાળના બીજા આરાથી લઇને કરોડો વર્ષ દરમિયાન જૈન ઇતિહાસના આધારે શ્રી પુંડરીક ગણધર, નમિ-વિનમિ, દ્રાવિડ, વારિખિલ્લજી, રામચંદ્રજી, પાંચ પાંડવો વગેરે અનેક આત્માઓએ લાખો-કરોડો મુનિઓ સાથે આ તીર્થમાં સાધના કરીને મોક્ષપદ પ્રાપ્ત કર્યું છે.

## આ તીર્થમાં કરેલી ધર્મક્રિયાઓનાં ફળ કેવાં મળે ?

આ શત્રુંજય તીર્થમાં કરેલી એક જ યાત્રા, એક જ પૂજા, એક જ સામાયિક, કોઇપણ જાપ, કોઇપણ પ્રકારનું દાન સો ગણા ફળને આપનારૂં છે એમ શાસ્ત્રકારોએ કહ્યું છે. શત્રુંજય તીર્થની યાત્રાના ફળ માટે શાસ્ત્રમાં કહ્યું છે કે અનેક શાશ્વત ચૈત્યોની યાત્રા કરતાં પણ અનેકગણું-અનંતગણું વધુ ફળ આ

તીર્થની યાત્રા માટે કહ્યું છે. આવો આ તીર્થની ભૂમિનો કોઇ અનેરો પ્રભાવ છે.

*

## આજે વધુ પ્રસિદ્ધ બનેલાં ત્રણ તહેવારો

વર્તમાન અવસર્પિણીકાળમાં સેંકડો–હજારો–લાખો મુનિઓ આ તીર્થ ઉપર સાધના કરીને મોક્ષે પધાર્યા છે. વર્તમાનમાં આ તીર્થમાં ઉજવાતાં ત્રણ તહેવારોની વધુ પ્રસિદ્ધિ છે. ભગવાન શ્રી ઋષભદેવના પ્રથમ શિષ્ય શ્રી પુંડરીક ગણધર ચૈત્રીપૂનમને દિવસે પાંચ કરોડ મુનિઓ સાથે મોક્ષે ગએલા તેથી ચૈત્રીપૂનમ, દ્રાવિડ અને વારિખિલ્લ દશ કરોડ મુનિઓ સાથે કાર્તિકપૂનમે મોક્ષે ગએલા તેથી કાર્તિકપૂનમ અને શ્રી નેમિનાથ ભગવાનના શાસનમાં શ્રીકૃષ્ણ વાસુદેવના પુત્ર શાંબ અને પ્રદ્યુમ્નકુમાર સાડા આઠ કરોડ મુનિઓ સાથે (ભાડવાના ડુંગર ઉપર છ ગાઉની યાત્રામાં આવે છે તે) ફાગણ સુદિ તેરસને દિવસે મોક્ષે ગયેલા તેથી ફાગણ સુદિ તેરસ. આમ ત્રણ તહેવારોની પ્રસિદ્ધિ છે.

## નવ્વાણુ યાત્રા શું છે?

**પાલીતાણામાં પહેલાં તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાને જેઓ ઉત્તરભારતના કોશલદેશ–અયોધ્યામાં જન્મ્યા હતા અને પશ્ચિમ ભારતમાં આવેલા આ મહાન શાશ્વતતીર્થમાં નવ્વાણુનવ્વાણુની સંખ્યામાં પૂર્વ નવ્વાણુવાર અહીંયા યાત્રાઓ કરી હતી, તેથી અહીં નવ્વાણુયાત્રાનો મહિમા ઘણો મોટો છે. દરસાલ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા દૂર દૂરથી આવીને વિધિપૂર્વક નવ્વાણુ યાત્રા કરીને જીવનને ધન્ય બનાવે છે. સેંકડો ધર્માત્માઓ દર વર્ષે આ યાત્રાનો લાભ ઉઠાવે છે. આ નવ્વાણુ યાત્રાનો સમય કાર્તિક માસથી ફાગણ સુધીનો અનુકૂળ હોય છે.**

*

## ભગવાન ઋષભદેવ–આદિનાથનો આછો પરિચય અને તેમના સમયની રસપ્રદ અને આશ્ચર્યકારી પરિસ્થિતિનો આછો ચિતાર

*

**૧. અબજોનાં અબજો વરસ પહેલાં થયેલાં આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ જેની લોકપ્રસિદ્ધિ–અપરનામ શ્રી આદીશ્વરથી થવા પામી છે, તે પરમાત્માના જીવનપ્રસંગોનું સિંહાવલોકન.**

**— જૈન દૃષ્ટિએ કાળગણના અને એ સમયમાં ભારતવર્ષની શું સ્થિતિ હતી?**

**૨. જન જીવન કેવું હતું? યુગલિક શબ્દથી ઓળખાતા પ્રજાજનો કોણ હતા? તેની શું સ્થિતિ હતી? સમગ્ર ધરતી ઉપર પથરાયેલાં કલ્પવૃક્ષો કેટલાં પ્રકારનાં અને કઈ રીતે હતાં? અને શું લાભો આપતાં હતાં? રાજકીય નીતિ શું હતી?**

**૩. આ (અવસર્પિણીકાળની દૃષ્ટિએ) ધરતી ઉપર અગ્નિ પહેલી જ વાર ક્યારે અને કેવી રીતે ઉત્પન્ન થયો તે.**

**— સ્ત્રીની ૬૪ અને પુરુષોની ૭૨ કલાનું આપેલું જ્ઞાન.**

**— તે વખતના મનુષ્યોના શરીરની ઊંચાઈ વધુમાં વધુ ૨૦૦૦ હાથની હતી.**

**ભૂમિકા**—આ તીર્થનો સંબંધ શ્રી ઋષભદેવ ભગવાન સાથે ખૂબ ઘનિષ્ઠ છે ત્યારે મને થયું કે વાચકોને બહુ આછો આછો *ઋષભદેવ ભગવાનનો

* શ્રી આદીશ્વર ભગવાનનું વિસ્તારથી જીવનચરિત્ર જાણવું હોય તો પૂજ્ય શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજે બનાવેલું સંસ્કૃતમાં 'ત્રિષષ્ટિશલાકાચરિત્ર' જેમાં ચોવીશ તીર્થંકર ભગવાનનો પરિચય છે. આ સમગ્ર ચરિત્રનું ગુજરાતી ભાષાંતર પણ થયું છે તે મેળવીને વાંચી લેવું.

પરિચય કરાવું. શ્રી ઋષભદેવ ભગવાનનો પરિચય વાંચતા જુગલીઆ વગેરેની નાની–મોટી અનેક બાબતો તમને વાંચવા મળશે. કેટલીક બાબતો તમને આશ્ચર્ય-જનક અને કોઈ કોઇ હકીકતો જલદી મગજમાં ન બેસે એવી પણ હશે પરંતુ દરેક વસ્તુ તર્કથી કે ઇતિહાસથી માપી શકાતી નથી કે પુરવાર કરી શકાતી નથી. ઇતિહાસનાં સાધનો તો બહુ જ ટાચાં છે. કાળગણના આગળ ઇતિહાસ વામણો છે એટલે એવી બાબતો શ્રદ્ધાથી જ સ્વીકારવી રહી. અત્યંત સંક્ષેપમાં ડાયરીની જેમ જૈનશાસ્ત્રોના આધારે અહીં અપાતો પરિચય વાચકોએ શ્રદ્ધા અને ભક્તિથી વાંચવો.

અહીં એક અતિમહત્ત્વની અને મોટાભાગના જૈનસમાજથી લગભગ અજ્ઞાત બાબત જણાવવાની એ છે કે–આપણા જે ઋષભદેવ છે એને જ હિન્દુ–અજૈન સમાજે પોતાના ૨૪ અવતારો પૈકીના એક અવતાર તરીકે સ્વીકાર્યા છે અને એમનું નામ '**ઋષભઅવતાર**' પાડયું છે, અને અવતારનું વર્ણન **ભાગવતપુરાણ**માં સારી રીતે વર્ણવ્યું છે. તે લગભગ જૈનકથાને મળતું છે એટલે ઋષભ કે ઋષભઅવતાર એક જ વ્યક્તિ છે, એ નિર્વિવાદ બાબત છે. કેમકે ૨૪ અવતારનાં અનેક પેઇન્ટીંગો દેશમાં છે. એમાં ઋષભઅવતારનું ચિત્ર આબેહૂબ જૈનમૂર્તિ જેવી હોય છે તેવું જ ચીતરેલું હોય છે, એટલે આ નામની બીજી કોઇ વ્યક્તિ હશે એવું વિચારવાની જરૂર નથી. મારી પાસે પણ ૨૪ અવતારનું સુંદર પેઇન્ટીંગ છે જેમાં આબેહૂબ મુગટ પાખર સાથે આંગીવાળું ચિત્ર આલેખ્યું છે. અવતારો નક્કી કર્યા ત્યારે બુદ્ધને ચોવીશમાં લઇ લીધા પણ એમના જ સમકાલીન ભગવાન શ્રી મહાવીરને એમણે દાખલ ન કર્યા. મહાવીરને બદલે ઠેઠ પહેલા તીર્થંકર ઋષભને કેમ પસંદ કર્યા ? તે જોઇએ.

૨૫૦૦ વર્ષ ઉપર મહાવીર અને બુદ્ધ બંને ગાજતા હતાં છતાં હિન્દુ મહર્ષિઓની કેવી ઊંડી સૂઝ–સમજ અને દીર્ઘદષ્ટિ તેમજ જૈન અને હિન્દુ સમાજને એક તાંતણે બાંધીને પરસ્પર એકબીજા વચ્ચે મૈત્રીભાવ જગાવવાની કે એકતાની દષ્ટિએ કોઇપણ એક જૈન તીર્થંકરને અવતાર તરીકે લેવાનો નિર્ણય કર્યો, ત્યારે નજીકના કાળના ભગવાન મહાવીર ઉપર પસંદગી ન ઉતારતાં અસંખ્ય વરસો પહેલાં થએલા આદિકાળના ભગવાન ઋષભદેવ ઉપર પસંદગી ઉતારી.

આ પસંદગી કયા કારણે ઉતારી એ જાણવા માટે આપણી પાસે કોઇ સાધન નથી. ફક્ત કંઇક આછું અનુમાન કરવું જ હોય તો ઇતિહાસમાં મળતી નોંધના આધારે આવું અનુમાન કરી શકાય કે-એક સમય એવો હતો કે જે સમયમાં આપણા આદિ-બાવા ઋષભદેવજીનો પ્રભાવ આ દેશમાં ખૂબ ખૂબ વિસ્તારને પામ્યો હતો. લોકો ઋષભદેવજીના નામ અને ચમત્કારોથી અત્યંત પ્રભાવિત થઇ ગયા હતા. લોકોનાં ઘરોમાં પણ એમની મૂર્તિની પૂજા અને બીજી સાધનાઓ શરૂ થઇ ગઇ હતી. આથી હિન્દુ સમાજને ખૂબ ખૂબ ઊંડી ચિંતા થવા લાગી હશે કે જંગી પ્રમાણમાં જનતા જો ઋષભદેવજી તરફ ઢળી જશે તો આપણા ધર્મ માટે ખરેખર ! ચિંતાનો વિષય બની જશે, એટલે એમણે વિચાર્યું કે ઋષભદેવજીને જો આપણા અવતારમાં જ દાખલ કરી દેવાય તો ઋષભદેવજી હિન્દુ અને જૈન બંને પ્રજાના વંદનીય–પૂજનીય દેવ છે એવું જોરદાર વાતાવરણ જાતે દિવસે ઊભું થઇ જાય. જેના પરિણામે હિન્દુ અને જૈનો બંને વચ્ચે બંધુભાવ કેળવાય, સંઘર્ષને સ્થાન ન રહે અને સદાને માટે બંને સમાજમાં નિરાંત અને નિશ્ચિતતા સ્થપાય.

દેખાવમાં વાત નાની હોવા છતાં ઇતિહાસના પાને સુવર્ણાક્ષરે લખાએલી સમન્વયની ભાવનાની આ સુખદ ઘટના છે. બહુ જ આશ્ચર્યની વાત છે કે અવતાર તરીકે પસંદગી થઇ હશે ત્યારે ધાર્મિક અને સામાજિક સ્થિતિ કેવી સર્જાણી હશે ? જનતામાં ખળભળાટ કેવો થયો હશે ? તે તો કલ્પનાનો જ વિષય છે.

આ ઘટના માટે મેં ઉપર જે ઇશારો કર્યો એવો અજૈન કે જૈન કોઇ લેખકોએ ધ્યાન ખેંચ્યું કે કશી નોંધ લીધી નથી એ પણ એક આશ્ચર્ય ઉપજાવે તેવી ખેદજનક બાબત છે.

*

અહીંયા મુદ્રિત થયેલા લેખમાં શત્રુંજય પર્વત અને શ્રી ઋષભદેવ ભગવાન આ બે મુખ્ય બાબતો છે. તીર્થાધિરાજ શ્રી શત્રુંજય પર્વત અંગે તો જરૂરી જે કહેવાનું હતું તે કહેવાઇ ગયું. મૂલનાયક ઋષભદેવ–આદિનાથ ભગવાનની મૂર્તિના મહિમા અંગે પણ કહેવાઇ ગયું. હવે ઋષભદેવ ભગવાન કયાં જન્મ્યા હતા વગેરે અંગે વધુ જાણવાની જિજ્ઞાસા વાચકોને સ્વાભાવિક રીતે જ થાય

એટલે અહીં આ કાળના આદિ–પહેલા તીર્થંકર ભગવાન શ્રી ઋષભદેવનો તથા તે સમયની ખાસ જાણવા જેવી અભૂતપૂર્વ અને આશ્ચર્યજનક પરિસ્થિતિનો થોડો પરિચય કરીએ.

અબજો વરસ દરમિયાન આ અવસર્પિણીકાળમાં કુદરતી પરિસ્થિતિ કેવી વર્તતી હતી કે આ કાળના પહેલા તીર્થંકર પરમાત્મા શ્રી ઋષભદેવ ભગવાનથી લઈને છેલ્લા ચોવીશમાં તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામી સુધી આ ચોવીશે ચોવીશ તીર્થંકરોના જન્મ માટે ( આજના વિદ્યમાન ભારતદેશની દૃષ્ટિએ ) ભારતની પૂર્વ અને ઉત્તરભૂમિ બડભાગી બનવા પામી હતી. દક્ષિણ અને પશ્ચિમ ભારતમાં ( ચોવીશમાંથી ) એકેય તીર્થંકરનો જન્મ થયો નથી. શ્રી નેમિનાથ ભગવાન સિવાય ત્રેવીશ તીર્થંકરોનાં ચ્યવન, જન્મ, દીક્ષા, જ્ઞાન અને નિર્વાણ આ પાંચેય પવિત્ર કલ્યાણક–પ્રસંગો પણ પશ્ચિમ ભારતમાં થયાં નથી છતાં પશ્ચિમ ભારતની પુણ્યાઈ સાવ પરવારી ગઈ ન હતી એટલે રાજકીય ઇતિહાસે લીધેલા ગંભીર વળાંકના કારણે એટલે કે શ્રીકૃષ્ણજી આદિ યાદવોને મથુરાથી સ્થળાંતર કરી સૌરાષ્ટ્રમાં આવવાનું થયું એટલે બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથજી ભગવાનની દીક્ષા, જ્ઞાન અને મોક્ષ આ ત્રણ પવિત્ર કલ્યાણકો ગિરનાર પર્વત ઉપર થવાના પ્રસંગો બનવા પામ્યા.

અહીં તો ભગવાન શ્રી ઋષભદેવની કથા પ્રસ્તુત છે ત્યારે ઋષભદેવ ભગવાન ક્યારે થયા ? ક્યાં થયાં ? અને તે વખતે દેશની ધરતીની પરિસ્થિતિ કેવી હતી ? આ બધું જાણવા માટે કાળગણનાની ઘટના જાણી લેવી ખાસ જરૂરી છે. કાળ અનંતો ગણાય છે એથી કાળદ્રવ્યનું કોઈ નિયમન હોતું નથી. જ્યાં સૂર્ય ચંદ્ર * ચર નહીં પણ સ્થિર છે એવી ધરતી ઉપર તો રાત, દિવસ, મહિના

---

* અઢીદ્વીપ બહાર એટલે કે જંબૂદ્વીપથી ૪૫ લાખ યોજન (=૧૧૦ લાખ યોજન ) પછી અબજોના અબજો માઇલની મનુષ્યલોકની ધરતી ઉપર અસંખ્ય દ્વીપ-સમુદ્રો રહેલાં છે. આ વાતનો ઉલ્લેખ જૈનશાસ્ત્રો સિવાય બીજે ક્યાંય છે નહિ. વિજ્ઞાન પણ કદી જાણી શકવાનું નથી.

આ અસંખ્ય દ્વીપ-સમુદ્રો ઉપર અસંખ્ય સૂર્યો અને ચંદ્રો આકાશમાં સદાને માટે સ્થિર રહીને પોતપોતાનો પ્રકાશ ત્યાંની ધરતી ઉપર આપ્યા કરે

કે વરસોની ગણતરી સ્વાભાવિક રીતે જ થઈ શકતી નથી. છતાં જિજ્ઞાસુ વાચકોને સંતોષ થાય, વહેવાર જળવાય એટલા માટે કાળચક્રથી ઓળખાતા કાળની ગણના બતાવી છે. ભૂતકાળમાં અનંતો કાળ વીતી ગયો અને ભાવિમાં અનંતો કાળ વીતશે. આ અનંતા કાળમાં અનંતા કાળચક્રો પસાર થયાં અને થશે. એક કાળચક્રની સમય મર્યાદા વીશ કોડાકોડી સાગરોપમની નક્કી કરવામાં આવી છે. સમુદ્રની ઉપમા દ્વારા સમજાવી શકાય છે માટે **સાગરોપમ** શબ્દ પસંદ કર્યો છે. જેનો પાર ન આવે એવડો મોટો કાળ. તમે સમુદ્ર તરફ ક્ષણભર નજર કરો તો સમુદ્ર દૂર દૂર હજારો માઇલોમાં ફેલાએલો જોવા મળશે. એની જળરાશિને જુઓ તો અધધ...થઇ જશો. અહીંયા આપણે મહાકાળનું માપ હજારોમાં, લાખોમાં, કરોડોમાં નહીં પરંતુ કોટાકોટીના ગણિતથી માપવાનું છે: કોટાકોટી કોણે કહેવાય ? તો જૈનશાસ્ત્રની કાળગણિતની પરિભાષામાં દશ કરોડને દશ કરોડથી ગુણીએ એટલે દશ **કોટાકોટી**નો કાળ આવે, એટલે એક અબજ સાગરોપમ જેટલું કાળમાન થાય. ૨૦ કોડાકોડી સાગરોપમ એટલે ૪૦ અબજ સાગરોપમ જેટલો કાળ થાય. જેને એક કાળચક્રમાન કહેવાય.

આવા એક કાળચક્રના સર્વજ્ઞ એવા તીર્થંકરોએ કાળસ્વભાવે થતી ચિત્ર–વિચિત્ર, વિષમ અને વૈવિધ્ય ભરેલી પરિસ્થિતિને અનુલક્ષીને એના બે વિભાગ પાડ્યા. એક વિભાગને **ઉત્સર્પિણી** અને બીજા વિભાગને **અવસર્પિણી** નામ આપ્યું. એક ઉત્સર્પિણી એટલે દશ કોડાકોડી સાગરોપમનો કાળ અને એટલા જ માપની અવસર્પિણી. ઉત્સર્પિણી એટલે ઉત્તમ કાળ અર્થાત્ ચઢતો સુખપ્રધાન કાળ અને અવસર્પિણી એટલે ઉતરતો દુઃખપ્રધાન કાળ. પાછા આ બંને વિભાગો સારી રીતે સમજાય એ માટે પ્રત્યેક વિભાગના છ–છ આરા એટલે

---

છે. જ્યાં સૂર્યનો પ્રકાશ છે ત્યાં સૂર્યનો પ્રકાશ રહે છે અને જ્યાં ચંદ્રમાનો પ્રકાશ છે ત્યાં ચંદ્રમાનો પ્રકાશ રહે છે. જો કે ત્યાં માનવજાત નથી એટલે તેની ઉપયોગિતા માટે વિચાર કરવાનો નથી. આ વ્યવસ્થા અનાદિથી અનંતકાળ સુધી એક જ જાતની રહેશે. અઢીદ્વીપ બહાર મનુષ્યોની જો કે કોઈ વસ્તી નથી, પણ ત્યાં પાતાલવાસી દેવોનાં આમોદ-પ્રમોદ કરવા માટેનાં વિશાળ સ્થાનો છે.

૭–૭ વિભાગ પાડવામાં આવ્યા એટલે કે ૭ ભાગની ઉત્સર્પિણી અને ૭ ભાગની અવસર્પિણી. એક ઉત્સર્પિણીકાળ દરમિયાન યથાયોગ્ય કાળે ચોવીશ તીર્થંકરો જન્મે છે એ જ રીતે અવસર્પિણીકાળ દરમિયાન પણ યથાયોગ્ય કાળે ચોવીશ તીર્થંકરો જન્મે છે એટલે (ઉત્સર્પિણી અને અવસર્પિણીથી યુક્ત એવા) એક કાળચક્રમાં તીર્થંકરોની બે ચોવીશી પસાર થાય છે. તીર્થંકરોની આવી અનંતી અનંતી ચોવીશીઓ વીતી ગઈ છે અને ભવિષ્યમાં અનંતી વીતશે.

ઉત્સર્પિણીકાળના જે ૭ ભાગ બતાવ્યા તેમાં ૭ આરાઓની ઘટનાને મુલતવી રાખી આપણા શ્રી ઋષભદેવ ભગવાનને જન્મ આપનારી અવસર્પિણીના કાળની વાત કરીએ. અત્યારે આપણે અવસર્પિણીકાળમાં એટલે ઉતરતા અકલ્પનીય અતિવિષમ કાળમાં જીવીએ છીએ.

અવસર્પિણીકાળના ત્રીજા વિભાગના અન્તિમ ભાગમાં શ્રી ઋષભદેવ ભગવાનનો જન્મ થવા પામ્યો હતો. ત્રીજા આરાના લગભગ ચાર વર્ષ બાકી રહ્યાં ત્યારે તેઓશ્રીનું નિર્વાણ થયું છે. ભગવાન નિર્વાણ પામ્યા પછી ૮૯ પખવાડિયા એટલે ત્રણ વર્ષ અને સાડા આઠ મહિના બાકી રહ્યા ત્યારે ચોથા આરા–વિભાગની શરૂઆત થઈ. ચોથા આરામાં શ્રી ઋષભદેવ સિવાયના ભગવાન શ્રી અજીતનાથજીથી લઈ ને ભગવાન શ્રી મહાવીરસ્વામીજી સુધીના ૨૩ તીર્થંકરો જન્મ્યા અને ચોથા આરામાં જ નિર્વાણ એટલે મોક્ષ પામ્યા. ભગવાન શ્રી મહાવીર પણ ચોથા આરાના ત્રણ વર્ષ અને સાડા આઠ મહિના બાકી રહ્યા ત્યારે મોક્ષે ગયા હતા, અને પાંચમા આરાની શરૂઆત ભગવાન શ્રી મહાવીરના નિર્વાણ પછી ત્રણ વર્ષ અને સાડા આઠ મહિના પછી થઈ.

હવે આ હુંડા–અતિદુઃખદ અવસર્પિણીકાળમાં ૪૨ હજાર વર્ષ દરમિયાન કોઈ તીર્થંકર જન્મ લેવાના નથી. પાંચમો આરો ૨૧૦૦૦ વર્ષનો કહ્યો છે, તે પૈકી આજે તેનાં ૨૫૧૭ વર્ષ પસાર થયાં છે અને ૧૮૪૮૩ વર્ષ બાકી રહ્યાં છે. આ આરાના અંતિમ દિવસે સૂર્યોદય પછીના ત્રણ કલાક પૂર્ણ થયા પછી જૈનશાસનનો અને ચતુર્વિધસંઘનો વિચ્છેદ થશે તેમજ સાથે સાથે તમામ ધર્મોનો અન્ત આવશે.

પાંચમા આરાના ૨૧૦૦૦ વરસ પૂરાં થશે એટલે તરત જ પ્રલયકાળની શરૂઆત થશે. પ્રલયકાળ એટલે ( લગભગ ) સમગ્ર સૃષ્ટિનો નાશ. સમગ્ર સૃષ્ટિનો નાશ થવા માટે આકાશમાંથી જાતજાતની પ્રલયકાળસૂચક ભયંકર વૃષ્ટિઓ અને વરસાદની હેલીઓ શરૂ થશે. તે ધરતી ઉપર થોડાક માનવીઓ, થોડી જીવ જાતિ બચી જશે. બાકી તમામ મનુષ્યો અને ધરોનો વિનાશ થઈ જશે. ધરતી એવી થઈ જશે કે તે કોઇ ઉત્પાદનને યોગ્ય નહીં રહે. ત્યારપછી છઠ્ઠા આરાની શરૂઆત થશે. છઠ્ઠો આરો પણ ૨૧૦૦૦ વરસનો કહ્યો છે. ધરતી ઉપર સૌથી વધુ દુઃખદકાળ આ આરાનો બતાવ્યો છે. છઠ્ઠા આરાના મનુષ્યોની ઊંચાઇ પાંચમા આરાની સાત હાથથી ઘટીને બે હાથની રહેશે. પાંચમા આરામાં જનરલ આયુષ્ય ૧૨૫ વરસનું કહ્યું હતું તે ઘટીને છઠ્ઠા આરામાં પુરુષનું ૨૦ અને સ્ત્રીનું ૧૬ વર્ષનું આયુષ્ય હશે. આ આરામાં સ્ત્રીઓ નાની ઉમ્મરમાં ભોગ-સમર્થ બનશે, તીવ્ર વિષયાસક્ત બનશે અને નાની ઉમ્મરમાં જ ઘણાં બાળક-બાલિકાઓને દુઃખે કરીને જન્મ આપશે. આ આરાના નિષ્પુણિયા જીવો દુઃખેથી જીવન પસાર કરશે. એ આરો પૂર્ણ થતાં અવસર્પિણીકાળ પણ પૂરો થશે.

આથી ઋષભદેવ ભગવાન ક્યારે જન્મ્યા ? તો આ પ્રશ્નનો સાદો જવાબ એમ આપી શકાય કે આજથી અસંખ્ય અબજો વરસ પહેલાં. તે ક્યાં જન્મ્યા ? તેમના માતાપિતા કોણ હતા ? તે વખતે ધરતીની પરિસ્થિતિ કેવી હતી ? વગેરે બાબતો જૈન ઇતિહાસ કે શાસ્ત્રની દૃષ્ટિએ ખૂબ જાણવા જેવી છે. તેથી તેની અલ્પ ઝાંખી કરીએ.

એમાં પહેલી વાત એ છે કે—તે વખતે સમગ્ર ભારતવર્ષની ( અત્યારના ભારતની વાત નથી ) ધરતીની પરિસ્થિતિ કેવી હતી ? તે વાત ખૂબ જ આશ્ચર્યજનક અને રોમાંચક હોવાથી તે જોઈએ.

એ વખતે સમગ્ર ધરતી ઉપર દરિયો ન હતો. સમગ્ર ધરતી ઉપર યુગલિક યુગ ( જુગલીયા યુગ ) વર્તતો હતો. એ વખતે ધરતી ઉપર રહેવાને માટે મકાનોની જરૂર ન હતી. ખાવાને માટે ધાન્ય ન હતું, ધંધા–રોજગારની વ્યવસ્થા ન હતી, ધનની જરૂરિયાત ન હતી, લોકો અકિંચન હતા, તેમને જરૂરિયાત જ ન હતી. જ્ઞાતિભેદ, ધર્મભેદ, દેશભેદ જેવું કશું જ ન હતું.

ત્યારે પ્રશ્ન થાય કે તે વખતના યુગલિક મનુષ્યો શરીર ટકાવવા માટે શું કરતા હતા ?

તો જવાબ એ કે શાસ્ત્રમાં એ માટે દશ પ્રકારનાં કલ્પવૃક્ષોની વાત લખી છે. આ કલ્પવૃક્ષો સમગ્ર ધરતી ઉપર પથરાએલાં હતાં. આ કલ્પવૃક્ષો ચમત્કારિક શક્તિ ધરાવતાં હતાં. સ્વર્ગના દેવોથી અધિષ્ઠિત હતાં અને તે વખતના જીવો જે જે ઇચ્છા કરતા તે તમામ વસ્તુઓ કલ્પવૃક્ષો પૂરી પાડતાં હતાં. કલ્પવૃક્ષો જ વૃક્ષોની રચના દ્વારા બધાને રહેવાની વ્યવસ્થા કરી આપતા હતાં. કલ્પવૃક્ષો દ્વારા જ ખોરાક, પાણી, કપડાં, અલંકાર, ખાવાનાં પાત્રો, ફળો, દીવા–પ્રકાશ, મિષ્ટાન્ન ખાદ્ય–પેય પદાર્થો વગેરે બધી વસ્તુઓની ઇચ્છા થતાંની સાથે એ જીવોને મળતી હતી. એમને ઘરોની–રસોડા વગેરેની કોઈ જ જરૂર ન હતી.

### અહીં પ્રશ્ન થશે કે યુગલિક ધર્મ એટલે શું ?

કાળના પ્રભાવે ( પતિ-પત્ની તરીકે જોડાયેલા ) દંપતીઓ કદી પણ એક સંતાનને જન્મ આપતા નથી પણ બે સંતાનને જોડલે જ જન્મ આપે છે અને એ બેમાં એક પુત્ર અને એક પુત્રી હોય. જોડલારૂપે જન્મેલા સ્ત્રી અને પુરુષ ભોગસમર્થ થતાં તે કાળના રિવાજ મુજબ પતિ–પત્નીના સંબંધથી જોડાઇ જાય છે. આજની અપેક્ષાએ જોડલું–ભાઈ–બહેનરૂપે હોવા છતાં પણ તે વખતના દેશકાળની વ્યવસ્થા મુજબ પતિ–પત્નીરૂપે જોડાય છે. તે કાળનો આ ધર્મ હતો, એ કાળને આધીન સહુને થવાનું જ હોય છે. આ જ બાબતને **યુગકાલિકધર્મ** કહેવામાં આવે છે. કરોડો વરસ સુધી આ યુગલિક ધર્મનો વ્યવહાર વિદ્યમાન હતો.

એ વખતના કાળમાં ક્રોધાદિ કષાય અત્યન્ત મંદ હતા. ભોગસુખની વાસનાઓ બહુ મંદ હતી. આસક્તિભાવ અત્યન્ત અલ્પ હતો, અત્યન્ત સુખી, સરલ અને શાંત જીવન જીવનારા હતા. ઝઘડો, કલહ-કંકાશ વગેરે હતા નહિ. શરીરે નીરોગી અને મજબૂત હતા. રાત્રિના નિશાચર ગણાતા મચ્છર, માંકડ, ડાંસ વગેરેનો જરાપણ ઉપદ્રવ ન હતો. ઋષભદેવ ભગવાનનો જન્મ પણ કુલકરથી ઓળખાતા નાભિરાજાની પત્ની મરુદેવા માતાની કુક્ષિએ યુગલિકરૂપે

થયો હતો. તે વખતે ખાવાની ઇચ્છા થાય ત્યારે દેવો અંગૂઠાના છેડા ઉપરની નસમાં અમૃતરસ મૂકી દે છે અને તે અંગુલિ બાળભગવાન મુખમાં રાખી રાખીને મધુર રસનું પાન કરતા રહે છે. બાલ્યકાળ વીતી ગયા પછી તો ક્ષુધાનો વધારો થાય અને ત્યારે આ વિશ્વ ઉપર અબજો વરસથી વિદાય થએલો અગ્નિ પ્રગટ થયો ન હોવાથી પાકેલું અનાજ ખવાતું ન હતું અને આ તો હતા પાછા ભગવાન, એટલે દૂર દૂર રહેલાં કલ્પવૃક્ષોમાંથી દેવો ખાસ ફળો લઈ આવતાં અને ભગવાન તે ખાતા હતા. યુગલિકધર્મ ચાલતો હતો તેથી ભગવાન પણ નર-નારીના જોડલારૂપે જન્મ્યા હતા. જોડલા-જુગલિયામાં નર-પુરુષ તરીકે ઋષભ અને નારી-સ્ત્રી તરીકે સુનંદા હતી. તે વખતના કાળના પ્રભાવના રિવાજ મુજબ ઋષભ અને સુનંદાએ પતિ-પત્ની તરીકે સંબંધ બાંધ્યો. સુનંદાએ એક જોડલાને જન્મ આપ્યો, એ જોડલાનું નામ ભરત અને બ્રાહ્મી હતું અને ઉપપત્ની તરીકે સ્વીકારાએલી સુમંગલાએ એક જોડલાને જન્મ આપ્યો. તે જોડલાનું નામ બાહુબલી અને સુંદરી હતું.

આ પ્રમાણે યુગલિક મનુષ્યો તે વખતે સર્વત્ર વિદ્યમાન કલ્પવૃક્ષોનાં બનાવેલાં જાતજાતનાં ઘરોમાં રહીને જાતજાતનાં કલ્પવૃક્ષો પાસેથી પ્રાપ્ત થતી તમામ વસ્તુઓનો ભોગવટો કરતાં એશ-આરામ અને સુખ-શાંતિથી કરોડો વર્ષનો સમય પસાર કરે છે. એમ કહીએ કે ધરતી ઉપર રહીને પણ સ્વર્ગીય સુખનો આનંદ અનુભવે છે. યુગલિકકાળ હવે સમાપ્ત થવાની અણી ઉપર હતો ત્યારે કોઈ રાજા ન હતા, રાજ્યવ્યવસ્થા ન હતી, સમાજવ્યવસ્થા ન હતી, ગૃહવ્યવસ્થા જેવું કંઈ હતું જ નહિ એટલે કોઈ ગામડાં-શહેરો-નગરો ન હતાં. પશુ વગેરે વર્ગ પણ કલ્પવૃક્ષનાં ફળને જ ખાતાં હતાં.

અહીં પ્રશ્ન થાય કે એ લોકો ભદ્રિક અને સરળ પરિણામી હતા તો પણ શું થોડો ઘણો સંઘર્ષ નહીં થતો હોય?

સમય જતાં સામાન્ય સંઘર્ષો જરૂર શરૂ થયા હતા. એના પ્રતિકાર માટે હક્કાર, મક્કાર અને ધિક્કાર આ ત્રણ નીતિ સેંકડો વરસથી ચાલી આવતી હતી અને તે વખતના અગ્રણી કુલકરો આ ત્રણ નીતિના અમલ દ્વારા

સમાધાન કરી આપતા, અને વધુ કજીયા કરનારનો તિરસ્કાર કરવામાં આવતો. આ સિવાય કોઈ શિક્ષા–ક્રિયા કરવામાં આવતી ન હતી. '**હક્કાર**' એટલે એક માણસે ગુનો કર્યો એટલે 'હે, આવું કેમ કર્યું ?' આટલું યુગલિયાને કહેવામાં આવે તો એટલું પણ એને ખૂબ ભારે પડી જતું, શરમાઈ જતાં, થરથરી જતાં. વરસો સુધી આ હક્કાર નીતિ ચાલી પણ કલહ વધવા માંડયા હક્કારથી દબડાવવા છતાં ગુના કરતા રહ્યા પછી '**મક્કાર**' નીતિ દાખલ થઈ, પછી બંને પક્ષ ન્યાય કરનાર પાસે જાય ત્યારે હવે કાયદાનો અમલ જરા કડક થયો હોવાથી ન્યાયાધીશ જુગલિયા સામે '**મક્કાર**' નીતિ અમલમાં મૂકે એટલે કે 'બીજીવાર આવું બિલકુલ કરીશ નહિ. ખબરદાર જો બીજીવાર કજીયો કર્યો તો' વરસો સુધી આ નીતિ પણ ચાલી. પરંતુ જેમ સમય વધતો ગયો તેમ કાળબળમાં વિષમતા વધવા માંડી એટલે જુગલિયાઓ જરા ધીઠ્ઠા થવા માંડયા. ૧. હુકારો કરી ધમકાવે ૨ કોઈવાર તારે આવું કરવું નહીં એમ કહી હુકમ કરે તો બંને હુકમોની અવગણના કરવા માંડયા, એટલે અંશે જુગલિયા હૈયાના કઠોર બની ગયા હતા. કુલકરોએ જોયું કે હવે ત્રીજી નીતિ દાખલ કરો એટલે તેમણે '**ધિક્કાર**' નીતિ દાખલ કરી એટલે ત્રીજીવાર ગુનો કરીને આવે એટલે ન્યાયાધીશ ધમકાવે અને વ્યક્તિને ધિક્કારી કાઢે. 'તને શરમ નથી આવતી, બબ્બે વખત તને વાર્યા છતાં સમજતો નથી ? તું તે કેવો માણસ છે ?' આવી રીતે ઠપકારે. આમ ફક્ત સાવ હળવી ત્રણ નીતિનું શાસન આ ધરતી ઉપર ચાલતું હતું. એ વખતે રાજા, કાયદો, કોર્ટ કે જેલ, દંડ કે શિક્ષા કાંઈ હતું નહિ. કલ્પના કરજો કે એ વખતના બાપડા યુગલિઆ જીવો કેવા હશે ? આપણે પણ કદાચ એ વખતના યુગલિયાપણામાં જન્મ લીધો પણ હોય તો ના નહિ !

હજારો વરસ બાદ આ ત્રણેય નીતિ નિષ્ફળ ગઈ. કાળબળે કલહ, કંકાસ અને સંઘર્ષો વધ્યા એટલે ભગવાનના પિતા નાભિકુલકરે વિચાર્યું કે હવે ખરેખર ! શાસકની જરૂર ઊભી થઈ છે આ માટે શાસકની સ્થાપના થવી જ જોઈએ, એટલે યુગલિયાને વાત કરીને ઋષભનો રાજ્યાભિષેક કરવાનું નક્કી થયું. આ રાજ્યાભિષેક કરવા માટે ઇન્દ્ર મહારાજા પણ અવધિજ્ઞાનથી જાણીને

અનાદિકાળથી પોતાના શાશ્વત આચારનો અમલ કરવા ધરતી ઉપર આવી પહોંચ્યા. જુગલિયા વગેરેને સાથે રાખીને ઋષભને રાજા બનાવવામાં આવ્યા અને ત્યારથી આ ધરતી ઉપર પહેલીજવાર રાજ્ય શાસન શરૂ થયું અને પહેલીજવાર રાજા થયા. તે પછી શામ, દામ, દંડ, નીતિનો અમલ થયો.

હવે રાજા થયા પછી રાજા અને પ્રજાને રહેવા માટે ઘરો અને મહેલોની જરૂરિયાત ઊભી થઈ. ઇન્દ્ર મહારાજાએ પોતાની દૈવિક શક્તિથી આંખના પલકારામાં બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી એવી જબરજસ્ત મહાનગરી ઊભી કરી દીધી, નગરીનું નામ વિનીતા રાખ્યું. આજની અયોધ્યા[1] એ જ સ્થળે છે એમ કહેવાય છે. કાયદો અને વ્યવસ્થાનું શાસન શરૂ થયું એટલે પ્રધાન, મંત્રી, સેના વગેરેની સ્થાપના પણ કરવામાં આવી. કાળના પ્રભાવની દિન–પ્રતિદિન હાનિ થતાં કલ્પવૃક્ષનાં વૃક્ષો ફળ આપતાં બંધ થઈ ગયાં એટલે યુગલિકવર્ગ ઝાડનાં પાંદડાં કે ફલ–ફળ વગેરે ખાતો થયો, પછી ક્ષુધા વધવાથી અનાજની જરૂરિયાત ઊભી થઈ, એટલે ધરતી ઉપર હવે ખેતરો શરૂ થયાં. માર્ગદર્શકો નીચે અનાજ ઉત્પન્ન કરવાની વ્યવસ્થા પણ શરૂ થઈ ગઈ. કાચું અનાજ મળતું પરંતુ એ વખતે અનાજ પકવી શકાય તેવું કોઈ સાધન ન હતું.

ત્યારે વાચકોને થશે કે એ વાત કેવી રીતે છે? તો તે કાળમાં લાખો વરસોથી અગ્નિની જરૂરિયાત જ ન હતી. અગ્નિનું નામનિશાન ધરતી ઉપર ન હતું. અગ્નિનો શબ્દ પણ કોઈ જાણતું ન હતું. હવે ખેતરમાં ઉત્પન્ન થતાં કાચા અનાજને ખાઈ શકાય નહીં, ખાય તો પાચન થાય નહિ, કાચું અનાજ ખાધું તેઓને પેટની અનેક તકલીફો ઊભી થઈ એટલે એ અનાજને પકવીને ખાવું જરૂરી સમજાયું. અનાજને પરિપકવ બનાવે એવી ચીજની આ ધરતી રાહ જોઈ રહી હતી. હંમેશા કુદરતને જે જે કાળે પોતાની

---

૧. અબજો વરસ દરમિયાન ધરતીમાં કેટલીએ ઉથલપાથલ થઈ હશે. એ વખતનું ભારત કેવી રીતે હશે? યથાર્થ સ્થાનો ખરેખર કયાં હશે? તે જ્ઞાની જાણે.

ફરજ બજાવવાની જરૂરિયાત ઊભી થાય છે ત્યારે ત્યારે કુદરત મદદે દોડી જ આવે છે.

હવે પછીથી લાખો વરસ સુધી ધરતી ઉપર અગ્નિની અવિરત જરૂર પડવાની હતી એટલે જંગલમાં અગ્નિને ઉત્પન્ન થવાનો સમય ખડો થયો એટલે જંગલમાં એકાએક અણધાર્યાં બે ઝાડો જોરથી ઘસાયાં, તરત જ તેમાંથી એકદમ જોરથી અગ્નિ પ્રગટ થઈ ગયો. ભગવાન પાસે આવીને જુગલિયાઓ કહેવા લાગ્યા કે ભગવાન ! આ જંગલમાં કોઈ મોટો રાક્ષસ ઉત્પન્ન થયો છે, જે ઝાડ–પાનને બાળે છે, અમે તેને પકડવા ગયા તો અમને પણ દઝાડયું. આ વૈતાલ જેવો પાપાત્મા છે. એટલો બધો ભૂખાડો છે કે તેને તો જંગલોને સાફ કરવા માંડયાં છે. તે પછી એક વખતે કાચું અનાજ પકવવા માટે સળગતા અગ્નિમાં નાંખ્યું અને સામે ઊભા રહી માંગણી કરી કે 'અમને અમારૂં અનાજ પાછું આપો.' અમો કરગરીને માગણી કરતા રહ્યા પણ આ ભૂખાડો વૈતાલ જેવો છે, કશું જ પાછું આપતો નથી. યુગલિયા તદ્દન ભોળા–અજ્ઞાન હોય છે તેથી બીજું કશું સમજતા હોતા નથી, એટલે ભગવાને કહ્યું કે અગ્નિ નામની વસ્તુનો જન્મ થઈ ગયો છે, એ વૈતાલ નથી કે નથી રાક્ષસ એટલે યુગલિયા શાંત થયા. પછી ભગવાને કહ્યું કે આ અગ્નિ તમારા અનાજને પકવી દેશે. પણ અગ્નિમાં સીધું અનાજ ન હોમાય, તે તો રાખ થઈ જશે. અમો ખાધા વિના રહી શકતા નથી અને કાચા અનાજનું પાચન થતું નથી. આ પ્રશ્નને હલ કરવા પારદષ્ટા ભગવાને યુગલિયાઓને કહ્યું કે તમે અનાજ અને અગ્નિ વચ્ચે માટીનું વાસણ રાખો, એમાં અનાજ રાખો અને પછી અનાજની રીત પ્રમાણે એને પકવો એટલે યુગલિયા કહે કે ભગવાન ! માટીનાં વાસણ શું તે જ અમને ખબર નથી એટલે અમે શું કરીએ? એટલે ભગવાને તરત જ યુગલિયાઓને કહ્યું કે જાવ, ધરતીમાંથી સારી માટી કાઢી ચોખ્ખી કરીને લઈ આવો અને પાણી લઈ આવો. બિચારા યુગલિયા તો બાઘા બનીને જોઈ જ રહ્યા હતા કે ભગવાન આને શું કરશે ? ભગવાને માટી લઈ પાણીમાં પલાળી, પછી હાથથી કલાડું, ઠીબું, હાંડલી વગેરે સાધનો બનાવી આપ્યાં, અને ભગવાને કહ્યું કે આવી રીતે તમો વાસણ બનાવો અને તમે

સારી રીતે આ કળા શીખી લો, પછી અગ્નિ ઉપર મૂકી અનાજ વગેરે પકાવો.

આ ધરતી ઉપર લાખો વરસ પછી પહેલીજવાર અગ્નિનું પ્રગટીકરણ થયું હતું તેમજ આ અવસર્પિણીકાળમાં પહેલીજવાર કુંભકારના શિલ્પનો પણ જન્મ થયો. હવે તો ભગવાનની પોતાની ફરજ હતી. સંસાર વ્યવહારમાં તમામ બાબતોની જરૂરિયાતો ધીમે ધીમે ઊભી થવાની એટલે ભગવાને બીજાં ચાર શિલ્પો પ્રગટ કર્યાં અને લોકોને સઘન તાલીમ આપી–અપાવરાવી બધું શીખવાડયું. બીજા શિલ્પમાં લુહારની કળા, ત્રીજા શિલ્પમાં ચિત્રો, રંગ–રોગાનની કળા, ચોથા શિલ્પમાં વાસણની કળા અને પાંચમા શિલ્પમાં નાપિત એટલે વાળ કાઢવાની અને વાળને સુંદર બનાવવાની કળા. આ રીતે પાંચ શિલ્પો પ્રગટ કર્યાં. એક એક શિલ્પના વીશ વીશ પ્રકારો ઊભા કર્યા. આમ જાતે દિવસે સો પ્રકારનાં શિલ્પો વ્યવહારમાં પ્રવર્તમાન થયાં. વિશ્વની ધરતી ઉપર તમામ વિદ્યાઓ અને કલાઓ–હસ્ત ઉદ્યોગોની શરૂઆત થઈ.

અવસર્પિણીકાળના અબજો વરસ પસાર થયા બાદ આ ધરતીએ પુનઃ નવો અવતાર ધારણ કર્યો અને ધીમે ધીમે તમામ ક્ષેત્રોમાં કાયાપલટ થવા માંડી. પુરુષોની બોંતેર કળા અને સ્ત્રીઓની ચોસઠ કળા ભગવાને પહેલીજવાર પ્રગટ કરી.

ટૂંકમાં સમજવાનું એ કે–અગ્નિરૂપી ઉષ્ણ શક્તિનો પ્રારંભ, ખેતરોની વ્યવસ્થા, ઘરો મહેલો બનાવવાં, ધંધો–રોજગારના વ્યવસાયો પણ શરૂ થયાં. આમ ધીમે ધીમે જીવન પલટાવા માંડયું. એ કાળની વિશેષતાઓની વાત અહીં પૂરી થઈ.

હવે દેખાવમાં જુગલિયા કેવાં હશે ? એનો પરિચય આપણે શી રીતે આપી શકીએ, પરંતુ એમ કહી શકાય કે આપણા જેવા જ હોવા જોઈએ. યુગલિકકાળ શ્રી ઋષભદેવ ભગવાનના જન્મ પહેલાં અબજો વરસથી ચાલ્યો આવતો હતો એટલે આ અવસર્પિણીના પ્રારંભથી જ યુગલિકકાળ શરૂ થાય છે, અને એ યુગલિકકાળ પહેલા તીર્થંકર ઉત્પન્ન થયા પછી ધીમે ધીમે ખતમ થઈ જાય છે. આ વ્યવસ્થા અનાદિકાળથી નિશ્ચિત થયેલી છે.

આ ધરતી ઉપર ઊંચામાં ઊંચો માનવી કેવડો હશે ? આવો પ્રશ્ન થાય ત્યારે તેનો ઉત્તર વાંચીને આજના માનવીઓનું મન અને મગજ સ્તબ્ધ થઈ જાય. આ ધરતી ઉપર ત્રણ ગાઉ અથવા ચોવીશ હજાર હાથ જેટલી કાયાની ઊંચાઈ હતી અને તેમનાં આયુષ્ય તે વખતે ત્રણ પલ્યોપમના હતા (એક પલ્યોપમ એટલે અસંખ્યાતા વરસોનો કાળ). જેમ જેમ કાળ ઉતરતો જાય તેમ તેમ ઊંચાઈ અને આયુષ્ય બંનેની સ્થિતિ ટૂંકાતી જાય. ઋષભદેવ ભગવાનનો કાળ એટલે આ અવસર્પિણીનો લગભગ મધ્યકાળ. આ કાળમાં પહેલાની ત્રણ ગાઉની ઊંચાઈ ઘટતા ઘટતા ૫૦૦ ધનુષ્યે આવીને ઊભી રહી. ઋષભદેવ ભગવાન પાંચસો ધનુષ્ય જેટલા ઊંચા હતા (૫૦૦ ધનુષ્ય એટલે ૨૦૦૦ હાથ ). એક વાત ધ્યાનમાં રાખવી કે બધાનાં જ આયુષ્ય કે ઊંચાઈ સરખાં હોતાં નથી. ૫૦૦ ધનુષ્યથી થોડી થોડી ઘટતી ઘટતી ઊંચાઈવાળા મનુષ્યો પણ હોય છે. પાંચસો ધનુષ્યની કાયાવાળા ભગવાન ઋષભદેવનું પગનું ડગલું કેટલું લાંબું હશે ? આ બધું વિચારીએ ત્યારે એ યુગના માનવોની આશ્ચર્ય અને અદ્ભુત પરિસ્થિતિઓ જોઈને સ્તબ્ધ બની જવાય છે. તે વખતના મનુષ્યોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ પલ્યોપમનું હતું. તે ગણતરી કરી શકાય એવું ૮૪ લાખ પૂર્વનું હતું. (એક પૂર્વ એટલે સિત્તોર લાખ ક્રોડ છપ્પન હજાર ક્રોડ વર્ષનો કાળ) ઋષભદેવ ભગવાનની ઊંચાઈ અને આયુષ્ય બાવીશ તીર્થંકરોના સમયમાં ઘટતા ઘટતા ભગવાન મહાવીરના સમયમાં વધુમાં વધુ કયારેક ૩૦૦ વર્ષનું આયુષ્ય અને ઊંચાઈ નવેક હાથની મળી આવે ખરી !

આજના યુગમાં તીર્થંકરોની ઊંચાઈ લોકોને શ્રદ્ધેય બનતી નથી. ભગવાન શ્રી મહાવીરની ઊંચાઈ આજના યુગ સાથે બંધબેસતી લાગે. આ બાબતમાં વૈજ્ઞાનિકો એવું માને છે કે ઊંચાઈના કારણમાં જેમ જેમ જમીન સંકોચાતી જાય તેમ તેમ જમીનનું ગુરુત્વાકર્ષણ ભારે થઈ જાય છે. જેટલા પ્રમાણમાં જમીનનું ગુરુત્વાકર્ષણ ભારે થાય તેટલા પ્રમાણમાં ઊંચાઈ ટૂંકી થતી જાય છે. લાખો વરસ પહેલાં આ દેશના જાનવરો પણ ખૂબ લાંબાં હતાં. જમીનનું ગુરુત્વાકર્ષણ ભારે થતું ગયું એટલે મનુષ્ય અને પ્રાણીઓ છોટાં–નાનાં થવા માંડયાં. આ એક વૈજ્ઞાનિકોની કલ્પના છે. સાચું જે હોય તે !

જૈનધર્મ પણ શરીરની ઊંચાઈ અને આયુષ્ય બાબતમાં શરીરનામકર્મ અને આયુષ્યનામકર્મને કારણ બતાવે છે. ઋષભદેવ ભગવાનનું આયુષ્ય ચોરાશી લાખ પૂર્વ વર્ષનું હતું. ૮૩ લાખ પૂર્વ સુધી તેઓ સંસારમાં રહ્યા. શાશ્વત નિયમ મુજબ દીક્ષા લીધી. લાખો લોકોને આત્મકલ્યાણનો માર્ગ બતાવી પોતાનાં શેષ કર્મોનો ક્ષય કરી એક લાખ વર્ષનું ચારિત્ર પાળીને, ૮૪ લાખ પૂર્વનું સંપૂર્ણ આયુષ્ય પૂર્ણ કરી મોક્ષે પધાર્યા. જન્મ-મરણનાં ફેરા કાયમ માટે બંધ થયા, કાયમ માટે દુઃખોનો અન્ત આવ્યો. મોક્ષે જાય એટલે હવે ત્યાં શરીર ન હોય, ફક્ત જ્યોતિપુંજરૂપ આત્મા ત્યાં સ્થિર થઈ જાય છે.

આ કાળમાં ધર્મની શરૂઆત ભગવાન ઋષભદેવથી શરૂ થઈ.

## શત્રુંજય પર્વતની વિશેષતા

દૂરથી જોતાં અને ચારે બાજુએ જમીન ઉપરથી પ્રદક્ષિણા ફરતા આ પહાડ માટે જુદી જુદી આકૃતિઓ કલ્પી શકાય તેવી રચના ખડી થઈ જાય છે. ઘણીવાર પહાડોનું પથરાણ, એની ઊંચાઈ, લંબાઈ તથા પહોળાઈ વગેરે બેઢંગુ અનાકારે હોય છે, જોઈએ તેવા સુશોભિત નથી હોતા. એ પહાડોની રચના ચિત્ર–વિચિત્ર પ્રકારની અને ઘણી વખત ઉપર–નીચેથી જોતાં બહુ જોવી ન ગમે તેવી હોય છે. જ્યારે આ સુપ્રસિદ્ધ પહાડ બહુ વ્યવસ્થિત રીતે જમીન ઉપર પથરાયો છે અને અડીખમ વારંવાર જોવો ગમે તેવો છે.

જૈનસંઘ કેવો બુદ્ધિશાળી અને નસીબદાર છે કે જેના પરિણામે પહાડ ઉપર સૌથી ઊંચા બે ભાગો પૂરેપૂરા હસ્તગત કરી તેનાં ઉપર મંદિરો બંધાવ્યાં. ટોચ ઉપરની જેટલી જગ્યા–બેઠક હતી તે બધી જ જૈનમંદિરો અને તેનાં કિલ્લા દ્વારા બહુ સુંદર રીતે કવર થઈ ગઈ એટલે ઉપરના ભાગે બંને વિભાગમાં કોઈ માનવીય કે જાનવરીય ઉપદ્રવોની ભીતિ હંમેશાને માટે રહેવા ન પામી. દાદાજીના નામથી ઓળખાતો મુખ્ય ટેકરીનો ભાગ અને ચૌમુખજીથી ઓળખાતો ટેકરીનો ભાગ આમ બંને ટૂંકો ઊંચી નીચી છે. મૂલનાયક ભગવાનની ટૂંક કરતા નવ ટૂંક ઠીક ઠીક પ્રમાણમાં ઊંચી છે. આજથી ૪૫ વર્ષ પહેલાં મેં ચારેબાજુથી પ્રદક્ષિણા લઈને જુદા જુદા એંગલથી તેના ફોટા લેવરાવ્યા હતા. અમુક ભાગમાં જાણે કોઈ સ્ત્રી સૂતી હોય એવો આભાસ જોવા મળે. કેમકે બન્ને ટેકરીઓ દૂરથી જોતાં બરાબર સ્તનના સ્થાને હોય એવું લાગે. મારી પાસે જુદા જુદા એંગલથી લીધેલા ફોટા અને શત્રુંજયના નાના–મોટા તમામ ભાગના શિલ્પ, સ્થાપત્ય, કલા અને ઇતિહાસની દૃષ્ટિએ જે કાંઈ લેવા જેવું હતું પ્રાયઃ તે બધાના ફોટા મેં લેવરાવ્યા છે. આ ફોટાનું સ્વતંત્ર ચિત્રઆલ્બમ પરિચય સાથે પ્રગટ કરાવવાની ભાવનાથી તે ફોટા લેવરાવ્યા છે.

આ પહાડ ચઢવામાં એટલો બધો સરળ છે કે પ્રાયઃ ભયજનક રસ્તો

બહુ જ ઓછો છે. આ પહાડમાં ખીણો બહુ ઓછી છે. પહાડ બહુ ઊંચો ન હોવાથી ખીણો ઊંડી નથી તેથી તેની ભયંકરતા નજરે પડતી નથી. પહાડનો રસ્તો સીધો અને ચઢવાના ટૂંકા ટૂંકા તબક્કા, અનેક વિસામાઓ આ બધા કારણે આ પહાડ ઉપર યાત્રા કરતા કુદરતી સૌંદર્યનો પણ આહ્લાદક અનુભવ થાય છે. આ પહાડ ભૂતકાળમાં વનસ્પતિ વગેરેથી ખૂબ લીલોછમ રહેતો હતો પરંતુ લોકશાહી આવ્યા પછી કાયદો અને વ્યવસ્થાનું શાસન બરાબર ન હોવાથી અને નીચેના સ્તરની પ્રજા બહુ અશિક્ષિત હોવાથી અમારી પ્રવૃત્તિથી પહાડની સુંદરતા અને ભવ્યતા ખતમ થઈ જશે એનો ખ્યાલ એમને શું કરવાનો હોય ? એટલે નીચલા વર્ગે પોતાની આજીવિકા ખાતર પહાડ ઉપરનાં નાનાં–મોટાં ઝાડોને કાપી નાંખ્યાં છે એટલે પહાડ ઉઘાડો-નગ્ન જેવો થઈ ગયો છે. ધર્મક્ષેત્રમાં લોકશાહીની આ પણ એક ભેટ છે.

આ પહાડમાં ફક્ત બે જ જગ્યા એવી છે કે જ્યાં રીલીંગ કરવાની કે ભીંત ઊભી કરવાની જરૂર છે.

ફાગણ સુદિ ૧૩ના દિવસે છ ગાઉની યાત્રા થાય છે એ રસ્તો પણ બહુ જ સુલભ અને એટલો જ નિરુપદ્રવ છે. કોઈ મોટો અકસ્માત સર્જાય એવી શકયતા નથી એ રીતે જ માર્ગ કરવામાં આવ્યો છે. હવે પેઢી તરફથી તો રસ્તા સારી રીતે સુધારવામાં આવ્યા છે.

આ પહાડનો પથરાળ–વિસ્તાર અત્યારે ત્રણ યોજન એટલે બાર ગાઉનો ગણાય છે. ભગવાન શ્રી ઋષભદેવના સમયમાં આ પહાડ આજના પહાડ કરતાં લગભગ સત્તર ગણો મોટો અને બસ્સો ગાઉના વિસ્તારમાં પથરાયેલો હતો એમ ગ્રન્થના ઉલ્લેખો કહે છે. અબજો વરસ દરમિયાન તે ઘટતો ઘટતો આજે ફક્ત બાર ગાઉ પ્રમાણ રહ્યો છે. એક એવી અનુશ્રુતિ ચાલી આવે છે કે આ પહાડ રોજ એક ચોખા પ્રમાણ ઘટતો જાય છે.

## ઋષભદેવ ભગવાનના સમયમાં આ પહાડ કેવો હશે? ત્યારે ૫૦૦ ધનુષ્યની કાયાવાળાઓને આવવાનું હતું તો તે પહાડની તથા પહાડ ઉપરની સ્થિતિ કઈ જાતની હશે?

**પ્રશ્ન**—પાલીતાણાની મહાપવિત્ર ભૂમિની સ્પર્શના કરવા ત્રેવીશ ત્રેવીશ તીર્થંકરો પધારેલા હતા એમ શાસ્ત્રો કહે છે, છતાં ૨૩ તીર્થંકરમાંથી માત્ર એક ઋષભદેવ ભગવાનનું જ નામ આ તીર્થ સાથે ખાસ જોડાયું છે અને તેમનું મંદિર પણ બનાવરાવ્યું છે તો એનું શું કારણ?

**ઉત્તર**—પાલીતાણાના તીર્થનો મહિમા, પ્રભાવ કે મહત્તામાં કોઈપણ તીર્થંકરનો સંબંધ છે જ નહિ. તીર્થ તો અનાદિકાળથી અનંત સિદ્ધાત્માઓનું ધામ બનેલું છે. અનંત સિદ્ધાત્માઓની ભૂમિ હોવાના કારણે જ તીર્થંકરોને પણ આ ભૂમિની સ્પર્શના કરવા આવવું પડયું છે. એમાં સૌથી પહેલા આ કાળના તીર્થંકર ભગવાન શ્રી ઋષભદેવ જેમનું બીજું નામ આદીશ્વર ભગવાન છે, તે ઠેઠ ઉત્તર ભારતમાંથી પશ્ચિમ ભારતમાં પધાર્યા હતા. કહેવાય છે કે એ કાળે પાલીતાણાનો શત્રુંજય પહાડ ૮૦ યોજન હતો એટલે લગભગ ૩૨૦ ગાઉ જેટલો વિશાળ હતો. આટલા મોટા આ શત્રુંજય પર્વતના કયા ભાગ ઉપર શ્રી ઋષભદેવ ભગવાને સમવસરણમાં બેસીને દેશના આપી હશે તે માટે આજે શું કહી શકાય? કેમકે અબજોનાં અબજો વર્ષો વીતી ગયાં તે પહેલાંની આ વાત છે. ત્યારે રાયણવૃક્ષ કયાં હશે? અબજો વરસમાં હજારો પરિવર્તનો થઈ ગયાં. જ્યાં સમોસરણો રચાયાં હોય તો તે જગ્યા કેવડી હોઈ શકે? આટલાં વર્ષ દરમિયાન તો પહાડ ઘટતો ઘટતો આજે ૧૨ યોજન જેટલો થઈ ગયો કહેવાય છે. અત્યારે જે બે ટેકરીઓ ઉપર દહેરાસર છે તે વખતે એ સ્થાન કેવું હશે? આવી અનેક બાબતો તે તે વખતના ક્ષેત્ર, કાળને આશ્રયી વિચારવી રહી. બીજી અનેક બાબતો ખુલાસાઓની અપેક્ષા રાખે છે પણ સાતિશયજ્ઞાની વિના કોણ સમાધાન આપે?

આજે આ ભારતદેશનો જ વિસ્તાર અને માપ ભગવાનના વખતે કેટલું હશે તે પણ કહી શકાય તેમ નથી. તે વખતે પણ ભારતની ધરતી કેટલી લાંબી–પહોળી હશે તે પણ જ્ઞાની જાણે! ધરતીકંપો તથા અનેક આપત્તિઓથી અજબનાં કેવાં કેવાં પરાવર્તનો થયાં તેનો ઇતિહાસ સાક્ષી છે. એમ છતાં આજે આપણે તો આ પહાડની ભૂમિનો પૂરા ભક્તિભાવથી આદર કરી તેને નમીએ છીએ અને પૂજીએ છીએ.

શ્રી ઋષભદેવ ભગવાન આ તીર્થ ઉપર * પૂર્વ નવ્વાણું વાર પધાર્યા છે, અને સમવસરણમાં બેસીને ખૂબ દેશનાઓ આપી છે. આ જ કારણે શ્રી ઋષભદેવ ભગવાન સાથે આ તીર્થનો પ્રગાઢ સંબંધ પ્રવર્તે છે. બાકી પહેલાંની વીતી ગયેલી અનેક ચોવીશીમાંથી કેટલાક તીર્થંકરો પણ પધાર્યા હશે.

卐

---

* પૂર્વ એટલે શું ? ચોરાશી લાખને ચોરાશી લાખે ગુણતાં જે સંખ્યા આવે તેને પૂર્વ કહેવાય.

## પર્વતનો મહિમા માત્ર ભગવાન પૂર્વ નવ્વાણુવાર પધાર્યા તે જ કારણે છે? તો, ના.

શત્રુંજય પહાડનો મહિમા ઋષભદેવ ભગવાન માત્ર પૂર્વ નવ્વાણુવાર પધાર્યા એ જ કારણે નથી તથા ઋષભદેવ ભગવાનનું ઉપર મંદિર છે એ કારણે પણ નથી પરંતુ અનાદિકાળથી અસંખ્ય આત્માઓએ આ ધરતી ઉપર સંયમ, તપ, ત્યાગ દ્વારા અનશન કરીને મોક્ષ પ્રાપ્ત કર્યું તે કારણે છે. આથી આ ધરતી ઘણી પ્રતાપી અને પ્રભાવશાળી છે, એ ખ્યાલથી જનતામાં આ તીર્થનું અનેરું આકર્ષણ રહ્યું છે. જૈનાગમમાં પણ શત્રુંજયનો ઉલ્લેખ મળે છે.

આજથી ચારસો વર્ષ ઉપર સ્થાનકવાસી સંપ્રદાય જન્મ્યો. જેઓએ મૂર્તિને ઉત્થાપી, મૂર્તિ માનવામાં પાપ છે, સ્થાપનાની કોઈ જરૂર નથી આવું માનનાર અને એ રીતે પ્રચાર કરનાર સંપ્રદાય હોવા છતાં પણ એ સંપ્રદાયના અગ્રગણ્ય આચાર્ય શ્રી ચોથમલજીએ પણ આ તીર્થની યાત્રા કરી હતી અને ઉપરનાં મંદિરોમાં પધાર્યા હતા, એમ જાણવા મળ્યું છે.

ત્યારપછી તેરાપંથી નામનો સંપ્રદાય નીકળ્યો. એ સંપ્રદાય પણ મૂર્તિ વિરોધી હતો. એમના ધર્મનો પાયો મૂર્તિ ન માનવાનો મુખ્ય હતો એમ છતાં વર્તમાનના સુપ્રસિદ્ધ આચાર્ય શ્રી * તુલસીજીએ પોતાના અનુયાયીઓ સાથે આ પહાડની સ્પર્શના કરી હતી. ઋષભદેવ ભગવાનના મંદિરમાં જઈ ઋષભદેવ ભગવાનની સ્તવના અને પ્રાર્થના કરી ભક્તિનો આનંદ અનુભવ્યો હતો એટલું જ નહિ પણ એમના ભક્તો દ્વારા સાંભળવા પ્રમાણે ભગવાનને ઝવેરાતની કોઈ ચીજ ચઢાવવામાં આવી હતી. આજે તો ઘણા સ્થાનકવાસી સાધ્વીજીઓ યાત્રાર્થે ઉપર જાય છે, દર્શન પણ કરે છે. આ

---

* ઉદારમના વિદ્વાન આચાર્યશ્રીજી જ્યારે મુંબઈ પધાર્યા ત્યારે તેઓશ્રી સાથે, અડધા કલાકના અંગત વાર્તાલાપ પ્રસંગે મૂર્તિ બાબતમાં આપે શું વિચાર્યું છે તે પ્રશ્ન કરતાં તેઓશ્રીએ બહુ જ સ્પષ્ટતાથી કહ્યું કે વરસો સુધી ચિંતન કરતાં 'મૂર્તિ'ની માન્યતા શાસ્ત્રોક્ત છે એમ જણાયું હતું.

પહાડ સહુનો છે સહુ માટેનો છે. કોઈપણ ધર્મની વ્યક્તિ આ પહાડના એરિયામાં રહી જો ભાવપૂર્વક એકાગ્રમને સાધના કરે તો તેની સુષુપ્ત ચેતનાઓ પ્રબુદ્ધ-જાગ્રત થયા વિના રહેતી નથી.

## આજનું મંદિર આજની સં. ૨૦૪૭ સાલના હિસાબે ૮૩૪ વર્ષ જૂનું અને મૂર્તિ ૪૬૦ વર્ષ જૂની છે

તેરમી શતાબ્દીમાં શ્રી ઋષભદેવ ભગવાનનો આ પ્રાસાદ (-મંદિર) કાષ્ઠનો બનેલો હતો. ભાવિ સલામતીનો ખ્યાલ રાખીને ગુજરાતના રાજર્ષિ કુમારપાળના મંત્રી * બાહડે સં. ૧૨૧૩માં નવેસરથી પાષાણનું મંદિર બંધાવ્યું હતું. ત્યારપછી ભારતમાં સુલતાનો-મોગલોનું આગમન વધતું ચાલ્યું અને તેઓ આ પ્રાસાદને નુકશાન કરતા રહ્યા. અલ્લાઉદ્દીનના સમયમાં મૂર્તિને નહીં માનનારા ઇસ્લામી સૈનિકોએ અંદરની મૂર્તિનો એકદમ નાશ કર્યો, અને મંદિરને પણ સારું એવું નુકશાન પહોંચાડયું એટલે ચિતોડના કર્માશાએ મંદિરને પુનઃ સુવ્યવસ્થિત કરાવ્યું અને તેમાં નવી મૂર્તિ સ્થાપિત કરી.

આ પ્રાસાદ-મંદિર લગભગ આઠસો ચોત્રીસ (૮૩૪) વર્ષ જૂનું અને આજની મૂર્તિ લગભગ ચારસો સાઠ (૪૬૦) વર્ષ પુરાણી સમજવી.

---

## નવ્વાણુ યાત્રા કરવાની પુણ્યપ્રથા શું છે?

પહેલા તીર્થંકર ઋષભદેવ ભગવાન (હાલ અયોધ્યા) તેમના જમાનામાં વિનીતા નગરીમાં જન્મેલા. નાભિરાજાના પુત્ર ઋષભદેવે દીક્ષા લીધા પછી જ્ઞાનથી આ તીર્થના પ્રચંડ મહિમાને જાણીને આ તીર્થને ભેટવા માટે પધાર્યા હતા. તેમને તથા તેમના પરિવારે લાખો વાર યાત્રાઓ કરી હતી. આ તીર્થનું મહાત્મ્ય-ચરિત્ર શત્રુંજય મહાત્મ્યમાં જણાવ્યું છે. તેના જ અનુકરણરૂપે ભારત-ભરમાંથી દર સાલ લગભગ હજારો શ્રાવક-શ્રાવિકાઓ અહીંયા બે-ત્રણ મહિના રહી નવ્વાણુ યાત્રા કરવાનો લાભ ઉઠાવે છે. પગે ચાલીને જયણાપૂર્વક કોઈ જીવની હિંસા ન થાય, વનસ્પતિ ન ચગદાય એ બધાં ખ્યાલ રાખીને તીર્થનું, દાદાનું, ધર્મનું ધ્યાન કરતાં રોજ ગિરિરાજ ચઢી મહાન દાદાની મૂર્તિનાં દર્શન-પૂજનનો

---

* ઇતિહાસ સંશોધકોમાં આ મંદિર કોને બંધાવ્યું તેમાં મતભેદ પ્રવર્તે છે.

લાભ યાત્રિકો ઉઠાવે છે અને પુણ્યબંધ, કર્મની અઢળક નિર્જરા કરી આત્માને નિર્મળ બનાવે છે. સાથે તેઓ એકાસણું-એકટાણું કરે છે. પાલીતાણામાં દિવસ દરમિયાન જ ખાવાનું હોય છે. જીવોની હિંસા થતી હોવાથી રાત્રિભોજન કરવાની મનાઈ છે. કેટલાક ભાવિકો તળાટી જવા માટે પણ ઘોડાગાડીનો ઉપયોગ કરતા નથી. આ પુસ્તકના લેખકે (મુનિશ્રી યશોવિજયજીએ) પણ ૧૯૮૭ની સાલમાં સોળ વરસની ઉંમરે પૂજ્ય ગુરુદેવો સાથે રહેવાનું થતાં પોતાના તારક ગુરુદેવ પૂજ્ય ધર્મસૂરિજી મ. સાથે નવ્વાણુ યાત્રા કરી હતી. દુબળી-નબળી કાયા છતાં દાદાજીની કૃપાથી એક ઉપવાસ કરીને પાંચ યાત્રા પણ કરી હતી.

## મૂલનાયક શ્રી ઋષભદેવ ભગવાનનું મૂર્તિશિલ્પ કેવું છે?

શ્રી ઋષભદેવ ભગવાનની મૂર્તિ લાવણ્યઝરતી, અતિભવ્ય, અતિઆકર્ષક અને અડીખમ એટલે બરાબર સપ્રમાણ બની છે. ભગવાનનું મુખારવિંદ ખૂબ જ ગંભીર છે, ચહેરો ગોળાકાર નથી પરંતુ (પાંદડાંની જેમ લગભગ) લંબગોળાકારે છે. ગરદન ઉપરનું મોઢું બરાબર શિલ્પશાસ્ત્રના હિસાબે સપ્રમાણ બનાવ્યું છે. ભગવાનનું ઉદર, જંઘા, પગ વગેરે બધાં જ અવયવો કુશળ શિલ્પીઓએ ખૂબ જ ખંત અને કાળજીથી બનાવ્યાં છે. ભગવાનના બે હાથનો જે વળાંક આપ્યો છે તે આપણા મૂર્તિશિલ્પમાં જે *પ્રધાનશૈલી ચાલી આવે છે એને અનુરૂપ છે. પરિકર પણ ઘણું જ ઉઠાવદાર અને એકંદરે ઉત્તમકોટિનું બન્યું છે, જો કે જે પથ્થર વપરાયો છે તે બિલકુલ બ્હાઇટ આરસ નથી એમ છતાં જે જાતનો પથ્થર વપરાયો છે તે બરાબર છે. અલબત્ત મૂર્તિ ઉપર આડી-અવળી થોડી શ્યામ રેખાઓ પથ્થરમાંથી ઉપસી આવી છે પણ તે એવી રીતે ઉપસી છે કે મૂર્તિને આકર્ષક બનાવી વધુ સુંદરતા બક્ષે છે.

## શિલ્પની દૃષ્ટિએ

શિલ્પની દૃષ્ટિએ આ પ્રાસાદ મેઘનાદ પ્રાસાદથી ઓળખાય છે. આકાશની સાથે વાત કરતું, બે ઘડી જોઈ રહીએ તેવું ઉત્તુંગ અને વિશાળ શિખર જોઈ આહ્‌લાદ થાય છે. પહાડનો ભાગ નીચેથી ઉપસી આવતા મંદિરની શરૂઆતનો

* ગુપ્તકાળની મૂર્તિપદ્ધતિનું અનુકરણ કરવામાં આવ્યું નથી.

ભાગ બે–અઢી ફૂટ પ્રમાણ જેટલો દટાઈ ગયો છે. એટલે નીચેની ધરતી કેટલીક ઊંચી આવી ગઈ છે.

આસમાની સુલતાની–આસમાની એટલે આકાશી વરસાદ અને વાવાઝોડાંઓથી આ પહાડનાં મંદિરોને બહુ સહન કરવું પડયું નથી, પરંતુ સુલતાની એટલે મૂર્તિવિરોધી, અતિક્રૂર હિંસક એવા બાદશાહ–સુલતાનોથી આ તીર્થને ઘણું ઘણું સહન કરવું પડયું છે. મૂર્તિઓ તોડી છે અને મંદિરો ભગ્ન કર્યાં છે. ખરેખર ! આ તીર્થે ઘણી ચડતી–પડતી જોઈ છે.

શ્રી ઋષભદેવ ભગવાન જે ગર્ભગૃહમાં બિરાજે છે તે ગર્ભગૃહ શક્તિશાળી આધ્યાત્મિક ચેતનાઓનું મહાધામ બની ગયું છે. ગર્ભગૃહમાં તમે થોડીવાર બેસો કે ઊભા રહો તો તમારા આત્મા, મન અને તન ઉપર અંદરના આધ્યાત્મિક ઊર્જાઓની હર્ષાનંદજનક પ્રેરક તેમજ ત્યાગ વૈરાગ્યની અસરો થયા વિના નહીં રહે.

કોઈ અનેરૂં અકલ એવું ભગવાનનું જાજવલ્યમાન, જાજરમાન તેજસ્વી રૂપ, વિશાળ અને ભવ્યમૂર્તિ જોઈ અહંકાર ઓગળી જાય, મનના બધા સંતાપો શમી જાય અને તાદાત્મ્ય સધાઈ જાય એવી આ સૂરત છે.

આ તીર્થ ઉપરનાં મંદિરોમાં શિલ્પની દૃષ્ટિએ જોવાલાયક સ્થાનો ઓછાં છે. નવા આદીશ્વરજીના દહેરાસરનો તથા ચૌમુખજીના દહેરાસરનો બહારનો ભાગ ઉઠાવદાર, નાજુક શિલ્પો અને વિવિધ પ્રકારની ભવ્ય કોરણીઓ ધરાવે છે. દાદાની ટૂંકમાં સ્થાપત્યની દૃષ્ટિએ ખાસ જોવાલાયક હોય તો મોટી ટૂંકમાં દાખલ થતાં શ્રી શાંતિનાથ ભગવાનની બાજુમાં ચક્રેશ્વરીની દેરી આગળ શ્રી નેમિનાથ ભગવાનની ચોરીથી ઓળખાતું મંદિર છે. કલા અને સ્થાપત્યની દૃષ્ટિએ ખૂબ આકર્ષક છે, પરંતુ તેનો આગલો પ્રવેશનો દરવાજો નાનો છે અને બંધ હોય છે, એટલે અંદરના ભાગમાં જોવા જેવું છે, એવો ખ્યાલ પણ ના આવે એટલે લોકો તે જોવા જતા નથી. આ માટે મેં જૈનસંઘના પુણ્યવંતા શેઠશ્રી કસ્તુરભાઈને અને ત્યારપછી તેઓના ભાગ્યશાળી વારસદાર સૌજન્ય સ્વભાવી ધર્માત્મા શ્રી શ્રેણિકભાઈનું તથા કુશળ શિલ્પી શ્રી અમૃતભાઈ ત્રિવેદીનું ગંભીરતાથી વિચાર કરવા ધ્યાન દોર્યું છે. તેમને વિચાર્યું પણ કેટલીક મુશ્કેલીઓના લીધે કોઈ માર્ગ શોધી શકાયો નથી.

## મંદિરોનું નગર-City of Temple

પરદેશી પ્રવાસીઓ વગેરેએ આ તીર્થને મંદિરોના નગર તરીકે ઓળખાવ્યું છે. તેનું કારણ જગજાહેર છે કે ઉપરની બંને ટેકરીઓ ભવ્ય-ઉજ્જવળ મંદિરોથી ભરચક બની ગઈ છે. ડુંગરના મથાળાના બંને ભાગ પૂરેપૂરા બાંધકામમાં લઈ લેવામાં આવ્યા છે.

### આ તીર્થની યાત્રા વરસમાં આઠ જ મહિના થાય છે

જૈનોમાં ફક્ત આ એક જ તીર્થ છે એવુ કે જે તીર્થમાં બારે મહિના પહાડ ઉપરની જાત્રા કરવામાં આવતી નથી. ફક્ત આઠ જ મહિના અને તે કારતક સુદિ પૂનમથી અષાઢ સુદિ ચૌદસ સુધીના આઠ જ મહિના યાત્રા માટે ખુલ્લા છે. ચોમાસામાં ચાર મહિના યાત્રાની બંધી ફરમાવી છે.

### ચાર મહિનાની બંધી શા માટે ?

જૈનધર્મનો મોટામાં મોટો સિદ્ધાન્ત-પાયો કે પ્રાણ કોઈપણ હોય તો તે અહિંસા છે અને ચાર મહિના યાત્રા ઉપર પ્રતિબંધ મૂકવા દ્વારા જૈનસંઘે જગતના ચોકમાં અહિંસાધર્મના પાલન માટે જૈનો કેવા ચુસ્ત-સુસજ્જ છે તેનું આ એક જ્વલંત દૃષ્ટાંત પૂરું પાડયું છે. એક પણ દિવસ તીર્થયાત્રા વિના રહેવું નહિ, પ્રભુ-મૂર્તિના દર્શન કર્યા વિના અન્ન-જળ ન લેવાનું કડક ફરમાન કરનાર જૈનધર્મ ચાર ચાર મહિના તેની બંધી ફરમાવે ત્યારે તેની પાછળ મહત્ત્વનું કારણ હોવું જોઈએ, તેનો સબળ હેતુ શું છે ? તે જોઈએ—

### ઉપર યાત્રા ન જવાનું કારણ

અષાઢ મહિનો બેસે એટલે વરસાદની શરૂઆત થઈ જવાની. એ વરસાદ સમગ્ર પહાડ ઉપર વરસતો હોય છે. વરસાદ એટલે પાણી, આ પાણીને જૈનો સજીવ માને છે. પાણીના એક બિંદુમાં અસંખ્યાતા જીવો છે. તમામ પાણી તે જીવસ્વરૂપ છે. અસંખ્ય જીવોનાં શરીરો ભેગાં થતાં સમૂહનું રૂપ લે છે,

અને આપણે જે પાણી જોઈએ છીએ તે પાણી બધું જ એક ઇન્દ્રિયને ધારણ કરવાવાળા અપ્‌કાય નામથી ઓળખાતા જીવોનાં શરીરથી બનેલું છે. એક ઇન્દ્રિય એટલે ફક્ત શરીર ધારણ કરે તે. બાકીની ચાર ઇન્દ્રિયો તેને હોતી નથી. જૈનસાધુઓ અને જૈનો આ પાણીને 'કાચું પાણી' એ શબ્દથી ઓળખાવે છે. પાણી શરીર ઉપર પડે તો તરત જ શરીરની ગરમીથી પાણીના જીવોને ત્રાસ થાય છે, છેવટે મૃત્યુ પણ થાય છે. એટલા માટે જૈન સાધુ-સાધ્વીજીઓ સજીવ ગણાતા કાચા પાણીને પીતા નથી, હાથ કે પગથી સ્પર્શ કરતા નથી, અને કોઈ વખત થઈ જાય તો હિંસાના પાપનું પ્રાયશ્ચિત કરી દે છે. રસ્તે ચાલતા કાચા પાણી ઉપર જૈન સાધુ-સાધ્વીઓને પગ મૂકવાની મનાઈ છે. કેમકે જૈન સાધુ-સાધ્વીજીઓએ જીવનભર પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ આ પાંચ પ્રકારના જીવોની હિંસા નહીં કરવાની ત્રિવિધે (એટલે મન, વચન, કાયાથી) પ્રતિજ્ઞા કરી છે તેથી પગ નીચે સૂક્ષ્મ જીવો ન કચડાય તેનો પૂરતો ખ્યાલ રાખે છે. જૈનશાસ્ત્રોએ કાચું પાણી ખૂબ કરકસરથી જરૂર પૂરતી જ વપરાશ કરવાનું જણાવ્યું છે, તેનું કારણ હિંસાના પાપથી બચવાનું છે.

જૈન સાધુ-સાધ્વીજીઓ પોતાની તમામ દિનચર્યામાં ખાવા-પીવા, વિહારમાં, સૂવા, બેસવા વગેરેમાં અહિંસાનું (જીવદયાનું) સતત વ્યાપક રીતે જે પાલન કરે છે તે રીતે અન્ય ધર્મમાં એક પણ સંતો-મહાત્માઓને કરવાનું હોતું જ નથી. અજૈન લોકો પાણી સ્વયં સજીવ પદાર્થ છે તે સમજતા નથી, તેથી તેની હિંસા થઈ શકે એ ખ્યાલ જ નથી. પાણીમાં નવા પેદા થતાં પોરા-જીવો હોય તો જ હિંસા થાય એમ માને છે પણ તે તદ્દન ખોટી વાત છે. પોરા તો બેઇન્દ્રિયવાળા હાલતા-ચાલતા ત્રસ જીવો છે. જ્યારે પાણી હાલી ચાલી ન શકે એવો સ્થાવર જીવ છે અને તે એકેન્દ્રિય છે.

જૈનધર્મનું એક સૂત્ર છે કે-**जयणाए धम्मो**—જયણા-જીવદયામાં જ ધર્મ છે. જયણા એટલે બીજા જીવોને હિંસા કે ત્રાસ ન થાય તેની કાળજી રાખીને જીવન જીવવું તે. ચાતુર્માસમાં વરસાદ ખૂબ પડે, પગથિયામાં લીલ-ફૂગ થાય, નાની-નાની વનસ્પતિ ઊગે, નાનાં-મોટાં અનેક જીવોની ઉત્પત્તિ થાય. સર્પ,

વીંછી આદિ ઝેરી જંતુઓનો ઉપદ્રવ પણ ઊભો થાય, ચોમાસામાં યાત્રા કરવાથી નાના નાના જીવ જંતુઓને પગથી કચડાવાના અને મરી જવાના પ્રસંગો પણ બનવાના, વળી બાહ્ય દૃષ્ટિએ પગ લપસવાનો ભય રહે, પાપ કરીને પુણ્ય કરવાનું જૈનશાસ્ત્રોએ માન્ય રાખ્યું નથી એટલે યાત્રાથી ગમે તેવો લાભ થાય છતાં યાત્રા કરવાની છૂટ આપી નથી. જૈનધર્મમાં તો ઝાડને અડવાની, ઝાડનાં પુષ્પ-ફળ વગેરે તોડવાની સંસારી જીવો માટે પણ મનાઈ કરી છે. આ કારણે ચાર મહિના યાત્રા બંધ હોય છે અને પૂજા વગેરેની કાર્યવાહી ઉપર રહેતા પૂજારીઓ વગેરે સંભાળે છે. ગિરિરાજ ઉપર મોટી સંખ્યામાં પૂજારીઓ અને ચોકીદારો રહેવું અનિવાર્ય હોઈ રહે છે.

---

## શત્રુંજય સાથે સંબંધ ધરાવતી દૈવિક શક્તિના પ્રભાવની બનેલી એક સાચી ઘટના

*

આ શત્રુંજયની ભૂમિ એ સિદ્ધોની ભૂમિ છે. ત્રેવીશ તીર્થંકરોના ચરણ-કમળથી પાવન થયેલી ધરતી હજારો તપસ્વી, મહાતપસ્વી, મહાજ્ઞાની આચાર્યો, સાધુ-સંતો, સાધ્વીજીઓ અને બીજા અનેક પ્રકારના તપસ્વીઓ વગેરેથી તેમજ અનેક પ્રકારે ત્યાગધર્મ અને સ્વીકારેલા વ્રત-નિયમોનું પાલન કરતા જીવોથી પાવન થતી રહી છે.

આ શત્રુંજયતીર્થ ઉપરની બધી જ વસ્તુ ચમત્કારિક-પ્રભાવક છે. એનાં પથ્થરો, વૃક્ષો, રેતી, કાંકરાં, પાણી અને અહીંના જળ-વાયુ બધું જ પવિત્ર અને પ્રભાવશાળી ગણાય છે. તેથી અહીંથી નીકળતા ચોખા આકારના સ્ફટિક જેવા પારદર્શક પથ્થરો સાધુ-સાધ્વીજીઓ પણ પોતાના સ્થાપનાચાર્યજીમાં રાખે છે તેમજ ગૃહસ્થો પોતાના ઘરમાં પવિત્ર માની દર્શન કરે છે, હાથ જોડે છે અને આંખના ઓવારણા લે છે. સુરજકુંડ આદિ કુંડોના પાણી રોગ-કષ્ટનિવારક ગણાય છે. આ ભૂમિનું બધું જ લાભકર્તા-પવિત્ર છે. આ તીર્થનો પ્રભાવ કેવો છે તે તો આજે પણ હજારો યાત્રિકો સચોટ રીતે અનુભવે છે. જેનાં યાત્રા-દર્શનથી અનેકનાં દુઃખો, કષ્ટો, અશાંતિઓ દૂર

થયેલાં છે. અનેકનાં *વ્યસનો, મલિન વિચારો–વૃત્તિઓ શાંત થઈ જાય છે. અનેકનાં અનેક પ્રકારનાં અંધકારો પણ દૂર થયાં છે. ઇષ્ટસિદ્ધિ અને કાર્યસિદ્ધિઓ પ્રાપ્ત કરી છે.

હું અત્યારે મારી નજર નીચે સામુદાયિકરૂપે દૈવિક પ્રભાવ શું જોવા મલ્યો તેની જાતે અનુભવેલી, ખાતરી કરેલી એક ઘટના તીર્થ પ્રત્યેની શ્રદ્ધા વધુ મજબૂત બને એ ખાતર જ અહીં રજૂ કરું છું.

પાલીતાણા જૈનસાહિત્યમંદિરમાં નીચેના હોલમાં પ્રભાવશાળી, અનોખું વ્યક્તિત્વ અને તેજસ્વી પ્રતિભા ધરાવતા પરમપૂજ્ય આચાર્ય શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબ પોતાના પ્રધાનશિષ્યો પૂજ્યપાદ આ. શ્રી વિજય ઉદયસૂરિજી મ. તથા પૂજ્યપાદ આ શ્રી વિજય નંદનસૂરિજી મ. વગેરે વિશાળ પરિવાર સાથે બિરાજતા હતા. અને એ વખતે ઉપરના મજલે અમારો સમુદાય એટલે કે પરમપૂજ્ય આચાર્ય શ્રી વિજય મોહનસૂરીશ્વરજી મ. સા. પોતાના શિષ્યો પૂજ્યપાદ આ.શ્રી વિજયપ્રતાપસૂરિજી મ. તથા પૂજ્યપાદ આ.શ્રી વિજયધર્મસૂરિજી મ. આદિ પરિવાર સાથે બિરાજમાન હતા. પૂજ્ય સૂરિસમ્રાટે અમારા દાદાગુરુની વિનંતિથી રહેવાની કૃપા કરી હતી. વિશાળ સંખ્યામાં સાધુસમુદાયથી આખું સાહિત્યમંદિર ખૂબ ગાજતું રહ્યું હતું. તે વખતે આણંદજીકલ્યાણજીની પેઢીના લગભગ બધા ટ્રસ્ટીઓને પૂજ્યપાદ આ. શ્રી વિજય નેમિસૂરિજી મ. ઉપર ખૂબ જ શ્રદ્ધા અને આદર હતો. તે પૈકીના એક ટ્રસ્ટી અતિધર્માત્મા ભક્તિવંત શેઠશ્રી ચીમનલાલ લાલભાઈ હતાં. તેમણે પૂજ્યપાદશ્રી પ્રત્યે અનન્ય ભક્તિભાવ હતો. તેમને પૂ. નેમિસૂરિજી મ.ની નિશ્રામાં શત્રુંજયતીર્થ ઉપર શ્રી આદીશ્વર ભગવાનની છત્રછાયામાં શાંતિસ્નાત્રસહિત એક સારો ઉત્સવ ઉજવવાની ભાવના હોવાથી ઉત્સવના મંડાણ થયાં. છેલ્લે દિવસે શાંતિસ્નાત્ર

* જે વ્યક્તિને પોતાનામાં દોષો દેખાયા હોય, વ્યસનો સેવતો હોય, દેવદર્શન, પૂજન, ધર્મ ન કરતો હોય તે દોષો–ખામીઓ દૂર કરવાનો નિર્ણય કરે છે. કેટલાક તો જીવનભર માટે શ્રેષ્ઠ જીવન જીવવાની પ્રતિજ્ઞાઓ કરી તીર્થયાત્રાને કલ્યાણયાત્રા બનાવી દે છે. લાખો લોકોએ આ તીર્થયાત્રા કરી પોતાના આત્માને અજવાળી દીધા છે.

હતું એટલે શાંતિસ્નાત્ર ભણાવવા માટે સારી સંખ્યામાં સાધુઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. શાંતિસ્નાત્ર આનંદથી પૂર્ણ થઈ ગયું. પૂજ્ય આ. શ્રી નંદનસૂરિજી મ. વગેરે સાથે અમો બધા સાધુઓ બપોર પછી નીચે આવી ગયા. રાતના સાહિત્યમંદિરમાં પેઢીના ટ્રસ્ટીઓ તથા અનેક યાત્રિક લોકો આજના ઉત્સાહના અપૂર્વ આનંદને વાગોળતા રહ્યા.

તે જ દિવસે રાતના ચમત્કારિક શું ઘટના બની તે જોઈએ.

બીજા દિવસે સવારના સાત વાગ્યા અને જૈનસાહિત્યમંદિરમાં પૂજ્યપાદ સૂરિસમ્રાટ્ પાસે ટ્રસ્ટીઓ આવ્યા અને તેઓએ વાત કરી કે ઉપર ઇન્સ્પેક્ટર અને પૂજારીએ જે ઘટના જોઈ તે અમને કહી તે આપ સાંભળો !

તે વખતે મારા પૂજ્ય દાદાગુરુને પણ બોલાવ્યા. તે વખતે પૂજારીએ વાત શરૂ કરી કે–મેં વહેલી સવારે દાદાના રંગમંડપનો આગલો દરવાજો ખોલ્યો. દરવાજો ખોલતાંની સાથે જ હું બહુ મુંઝાઈ ગયો, સ્તબ્ધ બની ગયો. અંદર જરા ઝાંખો પ્રકાશ હતો એટલે મેં જોયું કે શાંતિસ્નાત્ર માટે લાકડાની પાટો ઉપર ધાતુની થાળીઓમાં ફળ નૈવેદ્ય વગેરે વિપુલ પ્રમાણમાં જે જગ્યાએ ગોઠવ્યાં હતાં તે બધાં ફળ નૈવેદ્ય અને પાટો એ બધું બળી જઈને તેટલી જ જગ્યામાં ગાલીચાની જેમ રાખનો ઢગલો પથરાઈ ગયેલો જોયો. બાજુમાં જ કુંભસ્થાપના કરેલી હતી. મર્યાદા માટે આડો લાલ પડદો બાંધવામાં આવ્યો હતો. તે પડદો પાટથી માત્ર બે જ ફૂટ થોડો દૂર હતો છતાં એ પડદો અને કુંભ બન્ને બિલકુલ સલામત રહી ગયા. આ ચમત્કારિક ઘટના સહુએ સાંભળી, તે પછી પૂજ્ય નંદનસૂરિજી મહારાજ વગેરે ઉપર જોવા પણ ગયા હતા. આ કેમ બન્યું ? તે શોધવાના પ્રયત્નો પણ થયા. જો કે સંપૂર્ણ ચોક્કસ કારણ તો શોધી ન શકાયું પરંતુ એક કડી હાથ આવી કે પૂજનના પ્રારંભમાં મહોત્સવ નિર્વિઘ્નપણે પસાર થાય એ માટે વિધિવિધાન કરવા માટે સહુથી પ્રથમ અત્યંત પ્રભાવક શ્રી નંદ્યાવર્તજીનું પૂજન કરી યંત્રવાળા તે પાટલાની ત્યાં સ્થાપના કરવામાં આવે છે અને એ પાટલો મહોત્સવ પૂરો થયા પછી વિસર્જન વિધિ કરી પછી ઉઠાવી લેવામાં આવે છે. પરંતુ એ વખતે ઉપરના પૂજારી કે કોઈ બારોટે જ્યાં તે પાટલો સ્થાપિત કર્યો હતો તે

હતો તે ઉઠાવી ખસેડી બીજી જગ્યાએ મૂકી દીધો. નંદ્યાવર્તમાં સેંકડો દેવ-દેવીઓને આહ્‌વાહન (બોલાવવામાં) કરવામાં આવે છે અને વિધિ થયા પછી વિદાય કરવામાં આવે છે. વિસર્જન વિધિ કર્યા વિના પાટલો ચલિત કરવામાં આવ્યો એટલે આમંત્રિત દેવો નારાજ થયા હશે, અને આ દુઃખદ ચમત્કાર બતાવ્યો હોય એવું અનુમાન કર્યું. ભાગ્યેજ બને એવી આ ચમત્કારિક ઘટના છે. તીર્થનો કેવો જ્વલંત પ્રભાવ છે! અનુષ્ઠાનોની વિધિમાં કેટલું તથ્ય અને કેટલો પ્રભાવ રહેલો છે તેની પ્રતીતિ કલિકાલમાં પણ અવરનવર અનેક પ્રસંગે જોવા–જાણવા મળે છે.

મારી જાતે અનુભવેલી ઘટના હતી તેથી તેની નોંધ અહીં લીધી છે.

## તીર્થનું ચાતુર્માસ

પાલીતાણા જૈનોનું કાશી જેવું છે. અહીંયા કર્મોનો ક્ષય કરવા, આત્માને ઉજ્જવળ બનાવવાં, પાઠશાળાઓ દ્વારા નવું નવું જ્ઞાન પ્રાપ્ત કરવા, ધ્યાન વગેરે કરવા સેંકડો સાધુ–સાધ્વીજીઓ અહીં સ્થિરતા કરે છે. તે ઉપરાંત દર સાલ સેંકડો જૈન સુશ્રાવક–સુશ્રાવિકાઓ ચાર મહિના યાત્રાની બંધી હોવાથી પાલીતાણાની ધર્મશાળામાં રહીને ચાર મહિના તપ, જપ, ત્યાગ, વ્યાખ્યાનશ્રવણ, પ્રભુભક્તિ, સુપાત્રદાનના ખાસ લાભો લે છે. પુણ્ય–પરોપકાર વગેરેનું આચરણ કરીને આ ભવ અને પરભવનું ભાતું બાંધે છે. જો બારે મહિના યાત્રા ખુલ્લી હોય તો સંસારી જીવોને ચાર મહિના પૂરતી પાલીતાણામાં રહી ધર્મની જોરદાર આરાધના કરવાની જે અનુકૂળતા છે તે ખતમ થઈ જાય. ભારતમાં ધાર્મિક–આધ્યાત્મિક હવા પ્રાપ્ત કરવાનું આ એક જ સ્થાન-ધામ છે. ચોમાસું એ ધર્મની મોસમ ગણાય છે. આ મોસમમાં આત્મકલ્યાણની દૃષ્ટિએ દેવ–ગુરુ નિમિત્તે નાનાં–મોટા અનેક લાભો લેવાનું, સહધર્મીઓની ભક્તિ અને નાતજાતના ભેદ વિના દીન-દુઃખી, ગરીબોને બધી રીતે સહાય કરવાનું પુણ્ય કરવાની જીંદગીમાં એકાદ વખત સાંપડતી મહાન તક રહેવા ન પામત! ચાર-ચાર મહિના સુધી જિનવાણીનો ફરજિયાત ઉપદેશ સાંભળવાનો લાભ આચાર્યો–સાધુઓ દ્વારા મેળવીને પોતાના જીવનને અજવાળે છે તે લાભ સદાને માટે બંધ થઈ જાત. આ લાભ યાત્રાબંધી હોવાના કારણે જ મળે છે. એ વિસરવું ન જોઈએ!

# પાલીતાણાના ઠાકોર શ્રી બહાદુરસિંહજીની શ્રદ્ધા

પાલીતાણાના ઠાકોર શ્રી બહાદુરસિંહજી જેઓ ધર્મશ્રદ્ધાળુ અને બુદ્ધિશાળી રાજા હતા. પાલીતાણામાં સં. ૧૯૯૪ પછીથી તેઓ મને અવરનવર મળતા હતા. તેઓ પરદેશના મહેમાનોને લઈને શત્રુંજય ઉપર યાત્રાએ જતા હતા, અને મને રસ્તામાં ભેગા થયા ત્યારે મારા પૂજ્ય ગુરુદેવની ખબર પૂછી અને કહે છે કે મારે તો ઘણી બધી નવ્વાણુઓ થઈ ગઈ, તો મને નવ્વાણુની યાત્રાનો લાભ મળે ખરોને ! તેઓની સાથે મારે સારો એવો પરિચય અને ધર્મસ્નેહ હતો. સાહિત્યમંદિરની ભવ્ય બિલ્ડીંગથી પાલીતાણા શહેરની શોભા વધશે તેવું માનતા હોવાથી આ મુકામ વધુ સુંદર બને તે માટે તેઓએ મને હવામહેલનો પેલેસ જોવા નિમંત્રણ આપેલું, હું ત્યાં ગયો હતો, બે શબ્દ ઉપદેશના સાંભળ્યા પછી કલાત્મક જે જે બાબતો કે વસ્તુ હતી તે મને બતાવી. સં. ૧૯૯૩ માં સાહિત્યમંદિરનો કાચો નકશો મેં બનાવેલો ત્યારે મારી ઉમ્મર ૨૩ વરસની હતી. પછી પાકો નકશો સુધારાવધારા સાથે મહારાજાના મિસ્ત્રીએ બનાવ્યો હતો. આખું મુકામ મારા આઈડીયા મુજબ જ બનવા પામ્યું હતું. શિલ્પ-સ્થાપત્ય પ્રત્યે મારી એક દૃષ્ટિ હતી—રસ હતો. ત્યારપછી પૂજ્ય ગુરુદેવ દ્વારા મારા આમંત્રણથી ઠાકોર સાહેબે જૈનસાહિત્યમંદિર અને કલાસંગ્રહ જોવા માટે પોતાના દીવાન શ્રી મૂળરાજસિંહજી સાથે લગભગ એકાદ કલાક હાજરી આપી હતી. પ્રદર્શનની અનેક ચીજો જોઈ પ્રભાવિત થયા હતા.

તેઓએ મને એક વખતે એવું પણ કહ્યું કે અત્યાર સુધી મને એવો અનુભવ થયો છે કે દાદાની ધજા જે જે ગામડાંઓમાંથી દેખાય છે ત્યાં દુષ્કાળ પડયો નથી, આ એક તેમની શ્રદ્ધાની બાબત હતી.

શ્રી શત્રુંજય તીર્થ, અભિષેક તથા પાલીતાણા શહેરની સાથે સંબંધ ધરાવતી વિગતો અહીં સમાપ્ત થાય છે.

**જય શત્રુંજય – જય આદિનાથ**

## થોડી વધુ જાણકારી

* શત્રુંજય ગિરિરાજ ઉપર આજે જ્યાં જ્યાં જે દહેરાસરો, મંદિરો કે દેરીઓ છે તે સેંકડો વરસોથી આ જ રીતે હતાં એવું ન સમજવું, કેમકે દેશકાળના પ્રભાવે આસમાની સુલતાની (કુદરતી અને રાજાશાહી)ના કારણે વિનાશ અને સર્જનની પ્રક્રિયા થતી રહે છે. આજે જે નાનાં-મોટાં મંદિરો છે તે આજથી ૩૦૦-૪૦૦ વર્ષ પહેલાં જુદી રીતે પણ હશે. ત્યારે તેનાં નામો પણ કદાચ જુદાં હશે. આપણા ઇતિહાસમાં તે રીતે મળે પણ છે.

* છેલ્લાં સેંકડો વર્ષથી આજે પગથિયાં પથ્થરોનું ઘડતર કરીને પદ્ધતિસર બનાવવામાં આવ્યાં તેવાં તે વખતે ન હતાં, ત્યારે તો પહાડનાં પથ્થરો તોડીને થોડું ઘણું ઘડતર કરીને નાના-મોટા ટુકડાઓ ગોઠવી રસ્તો બનાવેલો હતો, પણ થોડાં વરસોમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ પથ્થરનાં તદ્દન નવાં પગથિયાં સુવ્યવસ્થિત રીતે બેસાડીને પહાડને વધુ રમણીય બનાવ્યો છે.

* પાલીતાણાની અધિષ્ઠાયિકા તરીકે જાગૃતજ્યોતિ શ્રી ચક્રેશ્વરી માતાજી છે. જે દાદાની ટૂંકમાં પ્રવેશ કરતાં ડાબી બાજુએ નીચાણમાં બિરાજેલા છે.

* પાલીતાણામાં ગિરિરાજ ઉપર લોકો બોધ પામે એવી પ્રેરણાપ્રદ ચિત્રરચનાઓ કરવામાં આવતી નથી. તેનું એક પ્રબળ કારણ ઉપર જોરદાર થતી વર્ષા, સખત ગરમી વગેરે કારણે ૨૦-૨૫ વરસને અન્તે બગડવા માંડે છે. એનો સચોટ ઉપાય શોધવો રહ્યો !

* * *

**પ્રશ્ન :**—ચોમાસામાં પાલીતાણાની યાત્રા માત્ર હિંસાના જ કારણો દર્શાવીને બંધ રાખવામાં આવે છે તો પછી આસો સુદિ પૂનમે ચોમાસામાં જ ગિરિરાજ ઉપર વીસ ક્રોડ મુનિ મોક્ષે ગયા તથા પ્રતિષ્ઠા કર્યાના ઉલ્લેખો આવે છે તેનું શું ?

**ઉત્તર :**—આનો જવાબ આપવાનું સ્થાન આ પુસ્તક નથી એટલે તેની ચર્ચા-વિચારણા અહીં મુલતવી રાખી છે.

**પ્રશ્ન :**—અભિષેકના પ્રસંગે છાપાઓમાં એવા ઉલ્લેખો આવતા હતા

કે પહાડના અભિષેક ૪૦૦ વર્ષ પહેલાં થયા હતા. કોઈકે લખ્યું કે ૧૦૦૦ વર્ષ પહેલા થયા હતા. કોઈકે લખ્યું કે એથી પહેલાં ૧૫૦૦ વરસ ઉપર થયા હતા, તો વળી કોઈકે લખ્યું કે ૧૯૦૦ વર્ષ પહેલા થયા હતા. લખનાર ક્યા ગ્રંથના આધારે લખે છે તે જણાવ્યું નથી તો સાચું શું ?

**ઉત્તર :**—છાપામાં આ ઉલ્લેખ જેને જેને કર્યા તેઓએ ગ્રંથનો આધાર આપ્યો નથી અને અમારા વાંચવામાં પણ આવ્યું નથી, એટલે આને એક ભક્તિજન્ય કલ્પના કહી શકાય.

બીજું પહાડના અભિષેક કદી થઈ શકતા જ નથી તે હકીકત છે. કેમકે પહાડ ધૂળથી ભરેલો હોય. જ્યાં પાણી નાંખો ત્યાં પાણી ચુસાઈ જાય. પછી અભિષેક રહ્યો ક્યાં ?

અભિષેક તેને કહેવાય કે એ અભિષેકના પાણી વડે બધો ભાગ ધોવાઈ સ્વચ્છ થઈ જાય, પણ તે બનતું નથી. પણ અહીં તો પાણીને જવાનું જ નથી હોતું પછી શુદ્ધિકરણની વાતનો પાયો જ ક્યાં રહે !

*　　　　*　　　　*

* અભિષેકનો જે મહાઉત્સવ ઉજવાઈ ગયો એ બાબતમાં અને શત્રુંજયની બાબતમાં પણ ઘણાંને ઘણી માહિતી જાણવાની કે ખુલાસા મેળવવાની જિજ્ઞાસા હોય તે સ્વાભાવિક છે પણ આ પુસ્તક જુદા પ્રકારનું છે. તેનું વર્ણન કે ખુલાસા કરવાનું આ સ્થાન નથી. આ માટે તો સમગ્ર ઉત્સવને આવરી લેતો સં. ૨૦૪૯ કે ૫૦માં મુંબઈથી (સ્મૃતિ) અંક બહાર પાડવાની જાહેરાત થઈ છે તે બહાર પડશે ત્યારે તેમાંથી ઘણી ઘણી વિગતો વાચકોને જાણવા મળી રહેશે.

**સમાપ્ત**

# છુટી છવાઈ સામાન્ય વિચારણા

હજારો--લોકો જ્યાં આવતા હોય એવા સુપ્રસિદ્ધ શત્રુંજય તીર્થ ઉપર કલાત્મક આયોજનો કે પ્રસંગોને રજૂ કરી યાત્રિકો, પ્રવાસીઓ માટે બોધક, પ્રેરક, ત્યાગ, વૈરાગ્ય, ભાવોત્પાદક કોઈ રચનાઓ હોવી જરૂરી છે એવું લાગે. જૈન યાત્રિકો જે આવે છે તેમના માટે તો દર્શન, પૂજન, ભક્તિ, ધ્યાન વગેરે પર્યાપ્ત છે, અને મુખ્ય આરાધના એ જ છે પણ જૈન યુવાનો, બાળકો અને અજૈનો માટે તે પર્યાપ્ત–પૂરતું નથી. તેઓને કંઈક વધારે જોવા–જાણવાનું અને શીખવાનું મળે તો તેને વધારે આનંદ થાય તેમજ એમાંથી થોડો બોધ–પ્રેરણા પણ મેળવી શકે.

આ માટે વાઘણપોળમાં પેઠા પછી શાંતિનાથ ભગવાનની નજીકમાં ઓટલો છે ત્યાં, તે પછી હાથીપોળના દરવાજાની બાજુના ખૂણામાં ખાલી પડેલી જગ્યા છે ત્યાં કંઈક આકર્ષક દશ્યો ઊભા થઈ શકે. આ માટે પેઢી સંમત થાય કે કેમ ? એ પ્રશ્ન ઊભો રાખીને મેં મારી મેળે મનોમન વિચારણા ચલાવી. સાથે સાથે એ પણ વિચારવાનું હતું કે રચનાઓ કયા માધ્યમ ઉપર કરવી ? લાકડાં ઉપર, બોર્ડ ઉપર કે પથ્થર ઉપર ? વગેરે વિભિન્ન માધ્યમો વિચાર્યાં. તેની સાથે સાથે આ પહાડ ઉપરનો ભાગ છે અને તેના ઉપર આ કામ લેવાનું છે. પહાડ ઉપર વરસાદનુ પ્રમાણ ઘણું વધારે હોય. ભેજવાળું હવામાન પણ જોરદાર હોય. ગરમીની ઋતુમાં વધુ પડતી ગરમી હોય છે તો તેની પ્રતિકૂળ અસરો લાંબા ગાળે આ ચિત્રકામ ઉપર પડયા સિવાય રહે નહીં.

૧. મારું પોતાનું જે કંઈ જાણપણું કે અનુભવો હતા એને પણ મારી વિચારણામાં સામેલ કર્યા ત્યારે લાગ્યું કે પુંડરીકસ્વામીજીના દેરાસરની અંદર ભીંતો ઉપર આજથી પ્રાયઃ ૭૦ વર્ષ ઉપર રાધનપુરના ધર્મશ્રદ્ધાળુ ( પ્રાયઃ ) ભાવિક કશલચંદ શેઠની દેખરેખ નીચે શ્રેષ્ઠ કારીગરો પાસે બહુ જ સુંદર પેઈન્ટીંગ કામ કરાવ્યું હતું. આ કામ આરસ ઉપર રંગથી કરાવ્યું હતું. આ કામ થયા પછી વિ. સં. ૧૯૮૫માં પૂજ્ય ગુરુદેવો સાથે મારે

પાલીતાણા રણશી દેવરાજની ધર્મશાળામાં રહેવાનું થતાં નવ્વાણું યાત્રા કરી ત્યારે મારી ઉમ્મર ૧૫ વર્ષની હતી. એ વખતે હું ઉપર જતો ત્યારે આ ચિત્રોનું અવરનવર નિરીક્ષણ કર્યા કરતો હતો. સામાન્ય એવો ખ્યાલ મને હતો કે આરસ ઉપર કામ કરવું હોય તો અમુક પ્રોસેસ કરેલા આરસ ઉપર જ થાય. તો આરસની સપાટી રંગ પકડે, અને એના ઉપર રંગકામ થાય તો ખૂબ સુંદર મુલાયમ લાગે, પણ ત્યારે મને એ પણ વિચાર આવેલો કે લીસ્સો આરસ કલરને કેટલો વખત પકડી રાખશે ? તે સમયે મને આવી બાબત ઉપરની સમજ બહુ થોડી હતી. જો કે કલાકારોએ આરસ ઉપર ઓઈલ કલર લાંબો વખત ટકે એ રીતે બુદ્ધિપૂર્વક આયોજન કરીને પ્રિન્ટીંગ કર્યું હતું, એટલે ઘણાં લાંબાં વરસો સુધી ટક્યું પણ છેવટે ઊંચા સ્થાનમાં વરસાદ, ભેજ, ગરમી અને ચિત્રોને લાગુ પડેલી વૃદ્ધાવસ્થા, આ બધા કારણે ચિત્રો ઉપર પડતી રહેલી અસરોના કારણે એ ચિત્રોમાં પ્રાય: ૫૦ વર્ષ પછી પોપડીઓ વળવા માંડી, ચિકાશ ચાલી ગઈ અને આરસ ઉપરથી તે ખરવા માંડી. આખરે ઘણા પરિશ્રમને અંતે થયેલું એ અતિ સુંદર ચિત્રકામ કાઢી નાંખવું પડયું.

અલબત્ત આ વૈજ્ઞાનિક યુગમાં આરસ ઉપર કામ કરવાની નવી ટેકનીક નીકળી હોય તે સંભવ છે. ગિરિરાજ ઉપર હવા, પાણી અને ગરમીની છીંક ઝીલી શકે એવું માધ્યમ કોઈપણ હોય તો ફક્ત એક આરસ છે, પણ એકલા આરસની કલર વિનાની આકૃતિઓ કે રચનાઓ બહુ જોવી ન ગમે, તેનું એવું આકર્ષણ ન રહે. આરસ ઉપર કલર કરો તો જ વસ્તુના મૂલભૂત ભાવો પ્રગટ દેખાય. એનો અર્થ એ કે પબ્લિક–જનતા માટે કોઈપણ માધ્યમ ઉપર કામ કરો પરંતુ આછા લાઈટ કલર કર્યા વિના કદી ચાલે નહીં અને રંગનો આશરો લો તો ૪૦–૫૦ વર્ષે તે બગડયા સિવાય રહે નહીં.

જો કે ઘણાં એમ પણ કહે કે એટલાં વર્ષ ટકે તો ય તે ઘણું છે. ૪૦–૫૦ વર્ષ પછી ફરી રંગ કામ કરાવશું, પણ આપણને એમ થાય કે ઓછામાં ઓછું ૧૦૦ વર્ષ કામ ટકે એવું જ કામ પહાડ ઉપર કરાવવું

જોઈએ. ધરતી ઉપર બીજીવાર કરાવવામાં વાંધો નહીં પણ પહાડ ઉપર કરાવવાનું કામ અનેક કારણોસર બહુ મુશ્કેલીભર્યું છે. ઊંડી વિચારણાને અંતે થયું કે કલાની દૃષ્ટિએ ફક્ત પથ્થર ઉપર કોતરણીકામનો નમૂનો કરાવી શકાય. કલરકામ મંદિર રંગવા પૂરતું બરાબર છે પણ રૂપકામમાં બરાબર નહીં.

મારી ભાવના જૈનો ઉપરાંત અજૈનો કે પરદેશીઓ આવે, અને એ લોકો તીર્થંકરોના તપ-ત્યાગ-વૈરાગ્યને લગતા પ્રસંગો જોઈને કંઈક પ્રેરણા મેળવે અને કંઈક પામી જાય તો આવનારને એમ લાગે કે અમે એક મહાન તીર્થમાં આવ્યા અને અમને કંઈક આધ્યાત્મિક લાભ થયો, પરંતુ મારા મનમાં ઊભા થયેલા ઉપરોક્ત મનોરથો પ્રતિકૂળ સંયોગવશ મનમાં જ શમાવી લેવા પડયા.

૨. તે પછી બીજો પ્રસંગ વિચારવાનો એ બન્યો કે વાઘણપોળમાં પેઠા પછી શ્રી શાંતિનાથ ભગવાનની બાજુમાં જ ચક્રેશ્વરીના મથાળે જ બનાવેલું અને વાઘણપોળથી દાદાની ટૂંક તરફ ચાલતા શિખરબંધી બેઠા ઘાટનું એક મંદિર છે. જે નેમિનાથજીની ચોરીના નામથી જાણીતું છે. ૩૩ વર્ષ પહેલાં એ મંદિર મેં જોયેલું ત્યારે એ અંગે વિશેષ વિચાર કરવાની અભ્યાસકાળમાં તક ન હતી. પરંતુ મુંબઈથી સં. ૨૦૩૩માં પાલીતાણા આવ્યા બાદ મેં આ મંદિરનું બરાબર નિરીક્ષણ કર્યું હતું. ત્યારે મને થયું કે ગિરિરાજ ઉપર દાદાની ટૂંકમાં શિલ્પકલા, સ્થાપત્ય રજૂઆતની દૃષ્ટિએ ત્રણ દહેરાસરો જોવાલાયક છે. એમાં ફક્ત એક જ દહેરાસર ગોઠવણીની દૃષ્ટિએ અપીલ કરી ગયું અને તે દહેરાસર હતું નેમનાથ ભગવાનની ચોરીનું. આ ચોરીનું દહેરાસર જ્યારે બાંધવાનું નક્કી કર્યું હશે ત્યારે એટલા ભાગની પહાડની ભૂમિ ઊંચી નીચી જે રીતે હતી એ ભૂમિને એવી ને એવી જ રીતે જાળવી રાખીને શિલ્પીએ સમથળ-સરખી કરીને દહેરાસર બાંધવાનું આયોજન કર્યું છે. ઉપરના ભાગમાં મંદિર બાંધ્યું અને પાછળના ભાગમાં પહાડના નીચલા ભાગમાં શિલ્પીએ ચોરી વગેરેને લગતું બાંધકામ કર્યું, એટલે બાંધકામની દૃષ્ટિએ બુદ્ધિપૂર્વકનું પ્લાનીંગ તે વખતના શિલ્પીએ કરેલું. આ

મંદિરના પથ્થરના ઘુમ્મટમાં જૈન-અજૈન પ્રસંગોનાં ઉપસાવેલાં ચિત્રો સુંદર કંડાર્યાં છે. આવનારા જોઈ ને ખુશ થાય-મુગ્ધ થાય તેવું આ મંદિર છે.

પણ મોટી દુઃખ-ખેદની વાત એ છે કે દહેરાસરમાં દાખલ થવાનો દરવાજો મંદિરની રચનાની પરિસ્થિતિ તથા શિલ્પશાસ્ત્રની બાંધકામની ગણતરીના હિસાબે બહુ નાનો બનાવવો પડયો છે. લંબાઈમાં અને પહોળાઈમાં પણ નાનો છે. એટલે ખરી રીતે દરવાજો લાગે નહિ બારણું કહેવાય. જોનારને બહારથી તો ખબર જ પડે તેમ નથી કે આ મંદિરની અંદર જોવા જેવું કંઈક છે. એ દરવાજો મોટો અને ભવ્ય થાય તો જ યાત્રિકોનું ધ્યાન ખેંચાય તો જરૂર દર્શન કર્યા વિના ન રહે. આ માટે મેં બીજી વખત જઈ ને મોટા દરવાજાની શક્યતા છે કે નહિ તે વિચારેલું, પરંતુ સ્થાપત્યનું બાંધકામ એવી જાતનું છે કે દરવાજો મોટો થાય એવી સ્થિતિ જ ન હતી. એમ છતાં આણંદજી કલ્યાણજીની પેઢીની વરસોથી અવિરત સેવા આપી રહેલા, જૈનસમાજ માટે ખૂબ ગૌરવ લેવા જેવા, તીર્થોની અથાગ સેવા કરી રહેલા, સુશ્રાદ્ધરત્ન શ્રી શ્રેણીકભાઈ પાસે આ વાત રજૂ કરી. પેઢીના ખૂબ વિદ્વાન અનુભવી શિલ્પી શ્રી અમૃતભાઈ જોડે પણ વાત કરી, તે પછી અમદાવાદ પેઢીની ઓફીસમાં પણ આ વાતના વિચાર-વિનિમયો થયા. પરંતુ દરવાજો મોટો થાય તેવી શક્યતા ન હતી એટલે આગલા ભાગમાં નવો કમાન જેવો દરવાજો મૂકાય અને જાહેરાત મૂકાય તે એક જ માર્ગ રહ્યો છે, પણ એ થાય ત્યારે ખરૂં !

૩. બીજો રસ્તો એવો વિચાર્યો કે શાંતિનાથ ભગવાનના રંગમંડપમાંથી બહાર જે ચોકી છે, તે ચોકીનો કઠેડો અત્યારે જે છે તે તોડી નાંખવો અને ત્યાંથી જવા માટે કઠેડાવાળો પુલ બનાવી સામેના દહેરાસરમાં જોઈન કરી લેવો. જો પેઢી અને શિલ્પી વગેરે સહમત થાય અને આ રસ્તો નીકળી શકે તો બહુ જ મહત્ત્વનું કામ થઈ જાય. કેમકે લોકો સીધા જ શ્રી શાંતિનાથ ભગવાનનાં દર્શન કરી શ્રી નેમનાથ ભગવાનના દહેરાસરમાં જાય અને હજારો લોકો આ બુદ્ધિપૂર્વકની કરેલી રચનાનો-શિલ્પકલાનો આનંદ માની શકે. આ

વાત પુનઃ શ્રી શ્રેણીકભાઈ અને શિલ્પીઓ જોડે ચર્ચી. પછી ઉપર વધુ તપાસ કરી ત્યારે શાંતિનાથ ભગવાનના રંગમંડપમાંથી નેમનાથના ચોકમાં જતાં સામેના ભાગે દહેરાસરની નીચે અંબિકા, પદ્‌માવતી વગેરે દેવીઓ પધરાવેલી છે એટલે ઉપર ચાલતા યાત્રિકોના પગ આવે તો અવિનય–આશાતના થાય. વળી ઉપર રહેલી એક-બે મૂર્તિઓ ફેરવવી પડે એટલે એનું સ્થાનાંતર શકય હોય તો જ રસ્તો નીકળે.

નેમનાથના ચોરીના દહેરાસરની આગળ લોકોની નજરમાં આવે એવું કંઈક કરવાનું હતું. તેને ૧૦–૧૨ વર્ષ વીતી ગયાં છતાં થયું નથી એટલે ટ્રસ્ટીઓ કે શિલ્પીઓએ કદાચ આ વાત માંડી વાળી હોય !

ઉપરની વાતથી એવું ન સમજવું કે પાલીતાણામાં ગિરિરાજ ઉપર રંગકામ થાય જ નહીં. રંગમંડપની અંદર સીધેસીધા હવાના ઝપાટાં કે ગરમીનાં મોજાં જલદી લાગે તેમ ન હોય તો અંદરની જગ્યાએ અને સીમેન્ટની સપાટી હોય તે ઉપર કામ કરવામાં વાંધો નથી. એ કામ લાંબાં વરસો સુધી ટકી રહેવા માટે સક્ષમ રહે છે. અને ઉપર અનેક મંદિરોમાં જૂની પદ્ધતિ અને ગ્રામીણ રંગકલા મુજબનાં કામ થયેલાં છે જ, તે આજે વિદ્યમાન પણ છે.

## ચાલતા રસ્તે કંઈ કરી શકાય ખરૂં ?

૪. નીચેથી લઈને ઠેઠ રામપોળ સુધી કેટલાય ભાગ્યશાળીઓની ભાવના ચાલુ રોડ ઉપર વિસામા બાંધવા અને વૃક્ષો–વેલોથી શણગારવા તેમજ દરેક વિસામે ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ત્રણેય ભાષામાં બોધક બોર્ડ મૂકવાં. જોવા જેવાં ચિત્રોનું પણ વચમાં વચમાં આયોજન કરવું. લાખો રૂપિયાનો ખર્ચ થાય તો પણ ખરચનારને વાંધો ન હતો પણ મેં એમને શાંતિથી સમજાવીને વાત કરી કે પાલીતાણાના પહાડ ઉપર મોટા પાયા ઉપર કરેલું આટલું બધું ભવ્ય આકર્ષક આયોજન બે–પાંચ વર્ષમાં ખતમ થઈ જશે. જંગલની ખુલ્લી જગ્યામાં આવાં આયોજનો કુદરતની આફતો સામે ટકી શકે નહિ, અને આ કાળમાં પહાડ ઉપર બકરાં–ગાયો ચરાવવા આવનારા અભણ અને અજ્ઞાન

લોકો આ બધું રહેવા દેશે નહિ. માણસની મનોવૃત્તિ એટલી બધી બગડી ગઈ છે કે લોખંડ કે લાકડું બધું જ રાતોરાત ઘર ભેગું કરી દે. કરેલાં આયોજનો જોતજોતામાં નજર સામે દફન થઈ જશે, કેટલુંક કરેલું થઈ પણ ગયું. આ કારણે એ વાત પડતી મૂકવામાં આવી.

ઉપરની વાત લખવાનું કારણ એ છે કે હજુ પૈસા ખરચવાની ભાવનાવાળા લોકો પાલીતાણા આવીને મને કલાત્મક આકર્ષક દષ્ટિએ અને રસ્તામાં પ્રેરણા મળે તેવાં આયોજનો કરવાની અવરનવર જાતજાતની વાતો રજૂ કરે છે પણ ઉપરની વાત વાંચીને તેઓને આ બાબતમાં સંતોષ થાય તે માટે ખુલાસો કર્યો છે.


બીજી વાત જણાવું કે—સામાન્ય નિયમ પથ્થરનાં મંદિરો માટે એવો છે કે પથ્થરનાં બાંધેલાં મંદિરો ઉપર કામ કરવાનું હોતું નથી. રંગ કરવો તે ઉચિત ગણાતું નથી. બહુ બહુ તો જે કલરનો પથ્થર હોય તે જ કલરનું આછું પડ પથ્થરનો ઘસારો રોકવા માટે ચઢાવી દેવું જોઈએ.


એક મારા અનુભવની વાત કહું કે, જમીન ઉપરનાં મંદિરોને કલર ન કરાવો તો ચાલે, કારણ જેથી શિલ્પ—સ્થાપત્યનું ગૌરવ જળવાઈ રહે. છતાં ધરતી ઉપરના મંદિરોની વાત બાજુએ રાખીએ પણ પહાડ ઉપરના મંદિરોમાં વપરાએલાં પોરબંદર કે ધ્રાંગધ્રા જેવા પથ્થરોને હવાની જોરદાર ઝાપટોના કારણે ઘસારો પહોંચે છે. મેં ગિરનાર ઉપર સં. ૨૦૩૪માં નમિનાથજીના ગર્ભગૃહનાં શિખરના, બહારની ભમતીના ભાગમાં રૂપકામો ઠીક ઠીક પ્રમાણમાં ઘસાયેલાં જોયાં છે. તો આવા સ્થાનોમાં પથ્થરને લગતાં રંગનું પડ ચઢાવ્યું હોય તો ઘસારો જલદી ન પહોંચે. આ બાબતમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ટ્રસ્ટીઓએ જાતે નિરીક્ષણ કરી ખાત્રી કરી ઘટતું કરવા વિચારવું રહ્યું, જેથી શિલ્પોની સુરક્ષા બની રહે.

૫. ગિરિરાજ ઉપર આણંદજી કલ્યાણજીની પેઢીથી આગળ જતાં રામપોળનો નવો દરવાજો આવે છે. અને ત્યારપછી હાથીપોળમાં જવાનો નવો દરવાજો આવે છે. શત્રુંજય પહાડની આ ટેકરી ઉપર જે મંદિરો

બંધાવ્યાં છે તે આ બંને પોળની અંદર સમાઈ જાય છે. તેમાં પ્રથમ રામપોળમાં કેટલીક નાની નાની દેરીઓ વગેરેનું બાંધકામ કરવામાં આવ્યું છે તે બધું વ્યવસ્થિત રીતે બાંધવામાં આવ્યું નથી. જેમને જ્યાં જગ્યા યોગ્ય લાગી ત્યાં શ્રાવકોએ પોતપોતાની દેરીઓ ભક્તિભાવથી બંધાવી છે

રામપોળની જગ્યામાં હજાર-બે હજાર વરસનાં ઇતિહાસમાં મંદિરોનાં સર્જન-વિસર્જનની પ્રક્રિયા પણ ચાલુ રહી છે. કારણકે દરેક વસ્તુનો ભક્ષક કાળ કહ્યો છે એટલે કાળાંતરે નવાં-પુરાણાંની પ્રક્રિયા થયા જ કરવાની. પરંતુ માનવજાતમાં મૂર્તિ મંદિરોના ધર્મદ્વેષને કારણે તોડવાનું કાર્ય મોટા ભાગે ઈસ્લામી મોગલોએ-સુલતાનોએ કર્યું છે ત્યાં પુન: તેથી ઘણાં નાનાં-મોટાં મંદિરો બાંધવામાં આવ્યાં છે. વાઘણપોળમાં જે મંદિરો છે તે મોટાભાગના હજારેક વર્ષની અંદર જુદા જુદા સમયે બંધાતાં રહ્યાં છે. એ સ્થળનાં નામ પણ તે તે કાળે જુદા જુદા અપાતાં રહ્યાં છે, એમ જાણવા મલ્યું છે.







મહાતીર્થ પાલીતાણા.